# વિભાગ ૪

# ગદ્યલેખક તરીકે 'સાગર'

પ્ર-૧ પત્રલેખક તરીકે 'સાગર'
પ્ર-૨ સંપાદક, સંશોધક અને વિવેચક
તરીકે 'સાગર'
પ્ર-૩ 'સાગર'નું અન્ય ગદ્ય સાહિત્ય

# પ્રકરણ ૧

# પત્રલેખક તરીકે 'સાગર'

Vibhag-4
Chap-1

## વિભાગ ૪

## ગદ્યલેખક તરીકે 'સાગર'

### પ્રકરણ ૧ : પત્રલેખક તરીકે 'સાગર'

## વિભાગ ૪

## ગદ્યલેખક તરીકે 'સાગર'

### પ્રકરણ ૧ : પત્રલેખક તરીકે 'સાગર'

'સાગર'નું વિપુલ ગદ્યસર્જન – તાત્ત્વિક અન્વેષણાના ચિન્તનાત્મક ગદ્ય લેખો, સમાજસુધારણા અંગેના ગંભીર – હળવા નિબંધો, તંત્રીલેખો, વિવેચનલેખો, વિશિષ્ટ ભાવના રજૂ કરતા સંવાદો, અનુવાદો, ધાર્મિક દૃષ્ટિથી લખાયેલી બોધાત્મક વાર્તાઓ, હિમાચલપ્રવાસ દરમિયાન લખાયેલી અંગત ડાયરી અને ૭૨ વ્યક્તિઓ પર લખાયેલા ૨૭૧ પત્રોનો દળદાર ગ્રન્થ "સાગર" ની પત્રરેખા" ઉપર દૃષ્ટિપાત કરતાં સ્પષ્ટ થાય છે કે ગુજરાતી ગદ્યસાહિત્યના વિભિન્ન પ્રકારોમાં 'સાગર'નું મૌલિક સર્જન ગણનાપાત્ર છે.

વિશેષતઃ ગદ્યલેખક તરીકે 'સાગર'નું મૂલ્યાંકન કરતાં તેમનું ગદ્ય સાહિત્ય ચાર મુખ્ય પ્રકારોમાં વહેંચી શકાય.

: ૧ : 'સાગર'ની પત્રરેખા : ૨ : 'સાગર'ના સંવાદો
: ૩ : 'સાગર'ના વિવેચનાત્મક લેખો અને
: ૪ : 'સાગર'ની ડાયરી.

સૌપ્રથમ આપણે "'સાગર'ની પત્રરેખા" ની સમીક્ષા કરી પત્રસાહિત્યમાં એમણે કરેલું પ્રદાન તપાસીએ.

કવિ, તત્ત્વચિંતક અને ગદ્યલેખક – એમ ત્રિવિધ દૃષ્ટિએ 'સાગર'નું દર્શન કરવું હોય – 'સાગર'ના વ્યક્તિત્વનો જીવંત સ્પર્શ અનુભવવો હોય તો તે માટે "'સાગર'ની પત્રરેખા" પર્યાપ્ત ગ્રંથ છે.

ગદ્યલેખક તરીકે અધ્યાત્મચિન્તનાત્મક લેખો, સમાજ સુધારણા, કેળવણી અને અન્ય વિષયો પરના લેખો, નિબંધો, નાટયાત્મક સંઘર્ષયુક્ત આદર્શ ભાવના રજૂ કરતા સંવાદો, વિવેચનલેખો તેમજ તંત્રીલેખો – એમ ભિન્ન ભિન્ન ગદ્ય પ્રકારોમાં સાગર નું ખેડાણ હોવા છતાં સવિશેષ તો "'સાગર'ની પત્રરેખા" દ્વારા જ અર્વાચીન ચિન્તનાત્મક ગદ્યકાર તરીકેનો યશ તે પ્રાપ્ત કરી શકયા છે.

## 'સાગર'ની પત્રરેખા : મૂલ્યાંકન

સાહિત્યના વિભિન્ન સ્વરૂપોમાં પત્રલેખન માટે કોઇ ચોક્કસ સ્વરૂપ – આકાર કે ઐતિહાસિક પરંપરા અંગે કશું જ કહી શકાય નહિ, એટલે સ્વાભાવિક રીતે આગવી, મૌલિક શક્તિ માગી લેતી પત્રલેખનની કળા ઉપર કોની કેટલી અસર પડી તે પણ નિશ્ચિત રીતે દર્શાવી શકાય નહિ. આ સંદર્ભમાં વિચારીએ તો 'ગુજરાતી સાહિત્યમાં પત્રલેખનનો પ્રારંભ કયારથી થયો'? એવો પ્રશ્ન પણ કદાચ ઉચિત ગણાય નહીં. ગુજરાતી સાહિત્યમાં પત્રલેખનની કલાદ્રષ્ટિએ વિચારતાં 'કલાપી' નો "સ્વીડનબોર્ગનો ધર્મવિચાર તેમજ 'કાન્ત'નું "સિધ્ધાંત સાર" નું અવલોકન, એ સ્વતંત્ર પુસ્તકો પત્રના રૂપમાં લખાયેલાં હોવાથી નોંધપાત્ર ગણાવી શકાય.

પત્રલેખનનો ગુજરાતી સાહિત્યમાં સ્વતંત્ર પ્રકાર તરીકે કાન્તે પ્રારંભ કર્યો. ઐતિહાસિક દ્રષ્ટિએ 'કાન્ત' પહેલાં બીજા કોઇએ સાહિત્યિક દ્રષ્ટિ રાખીને પત્રો લખ્યા નથી. પરંતુ જીવનનાં સામાન્ય વ્યવહારમાં પણ લખાતાં પત્રોમાં કવચિત કલાત્મક અંશોનું દર્શન થાય છે; એ સ્વીકારીએ તો

૩

પત્રલેખનમાં ઐતિહાસિક પ્રણાલિકા દર્શાવવી યોગ્ય નથી. પત્રલેખનની કલાનો આધાર મુખ્યત્વે પત્રલેખકના વ્યકિતત્વ ઉપર છે. એટલે પત્રલેખકના વ્યકિતત્વના વિશિષ્ટ ગુણોની છાપ પત્ર-લેખનમાં ઉપસી આવે એ પણ સ્વાભાવિક છે. પત્રલેખકનાં ઊર્મિ, વિચાર, ભાષા, ઉપરાંત લેખકના સ્પષ્ટ, વિશુધ્ધ, સત્યનિષ્ઠ અને પ્રામાણિક વ્યકિતત્વ પર પત્રલેખનની કલા નિર્ભર છે. જેટલી લેખકની સત્યનિષ્ઠા વધારે, જેટલું વ્યકિતત્વ વિશુધ્ધ, બાહ્ય આડંબર વિનાનું, તેટલીજ પત્રલેખનમાં જીવંતતા અને તાઝગી. પત્રની અંતર-બાહ્ય સમૃધ્ધિનો આધાર સવિશેષ જેના ઉપર પત્ર લખાયો હોય તેની સાથે પત્રલેખકે કેટલી હૃદયની નિકટતા સાધી છે તેના પર રહે છે. વિચારોની નિર્ભિક તેમજ સ્પષ્ટ અભિવ્યકિત અને પ્રવાહી, પ્રાસાદિક ગધશૈલી પણ પત્રલેખનની કલાના ઘટક અંશો છે.

ડૉ. ઇન્દ્રવદન કા. દવે "'કલાપી' એક અધ્યયન"-ના મહાનિબંધમાં "કલાપી"ની પત્રધારા"ની ચર્ચા કરતાં પત્રલેખકના ત્રણ વિશિષ્ટ ગુણો નીચે પ્રમાણે દર્શાવે છે.

"વ્યકિતત્વનું વૈશિષ્ઠય, ભાષાનો પ્રસાદ અને કલાદષ્ટિ એ ત્રણ તત્વો પત્ર લખનારમાં હોય તો બીજા કશાની જરૂર નહિ".[1]

"સાગર"-ની પત્રરેખા" "કલાપી'-ની પત્રધારા" કે બળુભાઇ પુરાણીના "પથિક' ના પત્રો" અને પાગલ પરમાનંદના પત્રો જેવા ઉચ્ચ કલાના મૌલિક ચિન્તન-પ્રધાન પત્રોની માફક અર્વાચીન

---

૧. 'કલાપી': એક અધ્યયન: : અપ્રસિધ્ધ મહા-નિબંધ : ડૉ. ઇન્દ્રવદન કા. દવે - પૃ. ૩૯૧

ચિન્તનાત્મક પત્રસાહિત્યમાં પ્રશસ્ય ઉમેરો છે.

ઇ.સ. ૧૯૦૭ – ઇ.સ. ૧૯૩૬ સુધી ૨૯ વર્ષ દરમ્યાન 'સાગર'ના સાહિત્યકાર મિત્રો, સન્યાસી મિત્રો, મુમુક્ષુઓ તેમજ સગાં – સંબંધીઓમાંથી ૭૨ વ્યક્તિઓ પર લખાયેલા ૨૬૧ પત્રો "'સાગર'ની પત્રરેષા"માં ગ્રન્થસ્થ કરવામાં આવ્યા છે. "'સાગર'ની પત્રરેષા"નું સંપાદન શ્રી ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા અને ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ કર્યું છે. ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ પ્રસ્તાવનામાં "'સાગર'ની પત્રરેષા"માં પ્રગટ કરેલા પત્રોની પસંદગીનું ધોરણ આ પ્રમાણે દર્શાવ્યું છે. "ગુજરાતના સાહિત્યના ઇતિહાસની દ્રષ્ટિએ, આધ્યાત્મિક ઉદ્બોધનની દ્રષ્ટિએ, સમાજસુધારણાની દ્રષ્ટિએ અને કવચિત પ્રસંગની મહત્તા કે ઉપયોગીતાની દ્રષ્ટિએ વિશિષ્ટ હોય એવા પત્રોને આ પુસ્તકમાં સ્થાન આપવામાં આવ્યું છે અને એ રીતે જ પત્રોની પસંદગી કરી છે. પત્રોની પસંદગીનો ક્રમ સાલવારી પ્રમાણે ઐતિહાસિક ન રાખતાં કક્કાવારી પ્રમાણે નામવાર રાખ્યો છે. 'પત્રરેષામાં' આવતી પ્રત્યેક વ્યક્તિનું ટૂંકું ઓળખાણ અને 'સાગર' સાથેનો એમનો સંબંધ દર્શાવતી પરિચયનોંધ પ્રત્યેક વ્યક્તિ ઉપર શરૂ થતા પત્રની ઉપર જ આપવામાં આવી છે".

અર્વાચીન ચિન્તનાત્મક ગદ્યમાં 'સાગર'નું મહત્ત્વનું સ્થાન નિર્ણીત કરતી "'સાગર' ની પત્રરેષા"નું આધ્યાત્મિક મૂલ્ય સમજાવતી શ્રી ગોકુળદાસ રાયચુરાની પત્રરેષાના આ ઢિવચનમાંની નીચેની પંક્તિઓ પણ અહીં નોંધવી જોઇએ :

---

૨. "'સાગર'ની પત્રરેષા", પ્રસ્તાવના, પૃ. ૯

ગુજરાતી પત્રસાહિત્યમાં ભાત પાડે તેવું પત્રસાહિત્ય આ પુસ્તક ધ્વારા ગુજરાતને મળે છે એ ગુજરાતનું પરમ સદ્ભાગ્ય છે. છેલ્લા પચાસ વર્ષમાં ગુજરાતીઓ એ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ કેવી અને કેટલી વિચારણા કરી છે એનું નવનીત આ પુસ્તક ધ્વારા ગુજરાત - મહા ગુજરાત મેળવશે. સર્વ પત્રોને અભ્યાસકની દૃષ્ટિએ જોયા છે અને એને પરિણામે કહી શકું છું કે 'સાગર' મહારાજના આ પત્રોનું ભારતવર્ષની રાષ્ટ્રભાષા હિંદીમાં ભાષાંતર કરવા આપણા વિદ્વાનો જરૂર પ્રેરાશે".[3]

જાણીતા વિવેચક શ્રી વિજયરાય વૈદ્યે "ગત શતકનું સાહિત્ય"માં "સાગરની પત્રરેષા"નું મૂલ્યાંકન આ પ્રમાણે કર્યું છે :

"ગુજરાતના ગ્રન્થસ્થ પત્ર સાહિત્યમાં 'સાગર' પત્રોનો દળદાર ગ્રન્થ "'સાગર'ની પત્રરેષા" એ તેના અન્તર્ગત ગુણોને લીધે તેમજ હસ્તમુદ્રણ યંત્રો નહોતાં ત્યારે જે ચીવટથી નકલો સચવાઇ રહી છે તે જોતાં પણ વિલક્ષણ ગણવી ઘટે. અધ્યાત્મ, સાહિત્ય પ્રવૃત્તિ અંગેનો વ્યવહાર તથા કુટુંબવાર્તા એમ ત્રણ મુખ્ય વિષયો, ૭૨ વ્યક્તિઓને એક વીશીથીય વધુ સમય લગી લખાયેલા એ અઢીસોથીય વધુ પત્રોમાં આંતરજીવનના સ્વાનુભવપૂર્વક અને માનવતા યુકત સાચદિલીથી ખુલ્લા દિલે નિરૂપાયા છે.

પૂર્વોકત વિષયોના રત્નાકર સમાન આ સરલ મધુર પત્રધારાની સૌથી મોટી ખૂબી એ છે કે તમે એ કોઇપણ પાને ઉઘાડો ત્યારે ત્યાં મનુષ્યના બાહ્યાભ્યન્તર જીવનના કોઇને

---

૩. "'સાગર'ની પત્રરેષા" : આદિવચન, પૃ. ૫

કોઇ પાસાંને અજવાળેવે સમર્થ વિચારરત્ન અગર એને પોષવે તાકાદમંદ વિચારકણ ચાતો ભાવઝરણ લાદ્યા વિના રહે નહિ. સુન્દરમે જેને નાસાગ્રતા (directness) કહી છે તે એ પત્રોની શૈલીનું મુખ્ય લક્ષણ છે. જે કળામય રચના હોય તેમાં સર્જકતાનું તત્ત્વ અધિક હોય એ સમજાય તેવું છે. એ તત્ત્વ હૃદયદ્રવ્ય સુતપ્ત બનતાં રસપ્રવાહે વહેતા 'કાન્ત'ના પત્રોમાં હતું અને હવે લઇએ તે કવિ 'સાગર' તેમના કેટલાક પત્રોમાં પણ નોંધપાત્ર અંશે છે. * * * એ આત્માનુભવી કવિ અને પત્રલેખક વિચારક પણ છે એટલે ઉચ્ચ જીવનનાં ગહન સત્યો તેમણે પત્રોમાં સ્થળે સ્થળે ઉચ્ચાર્યાં છે. * * પત્રલેખકના બહુસ્વરૂપી, ઊંડા, અનુભવનિષ્ઠ તથા વ્યવહારસિધ્ધ અધ્યાત્મ વિચારના થોડાંજ એ નમૂના * * બાકીના તેર પત્રો પણ વાંચી વિચારી આત્મસાત કરવા યોગ્ય છે. અવશ્ય".[૪]

"'સાગર' જીવન અને કવન"માં ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ સાગરના પત્રસાહિત્યનું મૂલ્યાંકન કરતાં ગદ્યસાહિત્યમાં 'સાગરે' કરેલું પ્રદાન આ પ્રમાણે દર્શાવ્યું છે. એ એમનું વિશાળ પત્રસાહિત્ય પ્રસિધ્ધ થતાં શિષ્ટ, સરળ અને પ્રાણવાન ગદ્ય લેખક તરીકે શ્રી'સાગર' નું નામ ગુજરાતી સાહિત્યમાં નિર્ણીત થશે, એમાં કશો શક નથી.[૫] આ ગદ્યસાહિત્યની પ્રસિધ્ધ ધ્વારા 'સાગર' શિષ્ટ, સરળ અને પ્રાણવાન ગદ્યના સ્રષ્ટા છે. એ પણ ગુજરાતી ગદ્યસાહિત્યના અભ્યાસીઓને આ પુસ્તકના અવગાહન ધ્વારા પ્રતીત થયા વિના રહેશે નહીં * * આ પુસ્તક

---

૪. 'ગત શતકનું સાહિત્ય' - શ્રી વિજયરાય વૈદ્ય, પૃ. ૧૭૭

૫. 'સાગર' -"જીવન અને કવન", પૃ. ૪૦૨

ગુજરાતના સર્વશ્રેષ્ઠ, શિષ્ટ અને પ્રાણવાન ગદ્યસાહિત્યમાં પોતાનો કીમતી ફાળો નોંધાવે છે એટલુંજ નહિ પણ ગુજરાતના અલ્પસંખ્ય પત્રગ્રંથોમાં પણ પ્રશસ્ય ઉમેરો કરે છે".[૬] 'સાગર'નું ઉત્તર જીવન સહૃદયી, આત્મચિંતક અને ઉચ્ચકોટિના સંત - બ્રહ્મજ્ઞાની તરીકેનું હતું. 'સાગર'નું સૂફી વેદાન્તી આત્માનુભવી સંત તરીકેનું દર્શન પણ "'સાગર'ની પત્રરેખા"ના અભ્યાસ ધ્વારા સહજ થઇ શકે છે. ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ આધ્યાત્મિક વિચારણા રજૂ કરતાં 'સાગર'ના પત્રોને અનુલક્ષીને કહયું છે કે : "તત્વજ્ઞાનની દ્રષ્ટિએ - આત્મજ્ઞાનના માર્ગના પ્રવાસીને સાંપડતા નવીન દર્શનની દ્રષ્ટિએ પણ આ ગ્રન્થ એક સહૃદયી ભોમિયાની સદ્દગુરુની ગરજ સારે છે.[૭]

ડો. કેશવલાલ ઠક્કર પોતાના મહાનિબંધમાં સંત 'સાગર'-ની કૃતિઓનું મૂલ્યાંકન આ પ્રમાણે કરે છે: In fact, his works prose as well as verse, are a faithful record of his mystic life from 'man to God' - (Mysticism in Gujarat.

A Thesis for Ph.D. by K.A. Thakkar - P.346.)

"'સાગર'ની "પત્રરેખા"માં પ્રગટ થયેલા પત્રો ખૂબ સહેલાઇથી પ્રાપ્ત થઇ શકયા તેની પાછળ 'સાગર'ની પત્રોની નકલોના સંરક્ષણની વિશિષ્ટ પધ્ધતિ, ચોકસાઇ અને વ્યવસ્થિત જાળવણી કારણભૂત હતાં. તેનો ઉલ્લેખ પણ ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ પ્રસ્તાવનામાં કર્યો છે. "'સાગર' પોતે લખેલા પત્રોની નકલ રાખતા. ઓસ્ટ્રિયન કે ઇટાલિયન બનાવટની ઝીણાં કાગળોની

---

૬. "'સાગર'ની પત્રરેખા", પ્રસ્તાવના, પૃ. ૭

૭. એજન, પૃ. ૭

પત્રરેષા (letter book) રાખતા અને કોઇપણ વ્યકિતને કોઇપણ પત્ર લખાય કે તરત જ આ પત્રરેષામાં એ પત્ર મૂકી દઇને ખૂબ દાબી દેતા જેથી નકલ માટેની ખાસ શાહી (Copying ink) થી લખાયેલા આ પત્રોની નકલ આપોઆપ પેલી પત્રરેષામાં થઇ જતી. લખેલો પત્ર જે વ્યકિત પર લખાયો હોય તેના તરફ મોકલાતો. આમ, ઇ.સ. ૧૯૧૩ થી ઇ.સ. ૧૯૩૬ સુધીના તેમણે લખેલા તમામ પત્રોની નકલો આજે પણ જુદી જુદી આઠ દશ પત્રરેષાઓમાં સરસ રીતે જળવાઇ રહી છે". ૮

## સાગર ની પત્રરેષા : વર્ગીકરણ

'સાગર'ની નૈતિક તેમજ આધ્યાત્મિક વિચારસરણી રજૂ કરતાં પત્રોમાં આધ્યાત્મિક જીવનની ઉન્નતિ માટે સાગરે કરેલા પ્રયત્નોનો ચિતાર તેમજ આત્મસાધના પૂર્વેની તેમજ તે પછીની 'સાગર'ની માનસદશાનું યથાતથ પ્રતિબિંબ - 'સાગર'ના વ્યકિતત્વનો વિકાસ પણ સ્પષ્ટ જોઇ શકાય છે. "સાગર'ની પત્રરેષા"ની સમીક્ષા કરતાં પૂર્વે ત્રણ વિભિન્ન દૃષ્ટિકોણથી વર્ગીકરણ કરવું આવશ્યક બની રહે છે.

## ૧. વ્યકિતઓની દૃષ્ટિએ વર્ગીકરણ

"'સાગર'ની પત્રરેષા"ના પત્રો મુખ્યત્વે એમના સાહિત્યકાર મિત્રો, સન્યાસી મિત્રો, મુમુક્ષુઓ અને સગાં સંબંધીઓને ઉદ્દેશીને લખાયાં છે.

### :અ: સાહિત્યકાર મિત્રો

"ગુજરાતી ગઝલિસ્તાન," "અપ્રસિધ્ધ અક્ષયવાણી" અર્થાત "અખાકૃત કાવ્યો ભાગ૨", "સંતોની વાણી," " કલાપી'નો કેકારવ"

---

૮. એજન, પૃ. ૮

તેમજ "'કલાપી'ની પત્રધારા"ની 'સાગર'ની સંપાદન અંગેની તેમજ તેમના ઐહિક, સાહિત્યિક તેમજ આધ્યાત્મિક જીવનની પ્રવૃત્તિ અંગે માર્ગદર્શન આપનાર સાહિત્યકાર મિત્રો 'કાન્ત' – શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ, શ્રી ન્હાનાલાલ દ. કવિ, શ્રી રમણભાઇ નીલકંઠ, 'લલિત' – શ્રી જન્મશંકર હ. બૂચ, આચાર્ય આનંદશંકર ધ્રુવ, દી. બ. કેશવલાલ હ. ધ્રુવ, શ્રી ચન્દ્રશંકર ન. પંડયાનો સમાવેશ થાય છે.

'કાન્ત' સાથેના પત્ર વ્યવહાર દરમિયાન સાગરે પોતાની લાક્ષણિક ઢબે પાશ્ચાત્ય વિચારક સ્વીડનબોર્ગના Christianity સંબંધીના વિચારોની તાત્ત્વિક ચર્ચા કરી છે. પ્રેમ, પ્રજ્ઞાન અને ઉપયોગ – પૂર્ણતાનો આ ક્રમ સ્વીડનબોર્ગ દર્શાવે છે. સાગરે સ્વીડનબોર્ગની વિચારસરણી સાથે સૂફીવાદ અને અદ્વૈતવેદાંતની સમરૂપતા દર્શાવી, પોતાને સ્વીડનબોર્જિયન કહેવડાવવાનો કશો જ અધિકાર નથી એવી સ્પષ્ટતા કરી છે. કોઇ પંથ કે સંપ્રદાયની સંકુચિત દિવાલોમાં જકડાવાથી પ્રકાશના ધ્વારા ઉઘડતા નથી એમ દર્શાવી, સ્વીડનબોર્ગ સોસાયટીના સભ્ય થવા માટે તે સંમત થતાં નથી. 'સાગર'ની વિચારધારા પર 'કાન્ત' ધ્વારા સ્વીડનબોર્ગની પ્રબળ અસર થઇ છે એ આ પત્રો પરથી સ્પષ્ટ જોઇ શકાય છે.[૯]

કવિ ન્હાનાલાલ સાથે પોતાના સહોદર કવિ 'કુંજ'ના 'હૃદયકુંજ' કાવ્યસંગ્રહના સાગરે લખેલા ઉપોદ્‌ઘાત નિમિત્તે એક અપ્રસિધ્ધ પત્રમાં સાહિત્યિક ચર્ચા કરી છે. 'પત્રરેખા'માં પ્રગટ થયેલા 'પત્રઓ'તો "જયા જયન્ત" નાટક માટે કવિ ન્હાનાલાલે પસંદ કરેલું 'સાગર'નું ચન્દ્રમાં ગીત પ્રગટ ન કરવા વિજ્ઞપ્તિ છે.[૧૦]

---

૯. સાગર ની પત્રરેખા, પૃ. ૩૩૩–૩૪૦

૧૦. એજન, પૃ. ૧૫૪–૧૫૫

કવિ 'લલિતજીને લખાયેલા પત્રોમાં સાગરે જગતની સુધારણા અને સેવાની ભાવના વિશે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે. ભાષણો કે કીર્તન કરવાથી અથવા લેખો લખવાથી જન સમાજની સેવા અને સંસારની સુધારણા શકય નથી. સ્વાર્પણનું તત્ત્વ એ ભાવનાનું જનક અને પોષક હોવું જોઇએ. રાગ અને ત્યાગ એ બંનેના અંદરથી ત્યાગની હિમાયત કરતાં સાગરે 'લલિતજીને જગત સુધારણાને બદલે આત્મસુધારણાનું જ મહત્ત્વ સમજાવ્યું છે.[૧૧]

નારદ ભક્તિસૂત્ર ના અનુવાદ અંગે માર્ગદર્શન આપવા માટે આચાર્ય આનંદશંકર ધ્રુવને વિનંતી કરતા એક પત્રમાં સાગરે "ગુજરાતી" ગઝલિસ્તાન ના આચાર્ય ધ્રુવના અવલોકન અંગે પોતાનો સંતોષ વ્યકત કર્યો છે.[૧૨]

સર્વકતાના અંશો સવિશેષ છે તેવા શ્રી ચન્દ્રશંકરના પંડયા પર લખાયેલા કળામય પત્રોમાં સાગરે પોતાના સૂફીવાદના જીવન સિધ્ધાન્તોની વિશદ ચર્ચા કરી છે અને સૂફીવાદની વેદાંત તેમજ ભક્તિમાર્ગ સાથેની સમરૂપતા દર્શાવી પોતાનો સ્નેહયોગ નો સિધ્ધાંત પણ સમજાવ્યો છે.[૧૩]

"ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' ધ્વારા સાગર ના અપ્રસિધ્ધ અક્ષયવાણી અર્થાત અખાકૃત કાવ્યો ભાગ ૨ ના સંપાદનના પ્રકાશન નિમિત્તે દી.બ. શ્રી કેશવલાલ હ. ધ્રુવને લખેલા પત્રોનું એમની સાહિત્યિક પ્રવૃત્તિ અંગેના કોઇ વિશેષ મૂલ્યવત્તા ધરાવતા નથી.[૧૪]

---

૧૧. સાગર ની પત્રરેખા પૃ. ૧૨૪-૧૩૧
૧૨. એજન, પૃ. ૧૬-૧૮
૧૩. એજન, પૃ. ૧૦૬-૧૧૭
૧૪. એજન, પૃ. ૭૧-૭૩

કવિતા–રચના કરતાં કવિતાના અભ્યાસનું જ જીવનમાં મહત્ત્વ છે એ અંગે વિસ્તૃત ચર્ચા કરતો પોતાના સહોદર કવિ 'કુંજ'–ને લખેલો પત્ર 'સાગર'–ના કવિતા વિષયક વિચારોની દૃષ્ટિએ મહત્ત્વનો છે.[૧૫]

**:૫: સન્યાસી મિત્રો**

'પત્રરેખા'–માં પ્રગટ થયેલા પત્રોમાં 'સાગર'–ના સંન્યાસી મિત્રો સ્વામી સ્વયંજ્યોતિ–તીર્થ – સ્વામી અદ્વૈતાનંદજી – શ્રી કેશવપ્રસાદ મણિલાલ ઠાકોર, સ્વામી માધવતીર્થજી – શ્રી મોતીલાલ જેઠાલાલ મહેતા, કહાનવા બંગલોની અખાની પ્રણાલિકાના મહારાજશ્રી ભગવાનજી મહારાજ, માતાજી ૐકારેશ્વરી – લલિતાબેન મંગળભાઇ જાની અને કાભાઇ – શ્રી પ્રાણશંકર માવજી પરના પત્રો આધ્યાત્મિક મૂલ્યવત્તાની દૃષ્ટિએ સર્વોત્કૃષ્ટ કોટિના છે.

શ્રી ભગવાનજી મહારાજ પર લખાયેલા પત્રોમાં એમણે જગતના બાહ્યત્યાગની અનાવશ્યકતા અંગે પોતાનો દૃઢ અભિપ્રાય શાસ્ત્રીય ચર્ચા ધ્વારા દર્શાવ્યો છે.[૧૬] જગત સાથેના વ્યવહારમાં આંતરનો ત્યાગ સાચવી શકાય તો બાહ્યત્યાગની – સન્યાસની કશી જ આવશ્યકતા નથી. આ અંગેની વિસ્તૃત અને તલસ્પર્શી ચર્ચા અદ્વૈતાનંદજી તેમજ સ્વામી માધવ તીર્થજી પર લખાયેલા પત્રોમાં જોઇ શકાય છે.[૧૭] સંસારરૂપી ત્રિદોષના રોગી

---

૧૫. 'સાગર'–ની પત્રરેખા, પૃ. ૮૭–૯૩

૧૬. એજન, પૃ. ૧૯૪–૨૧૮

૧૭. એજન, પૃ. ૫૦ થી ૭૦ ; પૃ. ૩૬૨–૩૬૫

જીવાત્માને પરાભક્તિ ધ્વારા પૂર્ણતા પ્રાપ્ત કરવાનો, સ્વાનુભવ વડે પોતાને પ્રાપ્ત થયેલો આત્મસાધનાનો માર્ગ લાક્ષણિક શૈલીમાં પોતાના અનન્ય મિત્ર શ્રી ભગવાનજી મહારાજને સાગરે સમજાવ્યો છે.[૧૮] માતાજી ૐ કારેશ્વરીને પણ સ્વાનુભવયુક્ત સરળવાનીમાં સચોટરીતે વેદાન્ત તત્ત્વજ્ઞાનના સિધ્ધાન્તો સમજાવી આત્મ-સાધનાના એમના પ્રવાસમાં સદ્‌ગુરુનું કાર્ય બજાવ્યું છે.[૧૯] આ બન્ને પરના પત્રો આત્માનુભવી સાગરજીની અધ્યાત્મ-વિચારણાની ફલશ્રુતિ – નિષ્કર્ષ રજૂ કરતાં હોઇ સાગરજીના ઉત્તમ કોટિના મૌલિક ચિંતનની દ્રષ્ટિએ વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

: ૭ : મુમુક્ષુઓ

'સાગર' મહારાજને પોતાના આધ્યાત્મિક પ્રવાસના માર્ગદર્શક ભોમિયા – સદ્‌ગુરુ તરીકે સ્વીકારી માર્ગમાં આગળ ગતિ કરતા મુમુક્ષુઓને ઉધ્દેશીને લખાયેલા પત્રોમાં શ્રી ગુલાબ ભગત, શ્રી ગોવર્ધનદાસ પરીખ, શ્રી ચિમનલાલ ઠાકોર, શ્રી કેશવલાલ ઠક્કર, દરબારશ્રી જીવાવાળા, કુમાર શ્રી જોરાવર સિંહજી, શ્રી પુરુષોત્તમદાસ રણછોડદાસ, શ્રી ન્હાનાલાલ યાજ્ઞિક, શ્રી માણેકચંદ અડાલજા, શ્રી માણેકલાલ વિશ્વનાથ જોષી, શ્રી મોતીલાલ વિશ્વનાથ જોષી, શોભના, શ્રી નાથાલાલ ડાહ્યાભાઇ પરીખ, શ્રી વિષ્ણુપ્રસાદ. ત્રિવેદી, શ્રી જયકૃષ્ણ મગનભાઇ ત્રિવેદી, ડો. હરિકૃષ્ણ જોષી, ડો. બળવંતરાય, શ્રી મણિબેન દવે, શ્રી પાર્વતી બહેન, શ્રી ભાઇલાલભાઇ ભટ્ટ, શ્રી મૂળચંદ શાહ, શ્રી મગનલાલ પંડયા, અને શ્રી મણિલાલ

૧૮. 'સાગર'ની પત્રરેખા પૃ. ૧૯૪–૨૧૮
૧૯. એજન પૃ. ૪૪૨–૫૨૧

ભાઈચંદ શાહ સવિશેષ મહત્વના છે. 'સાગર' મહારાજના વહોળા અનુયાયી મંડળમાં શ્રી ન્હાનાલાલ યાજ્ઞિક, દરબારશ્રી જીવાવાળા, ડો. હરિકૃષ્ણ જોષી અને શ્રી કેશવલાલ ઠક્કર પર લખાયેલા પત્રોમાં અધ્યાત્મ-વિચારણાને સ્પર્શતા વિવિધ મુદ્દાઓની તલસ્પર્શી ચર્ચા હોઇ સવિશેષ ધ્યાન ખેંચે છે.

'સાગર' મહારાજના અંગત મદદનીશ અને અનન્ય શિષ્ય ડૉ. કેશવલાલ અંબાલાલ ઠક્કરને લખેલા પત્રોમાં 'અખાનું તત્ત્વજ્ઞાન' એ વિષય પરના એમ. એ. ની ડીગ્રી માટેના નિબંધ અંગે શ્રી શંકરાચાર્યના કેવલાદ્વૈત તેમજ અખાના અજાતવાદ અંગેનો મૂળભૂત તફાવત દર્શાવવા માટેની તેમજ પ્રકરણોની રચના અંગેની વિભિન્ન સૂચનાઓ - તલસ્પર્શી રસપ્રદ ચર્ચા ખાસ ધ્યાન ખેંચે તેવી છે.[20]

'કલાપી'ના રાજકુમાર શ્રી જોરાવરસિંહજી સુરસિંહજી ગોહેલ પરના પત્રોમાં 'સાગર'ની કલાપી પ્રત્યેની અનન્ય ગુરુભક્તિનાં દર્શન થાયછે. ગુજરાતમાં કલાપીદેવના પંથના સ્થાપક 'સાગર' મહારાજને ગુરુ તરીકે સ્વીકારનાર શ્રી જોરાવરસિંહજી ધ્વારા જ સાગરે શ્રમ અને નિષ્ઠાપૂર્વક "'કલાપી'નો કેકારવ" તેમજ 'પત્રધારા'ના સંપાદન ધ્વારા ગુરુઋણ અદા કર્યું હતું.

'સાગર' મહારાજના ચિત્રાલ આશ્રમમાં આવીને, તેમના ધ્વારા જ 'કલાપી'ના કેકારવ તેમજ હમીરજી ગોહેલનું રસગાન શ્રી જોરૂભા સાહેબે કર્યું હતું. સામાન્ય કોટિના મનુષ્યથી ઘણી

---

20. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૨૬-૪૩

ઊંચી કોટિના 'કલાપી' છે એ ખ્યાલ સાગર મહારાજે જ સૌથી પ્રથમ જોરૂભા સાહેબમાં મૂકેલો.[૨૧] શ્રી પ્રતાપસિંહજી ગોહેલ, 'શોભના' તેમજ જોરૂભા સાહેબના પત્રોમાં 'સાગર'ની 'કલાપી' પ્રત્યેની ગુરુભક્તિનાં દર્શન થાય છે.

પાર્વતી બહેન, શ્રી ભાઇલાલભાઇ બાપાલાલ ભટ્ટ, શ્રી મગનલાલ પંડયા, શ્રી મણિલાલ ભાઇચંદ શાહ, શ્રી માણેકચંદ અડાલજા, શ્રી મૂળચંદ ઇશ્વરદાસ શાહ, 'શોભના', અને ડો. હરિકૃષ્ણ જોશી પરના પત્રોમાં સાગરે પોતાની આત્મસાધનાનો માર્ગ ખુલ્લા દિલે આત્માનુભવ યુક્ત સચોટ લાક્ષણિક શૈલીમાં સમજાવ્યો છે. આ પત્રો 'સાગર'ની અધ્યાત્મ વિચારણાના વિભિન્ન મુદ્દાઓ આવરી લે છે અને 'સાગર'ના મૌલિક ચિંતનને વિશદ રીતે સમજાવે છે એટલે એ દૃષ્ટિએ સવિશેષ મહત્વના છે.

: ૬ : સગાં – સંબંધીઓ

'સાગર' મહારાજના સ્વજનો પરના પત્રોમાં તેમના માતુશ્રી રૂક્ષ્મણી બા, પત્ની માતાજી ભાગીરથી, પુત્ર યોગીન્દ્ર જ. ત્રિપાઠી તેમજ ભાઇઓ શ્રી ચિમનલાલ દા. ત્રિપાઠી – કવિ 'કુંજ' તેમજ શ્રી મણિભાઇ દા. ત્રિપાઠી પરના પત્રોનો સમાવેશ થાય છે.

લૌકિક તેમજ આધ્યાત્મિક ઉભય પ્રકારના સંબંધોથી સંલગ્ન વ્યક્તિઓ – માતાજી ભાગીરથી, લઘુ બંધુ શ્રી મણિભાઇ

---

૨૧. 'સાગર'ની પત્રરેખા પૃ. ૧૩૭–૧૪૫

દા. ત્રિપાઠી અને યોગીન્દ્ર જ. ત્રિપાઠી પરના પત્રોમાં 'સાગર'ના વ્યક્તિત્વનો જીવન્તસ્પર્શી અનુભવી શકાય છે. 'સાગર'ના આધ્યાત્મિક જીવનનો વિકાસ-આલેખ રજૂ કરતાં શ્રી મણિભાઇ પરના પત્રો તેમજ આધ્યાત્મિક જીવનની પૂર્ણતા પ્રાપ્ત કરેલા બ્રહ્મર્ષિ આત્માનુભવી 'સાગર'ના આશ્રમ જીવનનું યથાર્થ દર્શન કરાવતા શ્રી યોગીન્દ્રભાઇ પરના પત્રો સવિશેષ મહત્વના છે.[22]

'સાગર' મહારાજના અનન્ય મિત્રો શ્રી અમીધર મહારાજ, શ્રી મોહનભાઇ ગાંધી, શ્રી વિષ્ણુપ્રસાદ દ. ત્રિવેદી, શ્રી હરિલાલ મથુરાદાસ મશરૂ (અસ્તાન), શ્રી ચુનીલાલ મૂ. ત્રિપાઠી અને શ્રી ભગવાનજી મહારાજ પરના પત્રો સમાજ-સુધારણા, અધ્યાત્મ-વિચારણા અને સાહિત્ય પ્રવૃત્તિના ત્રણ વિભિન્ન કાર્યક્ષેત્રોમાં 'સાગર'ના વ્યક્તિત્વના વિભિન્ન રંગોનું યથાર્થ દર્શન કરાવે છે.

૨. <u>વિષય-સ્વરૂપની દ્રષ્ટિએ વર્ગીકરણ :</u>

"'સાગર'ની પત્રરેખા"માં સાહિત્ય-પ્રવૃત્તિ અંગેનો વ્યવહાર, અધ્યાત્મક વિચાર, કુટુંબવાર્તા અને કેળવણી, લગ્ન તેમજ સમાજ-સુધારણા-વિષયક ચર્ચા – એમ ચાર મુખ્ય વિષયોમાં લેખકના પોતાના દૃઢ મનોબળયુક્ત મંતવ્યો સાચદિલીથી, ખુલ્લા દિલે નિરૂપાયાં છે.

આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવ, શ્રી કેશવલાલ હ. ધ્રુવ, શ્રી ચિમનલાલ દા. ત્રિપાઠી ('કુંજ'), શ્રી ન્હાનાલાલ દ. કવિ જેવી વ્યક્તિઓ સાથેનો પત્રવ્યવહાર મુખ્યત્વે સાહિત્યિક પ્રવૃત્તિ અંગેનો હોઇ ઔપચારીક લાગે છે.

---

૨૨. "'સાગર'ની પત્રરેખા" પૃ. ૨૭૫-૩૨૫ અને પૃ. ૩૯૩-૪૩૬

પ્રસ્તાવનામાં યોગીન્દ્ર જ. ત્રિપાઠીએ ચૌદ વ્યક્તિઓ ઉપર લખાયેલા પત્રો અનુભવના - સહજના ઘરનો પ્રવાસી - રસબ્રહ્મનો અનુભવી અને ગાયક પોતાની વાત કેવી સરળતાથી અને છતાં કેટલી અસરકારક રીતે કહી શકે છે તેની પ્રતીતિ કરાવતા પત્રો તરીકે ઉલ્લેખ કર્યો છે.[23] આ યાદીમાં સ્વામી અર્હતાનંદજી, શ્રી ભગવાનજી મહારાજ અને માતાજી ઓમ્કારેશ્વરી જેવા 'સાગર'ના સન્યાસી મિત્રો, શ્રી ચન્દ્રશંકર પંડ્યા, શ્રી મણિશંકર ભટ્ટ :કાન્ત: જેવા સાહિત્યરસિક મિત્રો, શ્રી હરિલાલ મથુરાંદાસ મશર (મસ્તાન), શ્રી મોહનભાઇ વિઠ્ઠલદાસ ગાંધી જેવા નિકટના અંગત મિત્રો, શ્રી મણિભાઇ દા. ત્રિપાઠી તેમજ યોગીન્દ્ર જ. ત્રિપાઠી જેવા સ્વજનો અને 'શોભના', શ્રી કેશવલાલ ઠક્કર જેવા શિષ્યો તેમજ શ્રી લલ્લુભાઇ બાપુરામ પરના પત્રોનો સમાવેશ થાય છે. આ બધા પત્રોનાં વિશિષ્ટ લક્ષણો પત્રો સાથેની પત્રલેખકની આત્મીયતા,ભાવવિશેષ (Mood) અનુસાર વૈવિધ્યયુકત સંબોધનરીતિ તેમજ સ્પષ્ટ વકતૃત્વ, સત્યનિષ્ઠા, સરળ, પ્રાસાદિક શૈલી અને હૃદયનું ભાવૈકય સાધતી જીવનના તાત્વિક સિધ્ધાંતોની સચોટ અભિવ્યકિતમાં વાચકને રસતરબોળ કરી દેતી આત્માનુભવયુકત બાની ગણાવી શકાય. 'સાગર'ની અધ્યાત્મસાધનાનો માર્ગ - 'સાગર'રાહ, 'સાગર'ની સ્નેહયોગની વિભાવના તેમજ જીવ, જગત અને બ્રહ્મસ્વરૂપ પરત્વેની 'સાગર'ની તાત્વિક વિચારણા આ પત્રોમાં દષ્ટિગોચર થાય છે. શ્રી ગોકુળદાસ રાયચુરાએ કહ્યું છે તેમ છેલ્લા ૫૦ વર્ષમાં ગુજરાતીઓએ તત્વજ્ઞાનની દષ્ટિએ કેવી અને કેટલી વિચારણા

---

૨૩. 'સાગર'ની પત્રરેખા, - પ્રસ્તાવના પૃ.૭-૮

કરી છે એનું નવનીત આ પુસ્તકમાં છે :(આદિવચન પૃષ્ઠ ૫ ).

એક બાજુ લગ્નજીવનની નિષ્ફળતા અને પિતા અને પિતામહનો દેહવિલય તેમજ ભાઇઓના શિક્ષણની અને જમીનના વહીવટ અંગેની જવાબદારીને કારણે પોતાના હૃદયનું મંથન, તુમુલ સંઘર્ષ તેમજ જીવનધ્યેયની પ્રાપ્તિ માટેનો અડગ નિશ્ચય છતાં સાંસારિક કર્તવ્યો પ્રત્યેની સભાનતા 'સાગર'ના કુટુંબવિષયક પત્રોમાં - સવિશેષ શ્રી મણિભાઇ દા. ત્રિપાઠી, શ્રી યોગીન્દ્ર જ. ત્રિપાઠી, શ્રી રુક્ષ્મણી બા, તેમજ માતાજી ભાગીરથીના કેટલાક પત્રો પરથી સ્પષ્ટ થાય છે. ઇ.સ. ૧૯૧૩ માં પ્રણયતપશ્ચર્યા માટે હિમાચલનિવાસ પૂર્વે 'સાગર'ના ઐહિક જીવનની છબી ઉપસાવતાં શ્રી મણિભાઇ દા. ત્રિપાઠી પરના પત્રોમાં તેમજ ઋષિકેશમાં હિમાચલનિવાસ દરમિયાન રુક્ષ્મણી બા તેમજ માતાજી ભાગીરથી પરના પત્રોમાં તે સમયના 'સાગર'ના સાત્ત્વિક તપસ્વી ઋષિજીવનની તેમજ યોગીન્દ્ર જ. ત્રિપાઠી પરના પત્રોમાં આત્માનુભવ પ્રાપ્ત કર્યા પછીની 'સાગર'ની બ્રાહ્મી-દશાના સ્વાનુભવની એમ ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંત કોટિએ પહોંચેલા 'સાગર'ના ત્રિવિધ પ્રકારના વ્યક્તિત્વના વિભિન્ન રંગોનું કાળાનુક્રમ પ્રમાણે આ પત્રોમાં થતું દર્શન આહ્લાદક છે.

"'સાગર' ની ઐહિક વિચારણા" પ્રકરણમાં કેળવણી, લગ્ન તેમજ સમાજસુધારણાવિષયક ચર્ચાની તલસ્પર્શી સમીક્ષા કરી છે. 'સાગર'ની ઐહિક વિચારણામાં સવિશેષ અગત્યના પત્રો સ્વામી અદ્વૈતાનંદજી, શ્રી ચુનીલાલ મૂળજીભાઇ ત્રિપાઠી, શ્રી જન્મશંકર બૂચ (લલિત) તેમજ સ્વામી માધવતીર્થજી પરના છે. પોતે પૂર્ણતા અનુભવવી એ ઉચ્ચામાં ઉંચો ધર્મ છે. વસ્તુતઃ સમાજ અંતે પૂર્ણ છે

અને નારાયણ-સ્વરૂપ છે. નિર્ગુણ બ્રહ્મના સગુણ સ્વરૂપમાં ખામી અથવા સુધારાને અવકાશ લાગે છે એ ત્રીજી આંખ નહિ ઉઘડયાનું જ પરિણામ છે.[24] જગત-સુધારણા કરતાં આત્મસુધારણા આવશ્યક છે. એવું દૃઢ મંતવ્ય સાગરે શ્રી ચુનીલાલ ત્રિપાઠી અને શ્રી લલિતજીને સમજાવ્યું છે. સમાજસુધારણાની ભાવના માટે તે માને છે કે સંસારને સુધારવાની અને જનસમાજની સેવા કરવાની ભાવના જો સાચે સાચી હોય તો એ ઊંડાણથી આવેલી અને ઘનીભૂત થયેલી હોવી જોઇએ. એટલુંજ નહિ પણ સ્વાર્પણનું તત્વ એ ભાવનાનું જનક અને પોષક હોવું જોઇએ.[25]

શ્રી ચિમનલાલ દા. ત્રિપાઠીને લખેલા પત્રોમાં કવિતા રચના કરતાં જીવનનો ક્ષાર અને મલિનતા ધોવા માટે કવિતાના અભ્યાસની આવશ્યકતા સમજાવી છે.[26]

શ્રી હરિલાલ મશરને લખેલા પત્રોમાં વસ્તુવિચાર અને વસ્તુ-વિવેકની કેળવણી - સંસ્કારનું સિંચન કરતી આધ્યાત્મિક કેળવણી અંગે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં છે.[27] 'મસ્તાનંના' પત્ની શ્રી શિવગંગા બહેન મશર પરના પત્રમાં લગ્નની મૂળભાવનાની શાસ્ત્રીય ચર્ચા સાગરે પ્રાસાદિક વાણીમાં કરી છે.[28]

---

૨૪. "'સાગર'-ની પત્રરેખા," પૃ. ૯૬-૯૭

૨૫. એજન, પૃ. ૧૨૬

૨૬. એજન, પૃ. ૮૯

૨૭. એજન, પૃ. ૫૮૩-૬૦૯

૨૮. એજન, પૃ. ૫૪૫-૫૫૫

૩. જીવનકાળની દૃષ્ટિએ વર્ગીકરણ :

'સાગર'ની આત્મસાધના પૂર્વેનો ઇ.સ. ૧૯૦૭ થી ૧૯૧૨ નો સમય જીવનની ત્રણ વિભિન્ન પ્રવૃત્તિઓ – :૧: સાહિત્ય પ્રવૃત્તિ, :૨: સમાજસુધારણા અને :૩: અધ્યાત્મપ્રવૃત્તિ એમ ત્રણ વિભિન્ન ક્ષેત્રોમાં વિસ્તરેલી છે. લગ્નજીવનની નિષ્ફળતા અને પિતાના અકાળ દેહાંતને કારણે થયેલો કારી ઘા અને તેમાંથી જન્મેલી નિર્વેદવૃત્તિ 'સાગર'ની આત્મસાધનાની પૂર્વભૂમિકાને ઘડનારાં મુખ્ય બળો છે. 'કલાપી' અને અખાના અભ્યાસે એમને આપેલી જીવનદૃષ્ટિ તેમજ તે પછી હરદ્વાર વગેરેની યાત્રા – 'સાગર'ના અધ્યાત્મ જીવનની પૂર્વભૂમિકા સમજવામાં આ તબક્કો અગત્યનો છે. ઇ.સ. ૧૯૧૩ થી ૧૯૧૫ ના ત્રણ વર્ષનો કાળ સાગરે હિમાચલમાં પૂર્ણ તપશ્ચર્યાયુક્ત સાત્વિક સાધુજીવન ગાળ્યું હતું. પોતાની આત્મસાધનાની પૂર્ણતા પ્રાપ્ત કર્યા પછી ઇ.સ. ૧૯૧૬ માં ચિત્રાલ (તા. પાદરા) માં પર્ણકુટિ બાંધીને બ્રહ્માનુભવી સંત તરીકે પોતાના શેષ જીવનનાં વીસ વર્ષો વીતાવ્યાં હતાં. એમના જીવનનો આ ત્રીજો તબક્કો સવિશેષ મહત્વનો છે.

'સાગર'ના વ્યક્તિત્વના વિકાસની સાથે જ આત્માનુભવની મસ્તી, બળ, તત્ત્વજ્ઞાનનું રસાન્વિત અન્વેષણ, સચોટતા જેવાં તત્વો 'સાગર'ની ગદ્ય શૈલીને ઘડવામાં ઉપકારક થતાં ગયાં. એટલે 'સાગર'ની પત્રરેષાના પત્રલેખકની લાક્ષણિકતા, વ્યક્તિત્વનાં લાક્ષણિક ગુણો તેમજ ભાષા – શૈલીની દૃષ્ટિએ મૂલ્યાંકન કરવા માટે કાળાનુક્રમે [illegible] વિગતે "સાગર'ની પત્રરેષા" તપાસવી જોઇએ. આ દૃષ્ટિએ પત્રરેષા ત્રણ તબક્કાઓમાં વહેંચાયેલી છે.

 1222

ઈ.સ. ૧૯૦૭— ઈ.સ. ૧૯૧૨-આત્મસાધના પૂર્વનો સમય

ઈ.સ. ૧૯૧૩ – ઈ.સ. ૧૯૧૫-હિમાચલ નિવાસ દરમ્યાનનો સમય

ઈ.સ. ૧૯૧૬ – ઈ.સ. ૧૯૩૬-આત્માનુભવ પછીનો સમય.

ઈ.સ. ૧૯૦૭ – ઈ.સ. ૧૯૧૨-પ્રથમ તબક્કો

ઈ.સ. ૧૯૦૭ પહેલાં લખાયેલ પત્રો મને મળી શકયા નથી.

એમના પિતાશ્રી, એમના પર લખેલા એક પત્ર નીચેની નોંધ માત્ર મળી છે. ઈ.સ. ૧૯૦૭ થી ઈ.સ. ૧૯૧૨ – છ વર્ષ દરમ્યાન લખાયેલા પત્રોનું ઉદ્ભવ સ્થાન – પ્રેરક બળો સર્વ પ્રથમ જોઇએ.

સાધનાકાલ પૂર્વેના આ સમયમાં ત્રણ મુખ્ય પ્રવાહો સાગરના મનમાં ઘોળાતા હતા.

: ૧ : સમાજ-સુધારણાની પ્રવૃત્તિ

: ૨ : સાહિત્ય-પ્રવૃત્તિ

: ૩ : આત્મવિકાસની આધ્યાત્મિક પ્રવૃત્તિ.

આપણે 'જીવનરેખા' માં જોઇ ગયા છીએ તેમ પ્રથમ બે પ્રવૃત્તિઓ ધીમેધીમે ઓછી થતાં ઈ.સ. ૧૯૧૨ ના વર્ષમાં 'સાગર' માત્ર પોતાના આત્મિક – આધ્યાત્મિક વિકાસ અંગેની પ્રવૃત્તિઓને જ મહત્ત્વની ગણે છે. આ છ વર્ષ દરમ્યાનની એમની પ્રવૃત્તિઓનું ચિત્ર આ પત્ર દ્વારા રજૂ થયું છે એટલે સ્વાભાવિક રીતે જ આ ભિન્ન પ્રવૃત્તિઓ જ પત્રોનું ઉદ્ભવસ્થાન બની રહે છે.

સમાજ-સુધારણાની પ્રવૃત્તિઓનાં પોતાનાં ધ્યેય અને લક્ષ્યબિન્દુઓ તપાસી 'સાગર' પોતાના વિચારોને રજૂ કરે છે.

સાહિત્યપ્રીતિને કારણે પોતે રચેલાં કાવ્યો પર માર્ગદર્શક ટીકા મોકલે છે, સાહિત્યચર્ચાઓ કરે છે તો આત્મવિકાસની પ્રવૃત્તિ અને પોતાના નક્કી કરેલા જીવન-સિધ્ધાન્તો – હૃદયની ભાવનાઓને જીવન-વ્યવહારમાં કઇ રીતે અમલી બનાવવી તેની વિચારણા કરે છે. રાગ અને ત્યાગની વચ્ચે તેમનું હૃદય ચોક્કસ નિર્ણય કરી શકતું નથી. પરિણામે એમના હૃદયમાં થતું તુમુલ ઘર્ષણ – તોફાન અને માનસિક વેદનાને તે પત્રો ધ્વારા વાચા આપે છે.

અનુભવના રસે રસાયેલા વિચારો 'સાગર'-ના વ્યક્તિત્વના વિકાસની સાથે જ વધારે દ્રઢતાપૂર્વક પત્રો ધ્વારા રજૂ થાય છે ત્યારે સ્વાભાવિક રીતે જ કલામય રચનાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. પ્રથમ તબક્કામાં શ્રી ચંદ્રશંકર ન. પંડયા પર ઇ.સ. ૧૯૧૧-માં લખાયેલ પત્રોમાં સર્જકતાનું તત્વ સવિશેષ જોઇ શકાય છે.[૨૯]

અનુભવની કસોટીમાંથી પસાર થયેલા વિચારો પત્રો ધ્વારા અભિવ્યક્ત થતાં સહજ રીતે જ કલાસ્વરૂપ પ્રાપ્ત કરે છે. સરળતા, સ્પષ્ટતા, જુસ્સો અને સચોટતા જેવા ગુણો આપોઆપ તેમની ગદ્યશૈલીમાં પ્રવેશે છે. ઉર્મિ અને જ્ઞાનના એકરૂપ પ્રવાહમાં તેમનું ગદ્ય કાવ્યમયતા, પ્રસાદ અને ઓજસ્ પ્રાપ્ત કરે છે.

આમ, જીવનધ્યેયની પ્રાપ્તિ માટેનો દ્રઢ સંકલ્પ, શ્રધ્ધા, કયાંક પ્રેરક બળ બની રહે છે તો કયાંક અનુભૂતિનો રણકો પણ સંભળાય છે. પોતાની માનસદશાનું નિરૂપણ કે પોતાના સિધ્ધાન્તોની અભિવ્યક્તિ [redacted] પાછળ અનુસ્યૂત હોય છે તો સમાજસુધારણા કે

---

૨૯. 'સાગર'-ની પત્રરેખા, પૃ. ૧૦૬-૧૧૭

સાહિત્યપ્રવૃત્તિ અંગેનો અદમ્ય ઉત્સાહ પણ ક્વચિત પત્રોનું ઉદ્ભવસ્થાન બની રહે છે. ગદ્યશૈલીના ઘડતરને ધ્યાનમાં રાખી આપણે 'પત્રરેખા' ને વિગતે તપાસીએ. 'સાગર'ની ગદ્યશૈલીનો ક્રમિક વિકાસ તપાસીએ તે સાથે પત્રલેખક તરીકે 'સાગર'માં આવશ્યક એવા કયા ગુણોનું પ્રમાણ કેટલું છે તે પણ જોવું પડશે.

## ઇ.સ. ૧૯૦૭ – ૧૯૧૨

અધિકાર અને નિદાન સાથે જ વસ્તુની ઉપયોગિતાને સફલતાને નિકટતમ સંબંધ છે. તે દૃષ્ટિએ પોતાના ભાઇશ્રી ત્રિમનભાઇ દા. ત્રિપાઠીને કવિતારચના કરતાં કવિતાનો અભ્યાસ વિશેષ હિતકર્તા છે એ સમજાવે છે. ઇ.સ. ૧૯૦૭ ના આ પત્રમાં આ માટે એક દષ્ટાંત આપતાં 'સાગર' કહે છે કે : "શારીરિક દર્દીને શંકરાચાર્ય જેવા આત્મવૈદ્યથી લાભ થાય નહીં". આ સમજાવવા માટે બીજું સચોટ દષ્ટાંત આપતાં આજ પત્રમાં તે કહે છે : "જ્વરપીડિતને ક્વિનાઇન કે કરીયાતું અમૃત કરતાં વધારે લાભપ્રદ થાય".[૩૦]

'સાગર'ના વ્યક્તિત્વનો ખાસ ગુણ સ્પષ્ટવક્તાપણું આ પત્રમાં જોઇ શકાય છે. પોતાના ભાઇ શ્રી ત્રિમનભાઇ – કવિ કુંજે પોતાની કાવ્યકૃતિઓ તપાસવા માટે મોકલેલી તેમને તે સ્પષ્ટ જણાવે છે કે : "કવિતા ગમે તેવી ઉચ્ચસ્થિત અને પૂજ્યદેવી છતાં આપણા જીવનનો ક્ષાર અને મલિનતા આપણે "કવિતા" લખવાના કામથી કદીયે ધોઇ શકીએ નહીં જ".[૩૧]

---

૩૦. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૮૮

૩૧. એજન, પૃ. ૮૯

વિચારોની સ્પષ્ટતા પણ ખાસ ધ્યાન ખેંચે છે. જુઓ : "અંગ્રેજી ભાષામાં To read અને To master એ બે શબ્દો છે તેમાંના પાછલા શબ્દને હું અભ્યાસનો સમાનાર્થક ગણું છું".[32]

ઇ.સ. ૧૯૦૭માં લખાયેલો પત્ર 'સાગર'ના નાનાભાઇ શ્રી મણિભાઇ પરનો છે. આધ્યાત્મિક પ્રગતિ માટે અનુકૂળ વાતાવરણની આવશ્યકતા પર ભાર મૂકતાં મુંબઇના માયાવી વાતાવરણ માટે એક દષ્ટાંત આપે છે".[33]

આજ પત્રમાં હૃદયનું અંધારું દૂર કરવાનો બોધ આપતાં 'સાગર' કહે છે કે :"અને ઓ બન્ધુઓ મારી સંપૂર્ણ ખાત્રી છે કે તમારા હૃદયનું અંધારું દૂર કરી, તે નિઃસીમ કરુણામય પિતા તમને ખરા પ્રકાશમાં તરત જ લઇ જશે."[34] હૃદયના સંસ્પર્શથી અપાયેલો બોધ અસરકારક નીવડે છે. તેનો બીજો નમૂનો પણ આજ પત્રમાંથી જડે છે : બન્ધુઓ ! તમે સૌ ચૈતન્યમય છો."[35] ઇ.સ. ૧૯૦૭ ના આ પત્ર પરથી સ્પષ્ટ થાય છે કે 'સાગર'નું લાગણીશીલ હૃદય માત્ર પોતાની જ આધ્યાત્મિક પ્રગતિમાં રાચતું નથી. પોતાના મિત્રોને મુંબઇમાં મોહક વાતાવરણનો સંસ્પર્શ ન થાય અને આધ્યાત્મિક ઉન્નતિ થાય તે માટે રોચક અને સચોટ દષ્ટાંત આપે છે.

પોતાના લઘુબંધુ શ્રી મણિભાઇ ત્રિપાઠી પર લખાયેલા ઇ.સ. ૧૯૦૯ના પત્રમાં સાગર પોતાના માનસિક સંઘર્ષ ગુલને

---

૩૨. 'સાગર'ની પત્રરેખા પૃ. ૯૦
૩૩. એજન, પૃ. ૨૦૪
૩૪. એજન, પૃ.
૩૫. એજન,

બુલબુલનાં રૂપક દ્વારા રજૂ કરે છે.[36] પોતાની આત્મિક પ્રગતિ માટે દઢ નિર્ણય હજુ લેવાયો નથી. હૈયાની ડામાડોળ પરી સ્થિતિ છે. અતઃ કરણમાંથી આ દિશામાં આગળ વધવા માટે જીવાત્માને હજુ આજ્ઞા મળી નથી એ સમજાવવા માટે તે આ જ રૂપકશૈલી દ્વારા કહે છે : "ફરહાદને શિરીને હજી સુરંગ ખોદવાનું સોંપ્યું નથી ને કયા ઝાડ નીચે તપવું એ હજી મજનુંને બતાવવામાં આવ્યું નથી".[37]

આ જ પત્રમાં પોતાની દ્વિજ જીવન હદય ભાવના સમજાવતું કાવ્ય 'દ્વિજ જીવન'ની સમજૂતી આપતાં તે કહે છે : "દ્વિજ જીવનનો દરવાજો બહુ જબરો છે, અને જબરદસ્ત માલેકને તે ઉઘાડી આપવા માટે એમાં પામર હૃદયનો પોકાર છે."[38]

પોતાની નિર્બળતાનો નિખાલસપણે એકરાર કરનાર જ સચોટતાપૂર્વક પોતાની માનસદશાનું યથાર્થ નિરૂપણ કરી શકે તેની પ્રતીતિ આ વાકયો કરાવે છે. પોતાના હૃદયની દશાનો પરિચય આપતા પત્રોનું મુખ્ય લક્ષણ છે. પોતાની નિર્બળતાનો નિખાલસપણે સ્વીકાર અને પોતાના વિચારોની નિર્ભિકપણે રજૂઆત – આને પરિણામે પત્રો ગદ્યશૈલી, સચોટતા, મૃદુતા અને સ્પષ્ટતાના ગુણો પ્રાપ્ત કરે છે.

'સાગર' આ જ પત્રમાં પોતાની સ્નેહયોગની ફિલસૂફી સમજાવતાં સૂત્રશૈલી દ્વારા ગદ્યમાં સચોટતા લાવી શકે છે. જુઓ : "સ્નેહ એટલે સ્વાપણઃ આન્તર બાહ્ય સર્વસ્વ તે સ્નેહયોગ".

---

૩૬. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૨૭૫

૩૭. એજન.

૩૮. એજન.

પોતાના જીવનસિધ્ધાંતો પ્રમાણે પોતે પોતાનું બાહ્ય જીવન બદલી શકતાં નથી તેનો અફસોસ છે. નિભિકપણે પોતાની નિર્બળતાનો સ્વીકાર કરતાં તે કહે છે : "આ જયાં સુધી હયાત છે – ત્યાં સુધી – હું મારું બાહ્યજીવન બદલી શકું તેમ નથી. પણ હવે દરેક રીતે હું તૈયાર થવા આવ્યો છું અને પ્રસંગ આવ્યે આન્તર અને બાહ્ય બદલાયેલા જીવનથી દુનિયા સામે ખડો રહીશ એ મારો નિશ્ચય છે". ૩૯

સિધ્ધાંતપાલનમાં દ્રઢતા 'સાગર'ના વ્યક્તિત્વનું અગત્યનું લક્ષણ હોઇ, જયારે જયારે પોતાનો દ્રઢ સંકલ્પ રજૂ કરે છે ત્યારે પત્રોની ગધશૈલીમાં સચોટતા – જુસ્સો પ્રગટ થાય છે. ઇ.સ. ૧૯૦૯ ની સાલનો શ્રી મણિભાઇ પરનો પત્ર જુઓ : "જે બૂઠાં તીર આખા જગતને ડરાવે છે એનાથી હવે હું ડરતો નથી. લોકેષણા, વિત્તેષણા, દારેષણા અને પુત્રેષણાઓનાં પ્રલોભનો હવે મારા હૃદયને જીતી શકે તેમ નથી. હું એમની સત્તા બહારના પ્રદેશમાં છું":

"દુનિયાની આબરૂ પર જીવવાનું હવે મેં મોકૂફ કર્યું છે". ૪૦

પોતાનો માનસિક સંઘર્ષ વ્યકત કરતાં શ્રી ચિમનલાલ સોમનાથ ત્રિપાઠી – 'દિલચમન'ને તે બાહ્યજીવનનો ત્યાગ કરતી સમયે, મદદની અપેક્ષાએ લખે છે : "મારી સ્થિતિ એકદમ હું ફેરવી નાખું તે વખતે તારી કોઇ કોઇ બાબતમાં મને મદદની જરૂર પડશે". ૪૧

---

૩૯. "'સાગર'ની પત્રરેખા" પૃ. ૨૭૬

૪૦. એજન, પૃ. ૨૮૦.

૪૧. એજન, પૃ. ૯૫.

આધ્યાત્મિક પ્રગતિ માટે જગતના વ્યાવહારિક સંબંધોને તિલાંજલિ આપતાં તે પોતાના દઢ નિર્ણય શ્રી મણિભાઇને જણાવતાં લખે છે : "જીવનમાં જે આશ્રમ અંતરમાં હું સ્વીકારું છું તેને લીધે જ હું ભાગ લેવાનું અટકાવું છું અને તે હવે પછીના હરકોઇ કાર્યમાં - અને પૂરેપૂરું દ્વિજ જીવન - સાચું નવું જીવન પ્રાપ્ત કરી શકું ત્યાં સુધી". [૪૨]

પોતાનો જીવનસિધ્ધાંત પણ આ જ પત્રમાં દઢપણે સરળતાથી રજૂ કરે છે : "એવી કૃપણતા તમે પરિત્યજો તો અવશ્ય જોઇ શકો કે વ્યવહારનાં કામો તત્ત્વદષ્ટિથી તો ઉલટાં વધારે સારાં, વધારે ટકાઉ અને વધારે હિતપ્રદ જ થઇ શકે". [૪૩]

સત્યનિષ્ઠ વિચારકની જીવન પ્રત્યેની દષ્ટિ સનાતન સત્ય હોઇ વ્યવહાર કરતાં સત્યને વળગી રહેવાનું અને સત્ય જ વ્યક્ત કરવાનું તે સવિશેષ પસંદ કરે છે.

પોતાની આત્મિક ઉન્નતિનો દઢ સંકલ્પ - અડગ નિશ્ચય બીજા એક પત્રમાં પણ આ રીતે વ્યક્ત કરે છે : "પોતાની અંતરની છબી રજૂ કરતા આ પ્રકારના પત્રોમાં નિખાલસ લાગણીશીલ સત્યનિષ્ઠ તરીકેનું 'સાગર'નું વ્યક્તિત્વ સ્પષ્ટ જોઇ શકાય છે".

સરળતાથી પોતાના હૈયાની વાત અસરકારક રીતે તે રજૂ કરી શકે છે જુઓ : "ઘણી વાતો મારા જીવનની મારે ઉકેલી નાખવી છે. ગૂઢ અને ગહન જણાતાં મારા જીવનનાં તત્ત્વો મને હવે પ્રત્યક્ષ થવા લાગ્યાં છે અને કશું જ છુપાવ્યા વિના હું એ

---

૪૨. 'સાગર'ની પત્રરેખા પૃ. ૨૮૧
૪૩. એજન, પૃ. ૨૮૨

ખુલ્લા કરવાને ચાહું છું. હું સ્પષ્ટ જોઇ શકું છું કે, એ સમયનો પુણ્ય ઉદય હવે ક્ષિતિજમાં થવા માંડયો છે. ત્યારે વિલંબ કરવો એ મારે માટે અપરાધ છે. હું જેમ બનશે તેમ મારું જીવન કર્તવ્ય વધારે ત્વરાથી કરીશ." [44]

ઇ.સ. ૧૯૧૦ ના પત્રોમાં 'સાગર'નો આધ્યાત્મિક ઉન્નતિ માટેનો દઢ-નિર્ણય સ્પષ્ટ જોઇ શકાય છે. જુઓ : "દ્વિજ થવું એ જ પ્રત્યેક માનવી જીવનનો પ્રભુઇચ્છિત મહાન હેતુ છે અને આખું આંતર જીવન કર્યા સિવાય બાહ્યજીવન ફરી શકે નહીં એવું મને લાગે છે. ઘણાં ભૂતો સામે તુમુલ યુધ્ધ મચાવીને વિજય પ્રાપ્ત કરવો જોઇએ". [45]

પોતાની માનસિક દશાનું નિરૂપણ યથાર્થ રીતે કરતાં 'દિવ્ય બાલક' કાવ્ય સમજાવતાં 'સાગર' પોતાને માટે કહે છે કે : "દિવ્ય બાલક"ને દૂર રમવા જવું છે અને તેની માતાનું મૃદુ હૃદય દુઃખાતું જોઇને એ "નાજુક બચ્ચા"ને અટકાવ્યું છે. પણ સમાધાન થતું નથી, એ વગેરે અંદરની દશા તમે અને મિત્રો જોઇ શકયા હશો. છતાં તમને આનંદ પણ થયો હશે કે હવે ધીમે ધીમે "અનલ હક"ના "અનલ ભડકા" જયાં ત્યાં જાગતા જાય છે અને "ઇસુનું રાજય" આવતું જાય છે કંઇક 'પડધમ વાજે છે' અને આનંદ ! આનંદ ! એવું એવું અંદર કંઇક જણાય છે." [46]

પોતાનો સંકલ્પ દઢ હોવા છતાં મનની નિર્બળતાને કારણે છેલ્લું મોહક આવરણ પણ તે ચીરી શકતાં નથી એ વ્યકત કરતાં આ જ પત્રમાં તે કહે છે : "બેશક, આનંદનો એ મહાસાગર મને

---

૪૪. 'સાગર'ની પત્રરેખા પૃ. ૨૮૩
૪૫. એજન, પૃ. ૨૮૪
૪૬. એજન, પૃ. ૨૮૬

આમંત્રણ કરવા મારા તરફ દોડતો ધસે છે, છતાં હું હજી એમાં કૂદી પડતો નથી એ ન્યૂનતા છે.[૪૭]

પોતાની નિર્બળતાનો સ્પષ્ટપણે સ્વીકાર કરનારની અભિવ્યક્તિમાં સહજપણે જ સચોટતા સધાય છે. ઇ.સ. ૧૯૧૫ પછીના એમના પત્રમાં સ્વાનુભવને કારણે 'સાગર' સચોટતા સાધી શક્યા છે.

હવે આપણે ઇ.સ. ૧૯૧૧-ની સાલમાં લખાયેલા પત્રોની ગદ્યશૈલી તપાસીએ.

શ્રી ચંદ્રશંકર ન. પંડયા પર લખાયેલા પત્રમાં 'સાગર' ની ગદ્યશૈલીના કેટલાક વિશિષ્ટ ગુણો સૌ પ્રથમવાર જોઇ શકાય છે, પરિણામે તે ઉલ્લેખનીય બની રહે છે. તા. ૨૨ ઓગષ્ટ ૧૯૧૧ ના દિને લખાયેલા પત્રમાં તેમના સાહિત્ય-મિત્રોમાંથી શ્રી ચંદ્રશંકર પંડયાને એમણે સૂફીવાદના સિધ્ધાંતો સમજાવ્યા છે.

જીવનાનુભવ ધ્વારા વ્યકત થયેલા તત્વજ્ઞાનના સિધ્ધાંતોના નિરૂપણમાં સચોટતા આવે છે. તે સાથે વિચારોની સ્પષ્ટતા પણ ખાસ ધ્યાન ખેંચે છે. જુઓ : "વેદાંતવાદી જે બ્રહ્મનો ધ્યાતા છે તેજ બ્રહ્મનો શોધક સૂફી આશક છે ; વેદાંતનું બ્રહ્મ નિર્ગુણ છે તેમ જ, છતાં નિર્ગુણ બ્રહ્મની ઝાંખી જે પ્રકારે મૂર્તિમાં સગુણનો ઉપાસક કરે છે, તે પ્રમાણે આશક શરૂઆતમાં સ્નેહની ચૈતન્યમૂર્તિમાં કરે છે".[૪૮]

વાકયોમાં આત્માનુભવને કારણે જેમ સચોટતા અને સ્પષ્ટતા આવે છે તેમ લાઘવનો ગુણ પણ તેમાં સ્પષ્ટ પ્રતીત થાય છે. વાકયો

---

૪૭. 'સાગર'-ની પત્રરેખા પૃ. ૨૮૭

૪૮. એજન, પૃ. ૧૧૩.

ખૂબ ટૂંકાં બની જતાં અભિવ્યક્તિ ખુબ જ અસરકારક સચોટ અને સ્પષ્ટ બને છે. સૂત્રાત્મકતાનો આ ગુણ આ પત્રમાં નીચેની પંક્તિઓમાં જોઇ શકાય છે.

આશકની કવિતા એટલે જ એની અંદરના જગતનું તુમુલ યુધ્ધ અને એની વિલક્ષણ મુસાફિરીનું વર્ણન.[૪૯]

સુન્દરતા વસ્તુમાં કદાપિ નથી પણ સ્નેહમાં છે.[૫૦]
સૌંદર્યની જે ઝાંખી છે તેજ સ્નેહની ઝાંખી છે.[૫૧]

સામાન્ય સ્નેહો કરતાં અતિશય ઉન્નત, અતિશય દ્રઢ અને એટલે કે અનન્ય સ્નેહ જેને હું સર્વોપરિ સ્નેહ કહું છું યા સ્નેહયોગ કહું છું.[૫૨]

જીવનાનુભવને કારણે તત્ત્વજ્ઞાનની અભિવ્યક્તિમાં સચોટતા, સ્પષ્ટતા, સૂત્રાત્મકતા પ્રવેશે છે તે સાથે તત્ત્વજ્ઞાનના આ ચિરંતન સત્યો સમજાવવા 'સાગર'ના ગદ્યશૈલીમાં ઉપમા, રૂપક, દ્રષ્ટાંત પ્રયોજાય છે. પરિણામે ત્રણ વિભિન્ન શૈલીની છટા આપણે એમના ગદ્યમાં જોઇએ છીએ.

આ પત્રમાં પણ રૂપક શૈલી અને દ્રષ્ટાંત શૈલીના નમૂના છે: સૂફીનો જીવનક્રમ સમજાવતાં દિલની મુસાફરી શરૂ કરતાં પહેલાં 'સાગર' દિલમાંથી નકામું કચરું દૂર કરવું જોઇએ તે રૂપક દ્વારા સમજાવે છે. જુઓ : "દિલનો મુસાફિર સમજવા માંડે છે કે, ઇતરને સંપ્રદાન કરતા પહેલાં પોતે જાતે ઘણું ગ્રહણ ધારણ કરવું

---

૪૯. 'સાગર'ની પત્રરેખા પૃ. ૧૧૪
૫૦. એજન, પૃ. ૧૧૦
૫૧. એજન, પૃ. ૧૧૦
૫૨. એજન, પૃ. ૧૦૯

જોઇએ અને પોતે વાસ્તવિક ગ્રહણ ધારણ કરી શકે તે માટે પોતામાં ઘણું નકામું કચરું (weeds) તેણે દૂર કરવું જોઇએ". [૫૩]

ખરા સૂફીને સ્નેહનું દર્શન પોતાની હૃદયમૂર્તિમાં (Beau Ideal) થાય છે તે સમજાવવા માટે મીરાંબાઇનું મૂર્તિપૂજાનું દષ્ટાંત આપે છે. મૂર્તિપૂજામાં કે ગમે ત્યાં પણ મહત્ત્વતો ભાવનાનું જ છે એ સમજાવતાં નીચેનું સુંદર દષ્ટાંત આપે છે. જુઓ : "એક જ વસ્તુને ન્યૂનાધિક સ્નેહના પ્રમાણમાં જુદાં જુદાં હૃદયો ન્યૂનાધિક સુન્દર જુએ છે એ એનું પ્રમાણ છે અને એથી વધારે ભવ્ય પ્રમાણ આપણને મીરાંબાઇની મૂર્તિપૂજા આપે છે. ફકત એક પથ્થરનો ટૂકડો ! મીરાંબાઇના હૃદયનો સર્વોપરિ સ્નેહ એ ટૂકડામાં પ્રભુદર્શન કરે છે. એક પ્રોટેસ્ટંટ હિંદુને યા અંગ્રેજને એમાં પથ્થર કરતાં કશું જ વધારે લાગતું નથી અને આપણે પણ એટલું તો જાણીએ છીએ કે જો એ મૂર્તિથી સોપારી ભાંગવામાં આવે તો, બેશક, તે આખી રહે નહીં, પણ મીરાંબાઇને એવી કલ્પના પણ આવે ખરી કે ? હકીકતમાં તો પ્રભુ સર્વત્ર છે પણ સામાન્ય દૃષ્ટિને તેનું દર્શન કોઇપણ સ્થળે થતું નથી, ત્યારે મીરાંબાઇને તે એક સ્થળે – તેની મનગમતી મૂર્તિમાં થાય છે. અને એ જ પ્રમાણે ખરા સૂફીને તે દર્શન પોતાની હૃદયમૂર્તિ Beau Ideal માં અનુભવાય છે". [૫૪]

આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવની માફક તત્ત્વજ્ઞાનનો કોઇ વિશિષ્ટ શબ્દ લઇ તેની વ્યાખ્યા આપી સિદ્ધાંતો રજૂ કરવાની રીત 'સાગર'માં પણ જોઇ શકાય છે, જ્ઞાન, યોગ, પ્રેમ, જગત, દ્વિજ, સંસાર સ્નેહ જેવા અનેક શબ્દો સાગરે વ્યાખ્યા આપીને સમજાવ્યા છે.

---

૫૩. 'સાગર'ની પત્રરેખા પૃ. ૧૧૩
૫૪. એજન, પૃ. ૧૧૧

સમજાવ્યાછે પોતાના જીવન સિધ્ધાંતો સમજાવતાં સ્નેહયોગની વ્યાખ્યા આપતાં 'સાગર' કહે છે :

"ફક્ત સામાન્ય સ્નેહો કરતાં અતિશય ઉન્નત, અતિશય દૃઢ અને એટલે કે અનન્ય સ્નેહ જેને હું સર્વોપરિ સ્નેહ કહું છું યા સ્નેહયોગ કહું છું, તેનો હું પૂજારી છું : અને ચિત્તની તમામ વૈવિધ્યવાહિનીઓ એક જ કેન્દ્ર તરફ સ્વભાવતઃ અભિમુખ થયેલી હોય એ દશાને હું સ્નેહયોગ કહું છું".[૫૫]

આશકની શાયરી અને આશકની કવિતા સમજાવવા માટે પણ 'સાગર' વ્યાખ્યાશૈલી પ્રયોજે છે જુઓ : "આશકની કવિતા એટલે જ એની અંદરના જગતનું તુમુલ યુધ્ધ અને એની વિલક્ષણ મુસાફરીનું વર્ણન અંદરના દુશ્મનોને હઠાવવા તેણે વાપરેલાં હથિયાર એ આશકની શાયરી".[૫૬]

'સાગર'ની ગદ્યશૈલીનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો ઇ.સ. ૧૯૧૧ ના પત્રોમાં સ્પષ્ટ જોઇ શકાય છે.

'સાગર' તત્વજ્ઞાનના આ સિધ્ધાંતોને કાવ્યના રસે રસે છે. ચિરંતન સત્યના સિધ્ધાંતોને રસ દષ્ટિએ નિરૂપણ કરવામાં 'સાગર'નું લાગણીશીલ ભાવુક હૃદય ખૂબ ઉપયોગી બને છે. ઉર્મિ અને જ્ઞાનની મિલાવટ સધાતાં કાલેલકર, 'કલાપી' અને 'કાન્ત'ના જેવી કાવ્યમયતા 'સાગર'ની શૈલીમાં પ્રવેશે છે. તત્વજ્ઞાનના ઉર્મિયુક્ત રસસભર નિરૂપણને કારણે સચોટતા અને વિશદતા આવતાં 'સાગર'ના ગદ્યમાં ઓજસ અને પ્રવાહિતા સહજ જ આવી જાય છે. પરિણામે સામેની વ્યક્તિ તે સહેલાઇથી સમજી શકે છે. સાગર ની

---

૫૫. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૧૦૮-૧૦૯

૫૬. એજન, પૃ. ૧૧૪

ગદ્યશૈલીનું આ વિશિષ્ટ લક્ષણ તેમને સફલ ગદ્યકાર તરીકેનું ઉચ્ચ સ્થાન અપાવે છે. કાવ્યમય શૈલીની આ છટાનો આ નમૂનો જુઓ :

"વેદાંતવાદી જે બ્રહ્મનો ધ્યાતા છે, તે જ બ્રહ્મનો શોધક સૂફી આશક છે : વેદાંતનું બ્રહ્મ નિર્ગુણ છે તેમ આશકની સનમ પણ વદન વગરની અને આખી આલમની માલેક છે. છતાં નિર્ગુણ બ્રહ્મની ઝાંખી જે પ્રકારે મૂર્તિમાં સગુણનો ઉપાસક કરે છે તે પ્રમાણે આશક શરૂઆતમાં સ્નેહની ચૈતન્ય મૂર્તિમાં કરે છે. જોઇ શકો છો ને ? હવે કહેવાની જરૂર નથી કે, સૂફીવાદ ઉપનિષદના અદ્વૈતનું સમરૂપ છે. ઈશ્કે મિજાઝીની ભાવનાથી શુરૂ થતો આશક સનમના પગ ચૂમતાં, ચૂમતાં, પોતામાં સનમને સ્થાપતાં સ્થાપતાં, સનમને ભેટે છે; અને અંતે સનમમાં તે ગૂમ થઇ જાય છે, સમાઇ જાય છે કહે છે કે મીરાં કૃષ્ણસ્વરૂપમાં સમાઇ ગયાં તેમ ઇશ્કની એ છેલ્લી દશા છે ઈશ્કે હકીકી અથવા મનસુરનો અનલહક". [પ૭]

ગદ્યશૈલીમાં આ સાથે જુસ્સો, વેગ તથા directness નાસાગ્રતા પણ આવે છે. તત્ત્વજ્ઞાનના રસાન્વિત અન્વેષણનો આ બીજો નમુનો :

"મનુષ્ય અતે જ એક અજાયબ પ્રાણી છે; મન તેને બક્ષવામાં આવ્યું છે તેથી જેમ તે વધારે અનુકૂલતાની નજીક છે તેમ તે પ્રતિકૂલતાનો ભોગ થવાને પણ પાત્ર છે. ચંચલતાના સ્વભાવવાળું મન પૂરેપૂરું ચાલાક છે તેમ તે શયતાન પણ છે, એ આપણા અનુભવની વાત છે અને તે પોતાના તમામ ઇતર તરંગોનો પરિત્યાગ કરીને એક જ કેન્દ્રમાં સ્થિર થાય એ નાની વાત નથી બહુ જ વિકટ

---

પ૭. 'સાગરની પત્રરેખા પૃ. ૧૧૩-૧૧૪

વાત છે. આશ્ચર્યચકિત કરી નાખે અને ફક્ત હૃદય પર નહીં પણ આત્મા પર સુધ્ધાં આકર્ષણ કરે એવી સૌંદર્યની ઝાંખી વગર બહુલક્ષક મન એક જ કેન્દ્રમાં સ્થિત થઇ શકતું નથી. એ સૌંદર્ય એને જીતે છે : "અને તેની ચંચલતા ધીમે ધીમે એકમાં જ લય પામે છે. એ સૌંદર્યદર્શન અમુક સ્થળે કે અમુક વ્યક્તિમાં જ થાય એવો કશો નિયમ નથી. આ આખી આલમમાં પૂર ભરપૂર નૂર ભરેલું છે અને એ ઝાંખી જિગરને ગમે ત્યાં થઇ જાય છે. ડેન્ટી અને બિયેટ્રીસનું દષ્ટાંત જેમ પાશ્ચાત સાહિત્યમાં મોજૂદ છે તેમ લયલાં-મજનૂં, શિરીન-ફરહાદ અને યુસુફ-ઝુલેખાનાં દષ્ટાંત ફારસી સાહિત્યમાં હંમેશને માટે પ્રકાશે છે". [૫૮]

ઇ.સ. ૧૯૧૨ના વર્ષમાં પ્રવેશ કરતાં, 'સાગર'ની ગદ્યશૈલી ધ્વારા અભિવ્યક્ત થતા તાત્ત્વિક વિચારોનું સ્વરૂપ વધારે પ્રવાહી, વધારે ઊર્મિસભર અને વધારે ગંભીર બનતું લાગે છે. હૃષિકેશના વાતાવરણની સ્પષ્ટ અસર વરતાય છે. પરિણામે વાતાવરણનો અદ્ભુત આનંદ પણ પત્રોમાં વ્યક્ત કર્યો છે. પોતાના ભાઇ શ્રી મણિભાઇને પંદરમી એપ્રિલના દિને લખેલા પત્રમાં પોતાની નિર્બળતાનો સ્વીકાર કરતાં કહે છે : 'સ્નેહનું દર્શન થયા પછી એકદમ આશકે જોગી થવું જોઇએ એજ હકીકતની વાત છે; આત્મવિશ્લેષણ કરતાં 'સાગર' માર્ગમાં થતાં વિલંબનું કારણ પણ દર્શાવે છે :

---

૫૮. 'સાગર'ની પત્રરેખા પૃ. ૧૦૯

૫૯. એજન, પૃ. ૨૫૦

પોતાની ભૂલનો ખ્યાલ આવતાં માર્ગમાં આગળ વધવાનો એમણે કરેલો દૃઢ નિશ્ચય અભિવ્યક્તિમાં નવું જ બળ, નવો જ જુસ્સો પ્રગટાવે છે. દૃઢ સંકલ્પનું બળ ગદ્યને નવો જ ઘાટ અર્પે છે. તેમાં સચોટતા પ્રવેશે છે તેનું કારણ પણ સંવેગી આલેખન છે.

સંવેગી આલેખનનો એક સુંદર નમૂનો આ પત્રમાં છે જુઓ :

"મારો માર્ગ હું કોઇની પણ ખાતર અરે, ખુદ ખુદાની ખાતર પણ છોડી શકું તેમ નથી. બન્ધુ ! હું અમુક મનુષ્ય વ્યક્તિને ચાહું છું એવું માનવાને કશી જરૂર નથી. હું શું ચાહું છું તે "મારી સનમ"ને એકને જ માલુમ છે અને તેને ઘણીકવાર સ્પષ્ટ સાંભળતો છતાં તેનું બદન મેં જોયેલું નથી. હું તેને ચાહું છું કે જેનું બદન જોવાને ઇન્તિઝાર છું અને જેનું બદન માટીનું બનેલું નથી, ખુદ શરાબનું બનેલું છે". [૬૦]

ધાર્મિક વાતાવરણની એમના પર થયેલી અસર વર્ણવવા માટે શબ્દો ઓછા પડે છે. જુઓ : "પ્રેમ-સ્વરૂપ ગોપી - વ્રજની ગોપી - તેનું જીવન - તેનો પ્રેમ - એ બધું મને શું કરે ? શું ન કરે ? પણ કંઇ નહીં". [૬૧]

પોતાના માતુશ્રી રૂક્ષ્મણીબાને ૪ થી જૂને લખેલા પત્રમાં તે જણાવે છે : "શરીર તો ગમે ત્યારે પણ છૂટા પડવાના છે, પણ આત્મા તો અમર છે. માટે બહારની બાબતો છોડીને પ્રભુના નામનું સ્મરણ થાય એટલું જ જીવ્યાનું સાર્થક ગણાય.

---

૬૦. 'સાગર'ની પત્રરેખા પૃ. ૨૮૦
૬૧. એજન, પૃ. ૨૮૧

બાકી જગત તો માયામાં ઊંઘતું જ છે અને એનો કાંઇ અર્થ નથી. શરીર એક હજાર માઇલથી યે વધારે દૂર છે પણ હૃદય દૂર નથી અને એ જ વિચારવાનું છે. હું સુખી છું. પ્રભુના નામ પર જીવનાર સદા સર્વ સુખી જ છે."[૬૨] પરમાત્મા પ્રત્યેની અડગ શ્રધ્ધાનાં છેલ્લી પંક્તિમાં થતાં દર્શન પત્રલેખકનું વ્યક્તિત્વ દર્શાવે છે.

'સાગર' પોતાનો સ્નેહયોગનો માર્ગ સ્વાનુભવથી સમજાવતાં ૧૧મી જૂન ૧૯૧૨ના દિને લખેલા પત્રમાં પણ તેના સંવેગી આલેખનને કારણે સચોટતા સધાઇ છે. જુઓ : "પોતાનું અન્તરાવલોકન અને પોતાના દ્રઢતમ નિશ્ચય વડે પોતાના મનની જીત એજ માર્ગ યોગનો છે. સંકલ્પવિકલ્પવાળું મન જ માર્ગ કાપતાં અટકાવે છે અને મનુષ્યને ફક્ત પાર્થિવ જીવનમાં કબજ કરી રાખે છે. ઐહિક અને એટલેકે ક્ષણધ્વંસી પદાર્થોને અને સુખોને મહત્વ આપવાની આપણને પડી ગયેલી ટેવ આપણે છોડી દઇને ફક્ત પ્રેમની એકની જ સત્તાને આદર આપવા માંડીએ એટલે પ્રભુના ઘરનું ધ્વાર એની મેળે આપણી નજીક આવવા લાગે છે. અભ્યાસ આ પ્રકારનો વધતાં વધતાં જીવનું જીવપણું વિલય પામવા માંડી છે અને તે પ્રભુમાં જીવતો હોવાથી પ્રભુતા સ્પષ્ટ અનુભવવા માંડે છે. અરે ! તે પ્રભુ બનવા લાગે છે અને છેવટે એ જ માર્ગ – પ્રેમમાં જીવન જીવવાનો માર્ગ તેને પ્રેમમાં ભેળવી દે છે – તેને ખુદ પ્રેમસ્વરૂપ બનાવે છે, પ્રભુ બનાવે છે. મનને જીતવું એ જ પ્રભુ બનવાની મુખ્ય ચાવી છે. યોગ અને જ્ઞાન બન્ને માર્ગની એ એક જ મુખ્ય ચાવી છે અને પ્રેમભક્તિના માર્ગાનુગામી હૃદયોને એ સ્વભાવથી જ સિધ્ધ હોય છે".[૬૩]

---

૬૨. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૪૩૯–૪૪૦
૬૩. એજન, પૃ. ૨૯૫.

તત્ત્વજ્ઞાનના સિધ્ધાંતો સમજાવતાં પણ 'સાગર' ગદ્યમાં સરળતા લાવી શકે છે. સરળતા છતાં કથચિતવ્યમાં સચોટતા આવે છે તેનો નમૂનો પણ આજ પત્રમાં છે. જુઓ : "વિશ્વમાં બધું જ હેતુપૂર્વક યોજાય છે કેમકે પ્રયોજક પ્રેમ સિવાય બીજું કોઇ નથી. આખું તંત્ર જો પ્રેમના હાથમાં જ છે તો પ્રેમથી વિરોધી કોઇપણ કૃતિની સત્તા હૈયાત ન જ હોય એ દેખીતું છે. જગતનો રાજા પ્રેમ છે અને તેની જ સત્તા સર્વત્ર અને સર્વકાલે છે. ચિંતા, ક્લેશ કે કાર્પણ્ય એ પ્રેમના મૂળતત્ત્વને અને તેની સત્તાને નહીં સમજનારા અનુભવથી વિમુખ જીવને દેખાયાં કરે, છતાં તે અવસ્તુ છે એ સિધ્ધ છે ; કેમકે, સમર્થમાં સમર્થ સત્તા સર્વત્ર અને સર્વકાલે પ્રેમની જ છે". [૬૪]

બીજા એક પત્રમાં લાઘવયુક્ત સત્ય કથન રજૂ થયું છે. સંક્ષિપ્તતા હોવા છતાં અસરકારક રીતે સનાતન સત્ય તેમણે રજૂ કર્યું છે જુઓ : "બ્રહ્મ વ્યાકરણ એવું છે કે જેના એક જ શબ્દ છે અને તે પૂર્ણ "નામ" છે". [૬૫]

પૂર્ણતા શબ્દ સમજાવતાં આ જ પત્રમાં સંક્ષેપમાં તે કહે છે : "મનુષ્યત્વ એટલે જ અપૂર્ણતા અને નાહં મનુષ્યો ન ચ દેવયક્ષઃ એ અનુભવ પૂર્ણતા છે". [૬૬]

સૂત્રશૈલી ધ્વારા સંક્ષેપમાં ઘણું બધું કહી દેવાની રીત સાગરની ગદ્યશૈલીનું આગવું લક્ષણ અહીં જોઇ શકાય છે.

## ૧૯૧૩ – ૧૯૧૫ : સાધનાકાલ

હવે આપણે સાધનાકાલના દ્વિતીય વિભાગમાં પ્રવેશતાં ઇ. સ. ૧૯૧૩ના અગત્યના પત્રોની ગદ્યશૈલી તપાસીએ.

---

૬૪. "'સાગર'ની પત્રરેખા", પૃ. ૨૯૬
૬૫. એજન, પૃ. ૨૯૭
૬૬. એજન, પૃ.

શ્રી ચુનીલાલ મૂળજીભાઇ ત્રિપાઠીને લખેલા પત્રમાં જગતની સેવા અંગેનો પોતાનો સિધ્ધાંત સમજાવતાં એ હરિજનને નદી સાથે સરખાવે છે. આખોયે ગધખંડ કાવ્યમય બાનીનો સુંદર નમૂનો છે. જુઓ : "ખરા હરિજનની ગતિ હંમેશાં નદીની પેઠે ઇષ્ટની સંમુખ-વાહિની જ હોય છે અને તે જયાં જયાં વહે છે ત્યાં ત્યાં અનાયાસે સ્વભાવત: જ વહયાં કરે છે ; માર્ગમાં જે જે એને મળે છે તે તે દરેકનો યથેચ્છ ઉપયોગ કે ઉપભોગ કરવાની પૂરી છૂટ છે. સુંદર પુષ્પો અને દધિદુગ્ધધૃતાદિકથી એનું પૂજન કરો કે એમાં મલ ધૂવો એથી એની ગતિમાં અન્યથા ફેરફાર થવાનો સંભવ નથી. પૂજન કરવાથી ખુશ થઇને પોતાની ગતિ અટકાવીને કોઇસ્થાને એ ઠરી જશે નહીં કે મલના ટોપલા ફેંકવાથી ગુસ્સે થઇને માર્ગ બદલશે નહીં. એ તો ઇષ્ટ સ્મરણનું બ્રહ્મસંગીત ગાયાં જ કરતી હરદમ એજ માર્ગે વહયાં કરશે. સંતજનો પણ એજ મુતાબિક જગતને અને બ્રહ્મને અભિન્ન ઓળખાવાની શ્રેણીએ વહયા જનાર છે અને સ્વભાવત: એ શ્રેણીએ જે જે મળે તે તે ભલે એમના આત્મસ્ત્રોતનો યથેચ્છ ઉપયોગ કે ઉપભોગ કરે. એમ અજાણપણે જે થયાં કરે તે જ ખરી સેવા છે કેમકે એ ત્રિગુણાતીત બ્રહ્મના સળંગ વહનમાંથી ઉદ્ભૂત થયેલી અને નિરન્તરની પવિત્ર છે. વિશ્વમાં વિખ્યાતિ પામેલા પૂર્ણ પુરુષો જુઓ અને તમે જોઇ શકશો કે એમણે કોઇએ માર્ગક્રમણના સ્વાભાવિક આત્મસ્ત્રોત ધ્વારા જે અનાયાસે થયું તે સિવાય અધિક કશું કર્યું નથી. પોતે દષ્ટાંતરૂપ થવું અને પોતાને જ જાણવા મથ્યા કરવું એ જ ધર્મોનો મૂળ ધર્મ છે". [૬૭]

'સાગર' કેટલીકવાર તત્વસિધ્ધાંતો સમજાવવા માટે પ્રશ્નોની પરંપરા ખડી કરી દે છે અને એ રીતે પણ સહેલાઇથી પોતાના વિચારો રજૂ કરે છે. આ પ્રશ્ન શૈલીનો એક નમૂનો આ પત્રમાં પણ

---

૬૭. "'સાગર'ની પત્રરેખા", પૃ. ૧૦૧

છે. જુઓ : "તમે કોણ છો ? તમે શું છો ? અને તમે જાતે જ નિરન્તર શોધ્યાં કરો અને જુઓ કે બાપદાદાનાં જે શરીરો છૂટાં પડયાં તેમને હાલના જગત સાથે શો સંબંધ છે ? તમે પણ એક કાલે એવા જ અસંબધ્ધ થનાર છો અને "આપ મુવા પિછે ડુબ ગઇ દુનિયા" એવું થનાર છે, તો આ વચમાંનો બધો મામલો શું છે ? શરીર જન્મયા પહેલાં સંબંધ ન હતો. અને છૂટયા પછી કશો સંબંધ રહેવાનો નથી, ત્યારે ચાળીસ-પચાસ કે પોણોસો વરસની આ વચલી બાજી શું છે ? સાચી છે કે કોઇ જાદુગરની ઈંદ્રજાલ છે ? કે મૃગજળની પેઠે કેવળ આભાસ છે ? હૃદયપ્રધાન પ્રકૃતિ હોય તો શાસ્ત્રોને અને સંતની વાણીને શ્રધ્ધાથી આદર આપો અને બુધ્ધિપ્રધાન પ્રકૃતિ હોય તો જાતે શોધો અને સતત પ્રયત્નથી એ એક જ મૂલ પ્રશ્નની પરંપરાનું બધું નિરાકરણ પામો".[૬૮]

ચિદાનન્દરૂપી ખજાનો શોધી કાઢવાનો માર્ગ પણ આ જ પત્રમાં 'સાગર' શ્રી ચુનીલાલ ત્રિપાઠીને દર્શાવે છે. રૂપકશૈલીનો આ સુંદર નમૂનો છે : "આ નારાયણ ! દેશ, કાલ અને સ્થિતિથી તમે તો સદૈવ સ્વતંત્ર સવિતાનું સ્વરૂપ છો અને ભ્રમણાનો પડદો ઉંચો કરીને જોશો એટલે આખા વિશ્વને યથાર્થપૂર્ણ જોવાશે. એ જ સાચી દષ્ટિ છે, ઓ નિજરૂપ ! તમારા પોતાના જ મકાનમાં અનન્ત દ્રવ્ય દાટેલું છે અને તમે હીનતા શાને માનો છો ? બાપુ ! શ્રધ્ધા, સદ્ભાવના અને પ્રણવધૂનમાં આન્તરની તન્મયતાનાં ઓજારો પણ તમારી હજૂરમાં હાજર છે. હુકમ ફરમાવો અને એ બધાં સાધનો મન, બુધ્ધિ અને હૃદય જેઓ તમારે મ્હોડે ચડાવેલા નોકરો છે તેઓ એકદમ રજૂ કરશે. એ ઓજારોથી ચિદાનન્દનો ખજાનો ખોળી કઢાડો".[૬૯]

---

૬૮. "'સાગર' ની પત્રરેખા" પૃ. ૧૦૨

૬૯. એજન, પૃ. ૧૦૨

સાધનાકાલ દરમ્યાન સાગરે અજાતવાદનો અભ્યાસ સવિશેષ કરેલો. પરિણામે અજાતવાદના સિધ્ધાન્તો જીવનમાં વણાઇ ગયેલા. અજાતવાદના જગત–બ્રહ્મના સંબંધને અંગેના સિધ્ધાંતો સચોટરીતે જોડે પત્રમાં તત્ત્વસિધ્ધાંત સમજાવવાની એમની સંવાદાત્મક પધ્ધતિ અહીં જોઇ શકાય છે. જુઓ : "જગતને જોવાની ખરી દષ્ટિ જ એ છે કે તેનો નિર્ગુણ બ્રહ્મનું સગુણ સ્વરૂપ જોવું અને દેહાધ્યાસનું ન્હાનકડું "હું" ઓગળી ગયાં પછી, એની મેળે જ – આપોઆપ અચાનક જ – અહં બ્રહ્માસ્મિનું મોટામાં મોટું હું "હું" સર્વત્ર અને સર્વકાલ જાગતું જ અનુભવાય છે. ત્યાં તો આખું જગત જ જગત રૂપે નહીં, પણ બ્રહ્મની સુન્દરમાં સુન્દર મૂર્તિરૂપે પ્રત્યક્ષ થાય છે. અને ખરી હકીકત પણ એજ છે કે ; બે આંખે જણાતી વસ્તુમાત્ર બાહ્યરૂપે ભ્રમ–માત્ર છે, પણ ત્રીજી આંખે જોતાં બ્રહ્મ સિવાય કોઇપણ ભિન્ન વસ્તુ વિદ્યમાન જ નથી. હું – તું – તે એ બધાં સર્વનામો એકજ સર્વોપરિ નારાયણના નામમાં ઓગળી જાય છે અને ત્યાં ઓ માતા ! નારાયણ વગરનું કશું જ નથી".[૭૦]

શ્રી ભગવાનજી મહારાજને લખેલા પત્રમાં કાવ્યમય શૈલીમાં સ્પષ્ટતા, સચોટતા, જુસ્સાનો સુમેળ સધાયો છે. ઉર્મિયુક્ત આલેખનને કારણે ભાષામાં માર્દવ, લાઘવ, ઓજસ અને પ્રવાહિતા આવ્યાં છે. જુઓ :"એકવાર જો મનને સખ્ત ફટકો મારીએ તો મનની અડધી તાકાત નાશ પામે છે અને પરિણામે તો મન એવું બાયલું છે કે થોડા જ સખ્ત ફટકા ઉપરાઉપરી લાગ્યા પછી આત્માના રાજ્યનું પૂર્ણ આજ્ઞાંકિત બન્યા સિવાય રહેતું જ નથી"

"ગમે તે નામ લ્યો, ભગવન ! ગમે તે એકની જરૂર છે અને તે ભલે રામ હો કે ભીમ હો ; કૃષ્ણ હો કે કેદાર હો ; અલ્લાહ હો કે

---

૭૦. 'સાગર' ની પત્રરેખા પૃ. ૧૬૦

યુસુફ હો ; મહમદ હો કે માશૂક હો ; દેવ હો કે દિલ્બર હો, ગમે તે હો પણ તેમાં અનંત ગુણની, અનન્તરૂપની અને અનન્ત નામોની અનન્તગણી એકીકૃત ભાવના જામેલી હોય અને ક્ષણ ક્ષણ એના જ ચિન્તનમાં આત્માનુભવ રહેતો બસ છે – બેડો પાર છે. એવા ચિન્તનની સહજ સફલતા માટે જ પ્રણવમંત્ર ઓમકારને વેદો વધારે પ્રાધાન્ય આપે છે. યોગીઓ સોહંને વધારે પ્રાધાન્ય આપે છે, ભકતો રામનામને વધારે મહત્ત્વ આપે છે".[૭૧] તત્ત્વજ્ઞાનનું રસાન્વિત અન્વેષણ આમ 'સાગર'ની શૈલીનું વિશિષ્ટ અંગ બની રહે છે.

પોતાના સિધ્ધાંતોને અનુરૂપ અર્થઘટન કરવાની આચાર્ય આનંદશંકર ધ્રુવ તથા મણિલાલનીરીત 'સાગર'ની તાત્ત્વિક વિચારણામાં પણ જોઇ શકાય છે. 'સાગર'ની ગધશૈલીનો એ એક વિશિષ્ટ ગુણ છે. શ્રી ભાઇલાલભાઇ ભટ્ટને લખેલા એક પત્રમાં હૃદયનો અર્થ વિવેકબુધ્ધિ – પ્રજ્ઞાન કરી તેનું મહત્ત્વ સમજાવતાં તે કહે છે : "'સાગર' તો 'હૃદય' નો જ હિમાયતી છે અને 'હૃદય' ની વિરૂધ્ધ તે કદાપિ બોલ્યો નથી : પણ 'હૃદય' એટલે અન્તરાત્મા – Conscience – અને એને વેદાન્ત વિવેક – બુધ્ધિ વા પ્રજ્ઞાન કહે છે તે હૃદય એટલે ચિત્ત Heart નહીં. Emotions એટલે લાગણીઓ અથવા ભાવનાઓ જેમાં ઉત્પન્ન થાય છે તે ચિત્ત તે હદય તો જરૂર ઠગારૂં છે. કામણગારૂં છે અને જેમ બુધ્ધિ-જાણવું એ ઉપરથી વિવેક બુધ્ધિ શબ્દ તેમ Scio, to know ઉપરથી Conscience શબ્દ છે. અને Conscience – અન્તરાત્મા એજ હૃદય એમ પ્રોફેસરનો અર્થ છે : અને એ જ સર્વોપરિ રીતે ઉચિત છે. જે 'બુધ્ધિ'ની વિરુધ્ધ પ્રોફેસર વારંવાર બોલે છે તે 'બુધ્ધિ' માટે શ્રીમદ્ ભગવદ્ગીતા

---

૭૧. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૧૯૬

કહે છે કે 'બુધ્ધિ'ના બે પ્રકાર છે; વ્યવસાયાત્મિકા બુધ્ધિ અને નિશ્ચયાત્મિકા બુધ્ધિ. પહેલી બુધ્ધિ તે મનોબુધ્ધિ અને બીજી તે વિવેકબુધ્ધિ. હૃદય જ ઇશ્વર છે, હૃદય જ બ્રહ્મ છે એટલે કે અન્તરાત્મા – Conscience જ ઇશ્વર છે – બ્રહ્મ છે. વિવેકબુધ્ધિ યાને નિશ્ચયાત્મક બુધ્ધિ એજ પ્રજ્ઞાનસ્વરૂપ બ્રહ્મની બ્રાહ્મી વાણી છે અને એની વિરુધ્ધ પ્રોફેસરની કશી દલીલ સંભવતી જ નથી. જોઇ શકાશે કે લાગણી થવી એ હૃદયનું કાર્ય છે અને એને શાસ્ત્રો ચિત્તક્ષોભ કહે છે. એ ચિત્તના ક્ષોભને શાંતિમાં એકરૂપ – એકરસ કરી દેવો એજ પ્રજ્ઞાન અથવા વિવેકબુધ્ધિનો આદેશ છે. ખરો સહૃદય પુરુષને એજ કે પ્રતિપળે નિગ્રહિત ચિત્તે અન્તરાત્માના આદર્શને Commandment of the conscience ને અનુસરે જ છે અને ક્ષણિક આવેશ યા ચિત્તક્ષોભને જરૂર જ હુકમમાં રાખીને શમાવે છે. વિવેકપૂર્ણ અંદરનું રાજ્ય ચલાવે છે." ૭૨

ગીતાના અવતરણ ધ્વારા 'સાગર' વિચારોને સ્પષ્ટપણે રજૂ કરે છે. તાત્વિક વિચારણામાં રહેલી સ્પષ્ટતા 'સાગર'ના બહુશ્રુતપણાને આભારી છે. આચાર્ય ધ્રુવના જેવી શૈલીનો આ નમૂનો છે. હૃદયનો સંબંધ અંતરાત્મા, સાથે દર્શાવી ચિત્તક્ષોભને વિવેકબુધ્ધિ સાથે જોડી ચિત્તક્ષોભ – ક્ષણિક આવેશને વિવેકબુધ્ધિ ધ્વારા હુકમમાં રાખવાની 'સાગર' સલાહ આપે છે. મનોબુધ્ધિ અને વિવેકબુધ્ધિ વચ્ચેનો તફાવત દર્શાવી મણિલાલ જેને બુધ્ધિ કહે છે તે મનોબુધ્ધિ એમ પોતાની રીતે અર્થ ઘટાવે છે. ચિત્તક્ષોભને હુકમમાં રાખનાર પુરુષાર્થી જ ગૃહસ્થ જીવનમાં જ પૂર્ણતા પ્રાપ્ત કરે તે સમજાવતાં 'સાગર' સ્પષ્ટ કહે છે કે : "ભગવદ્ગીતા કોઇને બાવા બનાવતી નથી અને બાવા બન્યા સિવાય પૂર્ણતામાં જીવ શી રીતે ભળી શકે એ અતિ ગુપ્ત વાતો

---

૭૨. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૨૨૧–૨૨૨

ખુલ્લી કરે છે. તે કર્મયોગની ભલામણ કરે છે અને સાંખ્યને આધારે જ્ઞાન અને યોગ બન્નેની એકતા બતાવી જીવને શાંતિમાં મૂકી દે છે".[૭૩]

'સાગર' ગંભીર તત્ત્વવિચારણાને ક્યારેક હળવી રમતીયાળ શૈલી દ્વારા પણ સચોટતાથી વ્યક્ત કરે છે. સાગરે માતાજી ભાગીરથીને લખેલા એક પત્રમાં હળવી શૈલીમાં આત્માનું સ્વરૂપ સમજાવે છે. આ પત્ર 'સાગર'ના વિનોદી સ્વભાવનું પણ દ્યોતક બની રહે છે. જુઓ : "તારૂં નામ ભાગીરથી છે, એ તો તું જાણે છે; અને તું એ પણ જાણતી હઇશ કે આ શરીર ભાગીરથીને કિનારે રહે છે. જે ભાગીરથીને કિનારે આ શરીરનો નિવાસ છે તે ભાગીરથીનું નામ તારા શરીરને મળ્યું છે, એ અતિશય સુંદર હકીકત છે. એ ભાગીરથીને કિનારે બેસીને ભાગીરથીને પત્ર લખવો એ પણ ભાગીરથીનો જ મહિમા છે, ખરેખર ! પણ તું જાણે છે કે એ ભાગીરથી શું છે ? અત્યારે પ્રાતઃકાલ છે અને સાગરમાં સમાઇ જતી એ સદા સૌભાગ્યવન્તી એવું તો મીઠું મીઠું ગાગા કરે છે કે કંઇ કહેવાની જ વાત નહીં ! તને ગાતાં આવડે છે ? ગાતાં કોને ન આવડે ? ખાતાં આવડે તે દરેકને ગાતાં આવડે, ફક્ત રાગમાં ને ધ્વનિમાં તફાવત લાગે એટલું જ. આ ભાગીરથીનો અવાજ અતિશય મધુર છે, કોમલ છે, દિવ્ય છે. તારો અવાજ કેવો છે, એ તને ખબર છે ? આ ભાગીરથીનો અવાજ એવો છે એનું કારણ એ છે કે, એ ભગવતીનું ગાણું આત્માનું ગાણું છે, અને પૂરેપૂરા રસથી અને પૂરેપૂરા આનંદથી એ ગાયા જ કરે છે, અને તેથી એને કદાપિ થાક લાગતો નથી. આનંદમાં કદી થાક લાગે નહીં, એ દેખીતું છે.

તારા નામવાળી એ અખંડ સૌભાગ્યવન્તી ભાગીરથી જેવું ગાય છે એવું તારે ગાતાં શિખવું છે ? જો શિખવું હોય તે

---

૭૩. 'સાગર'ની પત્રરેખા પૃ. ૨૨૨

એમી પાસેથી સાંભળીને તને લખી મોકલાવવાને આ હાથ તૈયાર છે. ઓહો ! કેવો મઝાનો સૂર ! હૃદયના ઠેઠ અંતરભાગ સુધી એ સ્વર પહોંચે છે. અને આનંદનું જાગ્રત ઘેન ચડાવે છે ! એ શું ગાય છે ? હાં ! હાં ! આવું ગાય છે ? "હું આત્મા છું. હું આત્મા છું: "હું કેવળ શુધ્ધ આત્મા છું." નિરાકારે બધામાં છું: "હું આત્મા છું ! હું આત્મા છું ! ખરેખર ! ભાગીરથીનું ગાણું તો અજાયબ છે. તું ગા જોઇએ એવું ગાણું. એ ભગવતી કહે છે કે, હું આત્મા છું અને બધામાં નિરાકારે રહું છું. ખરી જ વાત છે. કેમકે આકાર હોય છે તેને અંદરનું ચેતન ગયા પછી આપણે શું કરીએ છીએ ? નાશ કરીએ છીએ. જો આપણે આકાર ન હોઇએ તો કોઇ નાશ કરે ? ના પણ આપણે આત્મા છીએ અને ભાગીરથીનું ગાણું આપણને સૌને લાગુ પડે છે".[૭૪]

"આટલું ગાતાં ગાતાં તો આ ગંગા ભાગીરથી ખડખડાટ હસી જાય છે ! આ લખનારને પણ હસવું આવે છે ! ત્યારે, તું પણ ખૂબ હસ. પણ ગાવું ને હસવું બે શી રીતે બને ? હજી ગંગાજી તો હસ્યાં જ કરે છે ! ચાલ ત્યારે - હું જ એક બૂમ પાડી દઉં :

નથી સાગર, નથી હું નદી ! અસંસક્તિ નિજાનન્દી !
સદા શિવઘન - સદાશક્તિ - હું આત્મા છું ! હું આત્મા છું.

ઓહો ! આ બૂમ સાંભળતાં જ ભાગીરથી દેવી એ જ શબ્દો ફરી ફરી ગાય છે ! બસ, ત્યારે - તું પણ એ જ ગાયાં કર. તું આત્મા છે. બે આંખે દેખાતી વસ્તુઓ તો નાશ પામે એવી છે પણ તું આત્મા છે એવો અનુભવ નાશ ન પામે તેવી વસ્તુ છે.[૭૫]

---

૭૪. 'સાગર'ની પત્રરેખા', પૃ. ૨૪૨-૨૪૩
૭૫. એજન, પૃ. ૨૪૩

સાદી છતાં અસરકારક શૈલીના નમૂના લેખે શ્રી મણિભાઇને લખાયેલા એક પત્રનું અવતરણ અહીં ટાંકવું જોઇએ. જુઓ : "તને કશી ફિકર નહો ; કશું દુઃખ નહો ; કશું ભ્રમણ ન હો ; કશું ચિત્તક્ષોભક ન હો ! અને શરીરની બહુ પર્વા પણ ન હો શરીરનો સારો ઉપયોગ થાય છે અને ઉપયોગ પૂરો થતાં એ નારાયણના મહોજ્જ્વલમાં મળી જશે અને તે કાળે જગત મૃત્યુ માનશે. વસ્તુમાં કંઇ બનવાનું નથી".[૭૬]

એવો જ બીજો નમૂનો એમને જ લખેલા બીજા એક પત્રમાં પણ છે : "મુણ્ડક ઉપનિષત ખરું જ કહે છે કે :-

ૐ ધનુષ, તીર આત્માનું, લક્ષ્ય બ્રહ્મ બનાવવું ;
ત્વરાથી વીંધવાને, હાં ! તીરવત તન્મય થવું.

ચતુર્થવાદ એ મૂલ ધર્મ છે અને આગન્તુક ધર્મને 'સાગરનાં' મન બુધ્ધિ આદર આપી શકયાં નથી. 'સાગરનું પોતાનું શરીર પણ કંઇ બહુ સારું નથી છતાં બ્રહ્મને વીંધવા નીકળેલો યોધ્ધો હમેશા મરણિયો હોય છે".[૭૭]

સાધનાકાળ દરમ્યાન વૈરાગ્ય અને જીવનાનુભવની ખુમારી - અજબમસ્તી પણ સાગરે ગદ્યમાં વ્યકત કરી છે. શ્રી મણિલાલ ગુલાબચંદ શાહને લખેલા પત્રમાં જપનું મહત્ત્વ સમજાવતાં 'સાગર' કહે છે : "બોલો - હરિ ત્રણ વાર બોલો -ૐ॥ૐ॥ૐ॥ હજી એકવાર વધારે -ૐ ફરીથી બોલો ઓ....મ્ બસ ? ૐ

હાં, જી ! એ જ મંત્રથી અંદરનું આકાશ કેવળ પ્રપૂર્ણ છે. એ ધૂન સાંભળયા કરો - ગજાવ્યાં કરો - જુવો તો ખરાં, પ્યારાંઓ ! શી મઝા જામે છે ! ખરે, તમે જાતે જ અદ્ભુત છો. શ્રી હરિની માયા અદ્ભુત છે, પણ આત્માનું સામ્રાજ્ય તો સર્વોપરિ અદ્ભુત છે. હરિ ૐ ॥

૭૬. 'સાગર'ની પત્રરેખા', પૃ. ૩૦૦
૭૭. એજન, પૃ. ૩૦૨

વધારે લખવાની જરૂર છે ? ઓહ નો ૐ।। ગો ઓન – ઓમ – ઓ...મ – ઓ...મ સ્ટેઇટ વિધિન – ઓ...મ – ઓ...મ હરિ ૐ તત્સત્ ।।[૭૮]

મનને વાસનાક્ષય માટે વશ કરવાની ખૂબ જરૂર છે. એ માટે અતિશય શૌર્યની જરૂર છે એ સમજાવતાં સાગર સુંદર દૃષ્ટાંત આપે છે. શ્રી મરઘાભાઇ માસ્તરને લખેલા પત્રની દૃષ્ટાંતશૈલીનો નમૂનો અહીં આપવો જોઇએ. જુઓ : "અન્તરાત્મા વાસનાઓથી કદાપિ લેપાતો નથી ; વાસનાઓ ખડી કરનારું મન છે અને તમે તો આત્મા છો.

હુકમ ચલાવો ; સત્તા ચલાવો ; અને વસ્તુતાએ તો મન એવું બાયલું છે કે એક બે વાર હુકમ કરશો – સત્તા ચલાવશો એટલે ખરેખર ડરી જશે અને છોકરાઓ જેમ મહેતાજીની સોટીથી બ્હીએ છે તેમ તે ચૂપ થશે. એક સખ્ત સોટીનો પહેલો ફટકો એ હરામખોર મનને માટે બસ છે ; પણ એ પહેલો ફટકો મારતાં જ અતિશય શૌર્યની જરૂર છે અને એવી શૂરવીરતાનો વિજય અવશ્ય કાયમનો છે. વધારે તો શું ? ધૂન મચાવો – અંદરનું સામ્રાજ્ય બહુ અદ્ભુત છે, આંખમાં શિવામૃત ભરો અને અનાસ્થા દૂર થશે એટલે બેચેની ક્યાં રહેશે ? દુ:ખ ક્યાં રહેશે"?[૭૯]

સાગરે 'કલાપી'ના સ્નેહરાજ્ઞી' શોભનાને લખેલા એક પત્રમાં સંવાદશૈલી પ્રયોજી છે. જુઓ : "માતા – જો જે, સંભાળજે, માયાને દોસ્ત બનાવીને તું સ્વરૂપનો અનુભવ લેયાં કરજે. કર્તા – ભોક્તા નહીં, પણ સાક્ષી તરીકે નિહાળી રહીને માયાની ઉપરિ – એના પર સત્તા ચલાવનારી મહારાણી તરીકે તને પોતાને જોજે,

૭૮. "સાગર"ની પત્રરેખા", પૃ. ૩૨૭
૭૯. એજન, પૃ. ૩૪૪

દેવિ ! તું સ્ત્રી નથી, તું પુરુષ નથી, તું તો અલિંગી આત્મા છે - બ્રહ્મસાગર છે. આકાશથી પાતાલ સુધી વ્યાપ્ત એવું ૐકારસ્વરૂપ ૐ[૮૦]

જે વ્યકિતને પત્ર લખે છે તેની સાથે હૃદયનું ઐકય હોવાને કારણે સચોટતા સધાય છે. સંવાદાત્મક શૈલી ધ્વારા અપાતો બોધ ખૂબ અસરકારક બની રહે છે. જુઓ : "વ્યવહારો કર્યાં કર, માતા ! પણ વ્યવહારથી કંટાળે છે એ ઉચિત નથી. વ્યવહારમાં પણ પ્રભુને જોયાં કર. મનને આત્મામાં ડૂબાડી દેવું અને ખાતાં, પીતાં, ઉઠતાં, બેસતાં અને હરેક કામ કરતાં વૃત્તિને આત્માના અનુસંધાનમાં જ અનુભવ્યાં કરવી એ વિસરાય નહીં તો બસ છે, નારાયણનું સ્મરણ દરેક કામમાં એટલે આઠે પહોર હોવું જોઇએ અને દેહનો અધ્યાસ કાયમની એવી દષ્ટિ વડે છેક ગળી જવો જોઇએ - બસ - પછી નામરૂપમાં કશો મોહ કે શોક રહેતો નથી".[૮૧]

આ પત્રમાં ભાવૈકય સધાયાનું બીજું દષ્ટાંત જુઓ : "પહાડોમાં ફરાય છે ને, જંગલોમાં ધૂમાય છે. પ્રભુ દરેક સ્થળે છે એ ખરૂં, પણ એવી કાયમની દષ્ટિ માટે, મનને આત્મલીન અનુભવવા માટે તો એકાન્તચિન્તનની જરૂર છે, વ્હાલી બ્હેન ! ટાઢને તડકો સહન કરવો એ મુશ્કેલ છે ખરૂં, પણ મનનું તોફાન અંદરને અંદર રહેવા દેવું અને આઠે પહોર એક જ આત્મદષ્ટિ ન રહે, એ સ્થિતિ સહેવી એ મુમુક્ષને માટે વધારે મુશ્કેલ છે, ને મારી મીઠી મોંઘી બ્હેન !"[૮૨]

ખૂબજ સહેલી, સરળ અને સાદી ભાષામાં પણ સચોટ રીતે તત્વજ્ઞાનના ગહન સિધ્ધાંતો સમજાવી શકાય છે, તેની પ્રતીતિ કરાવતો 'સાગર'નો રૂક્ષ્મણીબા પર લખાયેલા પત્રનો નમૂનો જોઇએ.

---

૮૦. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૩૭૪-૩૭૫
૮૧. એજન, પૃ. ૩૭૭
૮૨. એજન, પૃ. ૩૭૭

"માણસનું શરીર મોંઘું છે અને જીવ એવું મોંઘું શરીર મેળવીને માયામાં ગૂંચવાઇ જાય તો પસ્તાવવાનો વખત આવે માટે મનથી સમજીને પોતાનું અન્તર પ્રભુનું કરવું અને પોતાના મનને એવું જ બનાવી દેવું કે પ્રભુ જે જે કરે તેમાં લગાર પણ શોકની કે મોહની લાગણી થાય નહીં. બસ, એજ કરવાનું છે – એ જ શરીરધારણનો હેતુ છે. દુનિયાની નિશાળમાં આવીને જીવોને આટલું જ ભણવાનું છે કે : "હું હાથપગ કે આંખ – કાન કે નાક, જીભ કે શરીર નથી. હું શરીર નથી, કેમકે શરીર તો ચેતન ગયા પછી જડ જ રહે છે અને એને બાળી નાખે છે એ જાણીતું છે. જે ચેતન એમાંથી ચાલ્યું જાય છે તે હું છું. એટલે આત્મા છું અને શરીર તો નાશવન્ત છે. શોક કે મોહની લાગણી સાથે મારો કશો સંબંધ નથી. એ પળે પળે વિચારવાનું છે એ આત્મા જ આપણું સૌનું સાચું રૂપ છે. એ કેવું છે ? કદાપિ મરે નહીં એવું અને પૂરેપૂરું આનંદથી ભરેલું – આનન્દસ્વરૂપ જ હંમેશા રહે છે. આવો અનુભવ એજ મોક્ષ અથવા મુક્તિ છે. આટલું ટૂંકું જ જ્ઞાન જીવને તરવા માટે બસ છે. બીજાં કશાં સાધનોની જરૂર નથી. જો આ પ્રમાણે મનને આત્મામાં જ શમાવી દેવાય અને લાગણી વગરનું થવાય તો. ૐ।। [૮૩]

હું ૐ।। વારે વારે લખું છું અને બોલું છું એનું કારણ એ છે કે એ ઓમ આત્માનું અને પરમાત્માનું જે એકજ સ્વરૂપ છે તેનું ટૂંકુ નામ છે અને વેદમાં એનો અર્થ લખેલો છે કે ૐ એટલે સચ્ચિદાનન્દ એ પળે પળે જપવાનો મંત્ર છે. ૐ।।

મારું શરીર પૂરેપૂરા સુખમાં છે અને ત્યાં કયારે અવાશે એ હજી નક્કી નથી પણ શરીર સુખી છે તો થોડા કાલમાં જરૂર અવાશે. તારે પાલણપુર જવું હોય તો પાલણપુર જજે ને ચિત્રાલ

---

૮૩. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૪૪૧

જવું હોય તો ચિત્રાલ જજે. શરીરને જેમ પૂરો આરામ મળે તેમ ખુશીથી કરજે. દુઃખ કશું ભોગવતી નહીં. દુઃખની ઉત્પત્તિ મનને લીધે છે ને એ મનને જ આખું પ્રભુને આપી દઇએ તો દુઃખ થાય જ કયાંથી ? ૐ પ્રભુજી ।[૮૪]

'મસ્તાન' હરિલાલ મથુરાદાસ મશરને લખેલા પત્રમાં જીવનાનુભવની મસ્તી – ખુમારી સ્પષ્ટ દેખાય છે. ભાષાનું સ્વરૂપ બદલાય છે. ભાષા હિન્દી બનતાં જુસ્સો પ્રગટે છે અને સચોટતા પણ આવે છે. જુઓ : "દુનિયા કે સબ પદાર્થો કો બચ્ચોંકી પૂતલીઓંકી માફિક સમજ લો ઔર સચ્ચા સ્વરૂપ સે યારી ઠહરા દો મેરે પ્યારે ! વો હિ કરના કે જિસસેં કાયમકા આરામ મિલ જાય, ભૈયા !

ખાતે, પીતે, ફરતે, બોલતે, ચાલતે ઔર સબ કુછ કામ કરનેકી બખ્ત ભી અન્દરકા સૂર સ્વરૂપમેં હિ મિલા પિછાના જાય ઐસા સાવધાન રહના ઔર મનકો ખુદ આત્મામેં ડૂબા દેના, ક્યોંકિ મન એક હિ જગતકા મૂલ હય ઔર મન આત્મલીન હુવા તો સારા જગત જગત નહીં રહેગા ૐ "[૮૫]

ઇ.સ. ૧૯૧૪ના અંતભાગમાં સાગર પોતાની આત્મસાધના માટે થોડો સમય ઋષીકેશમાં ગાળે છે. પરંતુ આ આખાયે વર્ષ દરમ્યાન લખાયેલા પત્રો તપાસતાં 'સાગર'ની આત્મસાધનાની પૂર્ણતા સુધીની દશાની પરમાત્મપ્રાપ્તિ માટેની તીવ્ર મસ્તી તેમજ તાત્ત્વિક વિચારણામાં દઢતા, વિશદતા અને ગહનતા પ્રવેશેલાં જોઇ

---

૮૪. "'સાગર'ની પત્રરેખા", પૃ. ૪૪૧

૮૫. એજન, પૃ. ૪૮૫

શકાય છે. આ આખાંયે વર્ષ દરમ્યાન આધ્યાત્મિક જીવનની પૂર્ણતા તરફ ધીમા પણ મક્કમ પગલે આગળ વધતા 'સાગર'ની માનસ દશાનું યથાર્થ પ્રતિબિંબ પણ જોઇ શકાય છે. 'સાગર'ની ગદ્ય શૈલીના કેટલાક વિશિષ્ટ લક્ષણો આ વર્ષના પત્રોમાં તરતજ ધ્યાન ખેંચે છે. 'સાગર' ની ગદ્યશૈલીમાં તાર્કિક દલીલ, સચોટતા, નાસાગ્રતા, બળ તેમજ મસ્તી પ્રવેશેલાં જોઇ શકાય છે. 'સાગર'ની ગદ્યશૈલીની વિભિન્ન છટાઓ પણ આ વર્ષના પત્રોનું વિશિષ્ટ લક્ષણ ગણાવી શકાય એમ છે. તત્વજ્ઞાનના સિધ્ધાન્તોનું રસાન્વિત અન્વેષણ, સંવેગી આલેખન, અને સર્જકતાનું તત્વ 'સાગર'ના ગદ્યનું વિશિષ્ટ લક્ષણ બની રહે છે. શ્રી જયાનંદ પાઠકને લખેલા એક પત્રમાં સાગરે પોતાના તાત્વિક દર્શન સ્નેહયોગની અભિવ્યક્તિ સાધવા માટે પ્રયોજેલી ગદ્યશૈલીનું વિશિષ્ટ લક્ષણ રસાન્વિત અન્વેષણ તેમજ સર્જકતાનું તત્વ જોઇ શકાય છે. "શ્રધ્ધા અને વિરાગ એ પ્રેમનાં સ્વભાવત: લક્ષણો છે અને જ્ઞાન તથા વિવેક એ પ્રેમનાં મુકત ફરઝન્દો છે. ભક્તિ એ પ્રેમની મહારાણી છે અને પ્રેમી જાતે પ્રેમસ્વરૂપ છે. જેના આવાં કુટુમ્બીઓ છે અને પોતાનો સારો સંસાર જેણે પ્રેમમય રચ્યો છે તે પ્રેમીને લક્ષ્મીની મહોબતની શી ગરઝ છે"?[૮૬]

પત્ર-લેખકનો વિશિષ્ટ ગુણ ધરાવતો એક બીજો નમૂનો પાર્વતીબેનને લખેલા એક પત્રમાંથી જોઇએ : "ખરેખર મુકત સ્થિતિનો કાયમનો અનુભવ હોવાને માટે દરેક સ્થિતિનો પુરો અનુભવ થવાની અવશ્ય જરૂર છે. દરેક દશામાંથી સાંગોપાંગ પસાર થવું જોઇએ અને આત્માના સ્વયં પ્રકાશથી જાતે દરેક સ્થિતિને જીતવી જોઇએ. જે મુશ્કેલી સૌથી વધારે બલવંતર લાગે તે મુશ્કેલી સૌથી પહેલી જીતવાનું લક્ષમાં રાખવું જોઇએ. સ્ત્રીની સાથે અને સરખેજમાં રહેવાનો

---

૮૬. "'સાગર'ની પત્રરેખા", પૃ. ૧૨૨

'સાગર'નો એ જ હેતુ હતો કે મુશ્કેલીઓ વચ્ચેથી પસાર થવાય. સરખેજમાં 'સાગર'નું શરીર રહ્યું તે દરમ્યાન એ વિકટ પરીક્ષાઓમાંથી પાસ થયા છે અને એ પ્રમાણે દરેક મુમુક્ષુએ પ્રલોભનો અને પરીક્ષણોમાંથી પહેલે નંબરે પાસ થવું જોઇએ ?[૮૭]

પોતાની અંગત વાત રજૂ કરી તાત્વિક સિધ્ધાન્તની અભિવ્યક્તિ માટે સ્વાનુભવયુક્ત દ્રષ્ટાંત પણ આપીને પત્રલેખક પોતાના હૃદયનું ભાવૈક્ય સાધી તે ધ્વારા પોતાના વિચારોના નિરૂપણમાં સચોટતા સાધી શકયા એનું દ્રષ્ટાંત આ તેમજ બીજા એક પત્રમાં પણ મળી રહે છે. પોતાના મિત્ર શ્રી કેશવપ્રસાદજીને - સ્વામી અખંડાનંદજીને લખેલા પત્રની શૈલીના બે વિશિષ્ટ ગુણો, લાઘવ - સંક્ષિપ્તતા, તેમજ ચોટદાર શૈલીના કેટલાક નમૂના જોઇએ : "મુશ્કેલમાં મુશ્કેલ હોય તેને પણ મહેનતથી અથવા તો આન્તરના પ્રજ્ઞાનથી સરળ કરવું અને અરુચિકર લાગતું હોય તેને રુચિકર બનાવવું એ ધર્મ છે". "મન કેન્દ્રમાંથી જયારે ભ્રમણમાં આવે ત્યારે જ એ બધું સુઝે છે અને ભેદબુધ્ધિને પ્રાધાન્ય આપી જવાય છે. બાકી તો પ્રાપ્ત સ્થિતિમાં પરમ સંતોષ અને હરેક પ્રકારની ક્રિયાદિની કાયમને માટે ગેરહાજરી એજ પૂર્ણતાની નિશાની છે".[૮૮]

પોતાના સિધ્ધાન્તનિરૂપણમાં દઢતા, સત્યનિષ્ઠા અને નાસ્તિકતા 'સાગર'ના પોતાના વ્યકિતત્વના વિશિષ્ટ લક્ષણો છે. બાહ્ય ત્યાગની અનિવાર્યતાનો અસ્વીકાર કરતાં 'સાગર' દ્રઢતાપૂર્વક પોતાનો અભિપ્રાય આ પ્રમાણે વ્યકત કરે છે: "જયાંસુધી પવિત્ર ફરજની પ્રેરણાનું ઢોલ અંદરથી સંભળાય નહીં ત્યાં સુધી વેષ બદલવાની અગત્ય નથી".[૮૯] પોતાના નિર્વાહની જવાબદારી

---

૮૭. "'સાગર' ની પત્રરેખા", પૃ. ૧૭૩
૮૮. એજન, પૃ. ૫૫
૮૯. એજન, પૃ. ૫૬.

પોતાના કુટુંબ પર પડે છે એટલે સન્યાસની દીક્ષા લેવાના વિચારને સંમતિ આપવાનો ઇન્કાર કરતાં 'સાગર' સૂત્રાત્મક શૈલીમાં પોતાનો સિધ્ધાંત નિરૂપે છે. "નિર્વાહનું કારણ તો ભેદને સ્પષ્ટ કરે છે. ભેદનો લોપ કરતું નથી અને માર્ગનું અંતિમ નિશાન તો ભેદનો લય કરવાનું છે".[૯૦]

નિર્ભીકતાથી પોતાના વિચારની સંનિષ્ઠ રજૂઆત અને તે માટે તાર્કિક દલીલ પણ 'સાગર'ની ગદ્ય બાનીને ઓજસ, પ્રસાદ અને સચોટતાના ગુણોથી અલંકૃત કરે છે. પોતાના સૈધ્ધાન્તિક નિરુપણ માટે સાગર એક વિધાન રજૂ કરે છે અને એ વિધાનના સમર્થનમાં તર્કયુક્ત દલીલ ધ્વારા નાશાગ્રતા તેમજ સચોટતા પણ સાધી શકે છે.

પોતાના વિચારોના નિરૂપણમાં સ્પષ્ટતા 'સાગર'ની તાત્વિક વિચારણાનું જમા પાસું છે. પોતાના અનુભવાત્મક વિચારને કારણે પણ સાગર ની ગદ્ય શૈલીમાં જુસ્સો અને બળ પણ પ્રવેશે છે. જુઓ : "'સાગર' સિધ્ધાન્તમાં યોગવાસિષ્ઠના વેદાન્તને પ્રાધાન્ય આપે છે. તમે પણ એને ઓછું પ્રાધાન્ય નથી આપતા. ત્યાગ વિશે તે એવું સમજે છે કે, પૂર્ણ પુરુષાર્થથી, પૂર્ણ બ્રાહ્મી બલવડે જો આન્તરનો ત્યાગ સાચવી શકાય તો બ્રાહ્ય ત્યાગની કશી જરૂર નથી. ત્યાગ તે સ્થૂલનો [redacted] કે સ્થૂલની ઇચ્છાઓનો ? સંબંધીઓનો કે સંબંધ મનાવનાર મનોવૃત્તિનો ? યોગવાસિષ્ઠ, ભગવદ્ગીતા, અષ્ટાવક્ર, ગુરુ દત્તાત્રેય અને સ્વામી રામ સુધ્ધાં આવા બ્રાહ્ય ત્યાગની સલાહ કદાપિ આપતા હોય એવું 'સાગર' જોઇ શક્યો નથી".[૯૧]

---

૯૦. "'સાગર'ની પત્રરેખા."
૯૧. એજન, પૃ. ૫૧

આ વર્ષના પત્રોની ગદ્યશૈલી વિભિન્ન રૂપ ધારણ કરે છે. :૧: દ્રષ્ટાંત ધ્વારા સિધ્ધાન્તોનું નિરૂપણ :૨: સૂત્રાત્મક શૈલી – વ્યાખ્યાશૈલી :૩: સંવાદાત્મક અભિવ્યકિત. સનાતન સત્યના સિધ્ધાન્તોનું સૂત્રાત્મક શૈલીધ્વારા નિરુપણ 'સાગર'ના પત્રોનું વિશિષ્ટ લક્ષણ છે: "તાત્ત્વિક સિધ્ધાન્તની અભિવ્યકિત પત્રલેખક'સાગર'ની આગવી શૈલી તેમજ વ્યકિતત્વનું પણ ધોતક બની રહે છે. શ્રી જયાનંદ પાઠકને લખેલા પત્રમાં 'સાગર' કહે છે કે પ્રેમનું વાસ્તવિક સ્વરૂપ જ ફના એટલે સ્વાર્પણ છે".[૬૨]

બાહ્ય પ્રવાસની વસ્તુ પ્રાપ્તિ માટે આવશ્યકતાનો અસ્વીકાર કરતાં 'સાગર' બીજા એક પત્રમાં કહે છે કે વસ્તુપ્રાપ્તિ માટે તો અન્દરની ભૂમિકામાંથી જ શરૂઆત થવી જોઇએ. અને એ પ્રવાસમાં તો રેલ્વે ટ્રેનોની કે નાણાંની કશી જરૂર પડતી નથી ફકત હૃદયજ ખર્ચવું પડે છે".[૬૩]

પંડિત ઇશ્વરલાલને લખેલા પત્રની સૂત્રાત્મક શૈલીનો એક નમૂનો જુઓ: "વિરાગ અથવા પ્રેમ ગ્રાપ્યા બાદશાહ છે અને મુકિત એ તેની શહનશાહબાનુ છે".[૬૪]

શ્રી નારાયણ ત્રિપાઠીને લખેલા પત્રમાં સાગરે પ્રેમના વિશિષ્ટ લક્ષણોનું નિરૂપણ પણ સૂત્રાત્મક શૈલી ધ્વારા કર્યું છે: "પ્રેમ એટલે ઉપરીપણું નહિ, પણ પ્રેમ એટલે સાચું અર્પણ; પ્રેમ એટલે સાત્ત્વિકતા; પ્રેમ એટલે પૂરેપૂરી હૃદયની તાબેદારી".[૬૫] જગતનું સ્વરૂપ સમજાવતી નીચેની પંકિત પણ સૂત્રાત્મક શૈલીમાં નિરૂપણ

---
૬૨. 'સાગર'ની પત્રરેખા," પૃ. ૧૨૩
૬૩. એજન, પૃ. ૧૩૩
૬૪. એજન, પૃ. ૨૦
૬૫. એજન પૃ. ૧૫૭

તાત્ત્વિક સિધ્ધાન્તના નિરૂપણ માટે નોંધવી જોઇએ. "ઉટંગ ઉભું કરેલું ચિતરામણ અને એનું નામ જગત એવા મિથ્યા ચિતરામણના જગતને ખરું માનીને જ શોક, મોહ, ક્રોધ અને લોભ કામ વગેરે ષડ્રિપુઓનો નિભાવ કરવામાં આવે છે".[૯૬]

જ્ઞાન, યોગ, ભક્તિ – આત્માનુભવમાં ત્રણેની એકવાક્યતા સમજાવતાં 'સાગર' ની ગદ્યશૈલીમાં સ્વાનુભવયુક્ત મસ્તી તેમજ બળનું દર્શન થાય છે. ચિંતનાત્મક ગદ્યકાર લેખે 'સાગર' ની ગદ્યશૈલીનું આ વિશિષ્ટ લક્ષણ ઇ.સ. ૧૯૧૪ પછીના પત્રોમાં સ્પષ્ટપણે જોઇ શકાય છે : "બીજી બધી ઇચ્છાઓને હોમી દઇને આત્માનુભવની એક જ ઇચ્છા જયારે કેન્દ્રમાં આવે છે ત્યારે જગત તરફ એની મેળે જ આંખો મીંચાઇ જાય છે, અને બાપુ ! એનું જ નામ યોગભક્તિ છે અને સ્થિતિના પરિણામને જ્ઞાન અથવા અનુભવ કહીએ છીએ".[૯૭]

દ્દષ્ટાંત ધ્વારા સિધ્ધાન્તના નિરૂપણમાં સ્પષ્ટતા તેમજ સંવાદાત્મક શૈલી પણ આ વર્ષના પત્રોમાં ખાસ ધ્યાન ખેંચે છે. જગતનું માયાવી સ્વરૂપ સમજાવતાં 'સાગર' દ્રષ્ટાન્ત ધ્વારા સચોટ રીતે સિધ્ધાન્તની અભિવ્યકિત કરે છે. "શપણામાં સાપ કરડે ત્યારે જાગ્યા પછી કોઇ દવા કરાવવા જતું નથી. શપણામાં લક્ષ્મી લુંટાઇ ગયા પછી જાગતાં કોઇ ભીખારીપણાને રોતું નથી એ વિદિત વાર્તા છે. – – – – જાગ્યા પછી તો ઓ બહેન ! એ શપણાને ખરું માન્યું હતું એ મૂર્ખાઇ માટે એટલું બધું હસવું આવે છે કે કંઇ કહેવાની વાત નહિ".[૯૮]

જીવપણાનો રોગ દૂર કરવા માટે બ્રહ્મજ્ઞાનના અજાયબ રસાયણ વિના અન્ય માર્ગ નથી પરંતુ તે માટે પરહેજી પણ પાળવી પડે. સચોટ

---

૯૬. 'સાગર'ની પત્રરેખા," પૃ. ૧૬૪
૯૭. એજન, પૃ. ૧૬૪
૯૮. એજન પૃ. ૧૬૬

દ્રષ્ટાન્ત શૈલીનો ઉત્તમ નમૂનો આજ પત્રમાંથી જોઇએ. "જીવનો કાયમનો જીવપણાનો રોગ ટાળવાને બ્રહ્મજ્ઞાનના ઔષધની જરૂર છે. અને એને બીજું કોઇ ઔષધ લાગુ પડશે નહીં જ ; પણ એ દવાની સાથે એક જ પરહેજી પાળવી પડે છે અને જો પરહેજી વગર દવા લેવામાં આવે તો દવા ફૂટી નીકળે એવું એ અજાયબ રસાયણ છે, માટે પરહેજી પણ પાળવાને ખાસ લક્ષમાં રહેવું જોઇએ. એ પરહેજી એ છે કે દુનિયાદારીની ભાવનાઓને હૃદયમાંથી શ્રધ્ધા અને વૈરાગ્યના બળથી એકદમ હાંકી કહાડવી અને બ્રાહ્મણો જેમ નાહ્યા પછી ચામડાને અડતા નથી તેમ મુમુક્ષુએ એવી ભાવનાઓનો સ્પર્શ મનને કદાપિ થવા દેવો નહીં".[૯૯]

સંવાદાત્મક વ્યાખ્યા શૈલી પણ આ વર્ષના પત્રોની શૈલીનું વિશિષ્ટ લક્ષણ બની રહે છે. પત્રલેખક સાગર સંવાદ ધ્વારા સામેની વ્યક્તિ સાથે પોતાના હૃદયનું ભાવૈક્ય સાધી શકે છે. એમની આ વિશેષતાનું દર્શન કરાવતા શ્રી ઉમિયાશંકર ત્રિપાઠીને લખેલા પત્રમાંથી એક દ્રષ્ટાન્ત જોઇએ: "સત્યને સર્વોપરિ સ્નેહથી ચાહવું અને સત્યરૂપ થવામાં જે જે નડતું હોય તેને વીરત્વથી હઠાવવું એ, અલબત્ત, સ્વધર્મ છે. પણ બચ્ચા ! સત્યને જ સત્ય તરીકે પિછાનવું એ બિલકુલ સ્હેલું નથી".[૧૦૦]

## ઇ.સ. ૧૯૧૫ થી ૧૯૩૬

આત્માનુભવી 'સાગર'-ના ઇ.સ. ૧૯૧૫ પછી લખાયેલા પત્રોનો સમય 'સાગર'-ની આત્મસાધનાની સિધ્ધિ પછીનો હોઇ સવિશેષ નોંધપાત્ર બની રહે છે. 'સાગર'-ની આ પત્રોની ગદ્ય શૈલીના વિશિષ્ટ લક્ષણો તપાસવાં અનિવાર્ય છે.

---

૯૯. 'સાગર'-ની પત્રરેખા' પૃ. ૧૭૦
૧૦૦. એજન પૃ. ૨૪-૨૫

## : ૧ : આચાર્ય ધ્રુવ જેવી વ્યાખ્યા શૈલી

સાગરે પોતાના તત્વજ્ઞાનની અભિવ્યક્તિ માટે આચાર્ય આનંદશંકર ધ્રુવ જેવી વ્યાખ્યા શૈલીનો વિનિયોગ કર્યો છે. 'સાગર' કેટલાક વિશિષ્ટ શબ્દો વ્યાખ્યા આપીને સમજાવે છે અને તે ધ્વારા તાત્વિક સિધ્ધાન્તોનું સચોટ નિરૂપણ કરી શકે છે. જ્ઞાન, યોગ, પ્રેમ, જગત, ધ્વિજ, સંસાર, સ્નેહ જેવા અનેક શબ્દો વ્યાખ્યા આપીને સાગરે સમજાવ્યા છે. સરળ, સચોટ વ્યાખ્યા શૈલી 'સાગર'ની ગધ્ય શૈલીની એક લાક્ષણિક છટા છે. થોડાક નમૂનાઓ જોઇએ, પરમાત્મપ્રાપ્તિ માટે બાહ્યવેશ અનિવાર્ય નથી. જગતનો આંતરત્યાગ મનોવિકારનું આત્મામાં શમન એજ અનિવાર્ય છે. સનાતન સત્યજ એ છે કે જનક, નરસિંહ, મીરાં વગેરેએ ભગવાં વસ્ત્ર વિના પોતાની સાધના પૂર્ણ કરી હતી. આ સંદર્ભમાં બાહ્યત્યાગની આવશ્યકતાનો ઇન્કાર કરતાં સ્વામી અદ્વૈતાનંદજીને લખેલા એક પત્રમાં સંન્યાસીની વ્યાખ્યા આપીને સાગર પોતાનો સિધ્ધાંત સ્પષ્ટ રીતે સમજાવે છે. જુઓ : "સંન્યાસી એટલે જીવ – દશાને લીધે ઉત્પન્ન થતા મનોવિકાર માત્રને આત્મામાં આત્મજ્ઞાનમાં લય પમાડવા તે". [૧૦૧]

પોતાના મિત્ર શ્રી ભાઇલાલભાઇ ભટ્ટને લખેલા એક પત્રમાં સ્વાર્પણ શબ્દનો અર્થ સમજાવીને પૂર્ણ સ્વાર્પણ કરીને જીવનાર હંમેશનો મુક્ત છે. એવો ભાવ રજૂ કરે છે. જુઓ : "સ્વાર્પણ શબ્દનો ખરો અર્થ જ એ છે કે સ્વ – હું ને મારૂં તે પૂરેપૂરૂં ગૂમ આ એનો સર્વોપરિ અર્થ છે. બધાં સ્વાર્પણોને અંતે ખરૂં છેલ્લું સ્વાર્પણ કરવાનું બળ મળે છે". [૧૦૨]

---

૧૦૧. 'સાગર' ની પત્રરેખા, પૃ. ૬૮

૧૦૨. એજન, પૃ. ૨૨૬

જીવનમુક્તિનો સાચો અર્થ સમજાવતાં આજ ભાવાર્થ બીજા એક પત્રમાં પણ સાગરે રજૂ કર્યો છે. જુઓ: "શુભ અને અશુભ બન્ને પ્રકારની વાસના જયારે બળી જાય ત્યારે જ હું પણાનો પૂરો વિલય થાય છે. હું પણાનો વિલય એટલે જ જીવનમુક્તિ". [103]
શ્રી મગનલાલ પંડયાને લખેલા આજ પત્રમાં ઠેકઠેકાણે ધાર્મિક તીર્થસ્થાનોની બાહ્ય યાત્રાને બદલે બોલતાંને ચાલતાં સજીવન ધર્મમંદિરોની યાત્રા અર્થે પોતાનુ જીવન વ્યતીત કરવું એ 'સાગર'ને સવિશેષ ગમે છે. સાગર પોતાનો આ સિધ્ધાન્ત અભિવ્યકત કરતાં સ્પષ્ટ જ કહે છે કે "દિવ્યતાનું પ્રકટીકરણ જેનામાં થાય તે દેવ". [104] સૂત્રાત્મક શૈલીનો આ સુંદર નમૂનો છે.

શ્રી પુનમચંદ કોઠારીને લખેલા એક પત્રમાં 'સાગર' પ્રેમનુ લાક્ષણિક સ્વરૂપ સમજાવતાં વ્યાખ્યા શૈલીમાં પ્રેમ અને મોહ વચ્ચેનો તાત્વિક ભેદ આ રીતે અભિવ્યકત કરે છે. જુઓ : "પ્રેમ એટલે મોહ નહીં. પ્રેમ એટલે શરીરના વિલાસો નહીં, પણ પ્રેમ એટલે એવી કોઇ અનિર્વાચ્ય શકિતનો અનુભવ કે જે કાયમ જ રહે છે અને કદાપિ ન્યૂન થતો નથી. સાચો પ્રેમ સ્થિતિ બદલાતાં પણ તેવો ને તેવો જ રહે છે. પ્રેમ એટલે ઉપભોગ નહીં પણ ઉપયોગ. ઉપયોગી આત્માને ઉપયોગી થવું એ જ પ્રેમનું લક્ષણ છે. ઉપભોગ તો નારકી જીવનનું લક્ષણ છે. પોતાની દેહવાસનાઓ તૃપ્ત કરવી એ પ્રેમ જ નથી". [105]

શ્રી લલ્લુભાઇ બાપુરામને લખેલા પત્રમાં પોતાના જીવનનું વલણ કેવી રીતે બદલાયું અને પોતે વૈરાગ્ય તરફ કઇરીતે વળયા તેનું નિરૂપણ કર્યું છે. આ પત્રમાં પણ વૈરાગ્યની વ્યાખ્યા આપીને

---

૧૦૩. 'સાગર' ની પત્રરેખા', પૃ. ૨૬૬
૧૦૪. એજન, પૃ. ૨૬૬
૧૦૫. એજન, પૃ. ૧૭૭

હૃદયને પરમાત્મ-પ્રેમથી ભરી દેવું જોઇએ એવો અનુરોધ કર્યો છે. જુઓ : "ખરી વૈરાગ્ય એટલે તો પૂરેપૂરો પ્રભુ-પ્રેમ અને હૃદયની આબાદ લગની".[૧૦૬]

માનવજીવન અને પૂર્ણતાનો સંબંધ સમજાવતાં સાગર પોતાની વિશિષ્ટ શૈલીમાં પોતાના મિત્ર શ્રી હરિલાલ મશરને સમજાવતાં કહે છે કે દૈવી અને આસુરી સંપત્તિઓનું યુધ્ધ એ જ મનુષ્યજીવન અને એ યુધ્ધમાં દૈવી સંપત્તિઓનો વિજયાનુભવ એજ મનુષ્યની પૂર્ણતા."[૧૦૭]

પોતાના મિત્ર શ્રી અમીધરપ્રસાદજીને લખેલા પત્રમાં વ્યાખ્યા શૈલીમાં પ્રશ્નાર્થક રજૂઆત ધ્વારા કરેલું સિધ્ધાન્ત-નિરૂપણ ખાસ ધ્યાન ખેંચે છે. પોતાનું કથયિતવ્ય પ્રશ્નાર્થ ધ્વારા સચોટરીતે અભિવ્યક્ત કરવાની શૈલી 'સાગર'-ની પોતાની વિશેષતાનું દર્શન કરાવે છે. જુઓ : "મુક્તિ કે અમુક્તિ, અવતાર કે અનવતાર બધું યે એની જ ઇચ્છામાં હોમી દેવું અને એના ડહાપણમાં પોતાની બધી ઇચ્છાઓ હોમી દેવી એ શું સર્વોપરિ પ્રેમ નથી"?[૧૦૮]

મનુષ્ય તરીકે જીવાત્માનો સાચો ધર્મ સમજાવતાં પોતાના સ્નેહી શ્રી કેશવલાલ છગનલાલ ત્રિપાઠીને એક પત્રમાં 'સાગર' સર્વોપરિ ધર્મ-ની વ્યાખ્યા આપતાં સમજાવે છે કે "પ્રભુની પ્રીતિ વિના જે માત્ર દુનિયાની પ્રપંચી લાલચોમાં જ જીવે છે તે તો જખ મારે છે. હરેક સ્થિતિમાં તેની પ્રીતિમાં જ જીવાય અને નાશવંત બાબતોમાં મન લાગે નહિ એજ સર્વોપરિ ધર્મ છે".[૧૦૯]

બીજા એક પત્રમાં 'સાગર' સાચા પ્રેમનું લક્ષણ આ પ્રમાણે સમજાવે છે : "પ્રીતિભક્તિ એટલે જીવાત્માનો પરમાત્મા માટે તરફડાટ".[૧૧૦]

---

૧૦૬. 'સાગર' ની પત્રરેખા" પૃ. ૫૨૭
૧૦૭. એજન, પૃ. ૬૦૩
૧૦૮. એજન, પૃ. ૫
૧૦૯. એજન, પૃ. ૪૮
૧૧૦. એજન, પૃ. ૧૮૩

આત્માનુભવ માટે આત્મપરીક્ષણનું મહત્વ સમજાવતા : "ઇ.સ. ૧૯૧૮માં લખાયેલા એક પત્રમાં 'સાગર'ની પ્રબલ પ્રફુલ્લિત, ઉત્કટ વૈરાગ્ય અને પૂર્ણ આત્માનુભવની ત્રિવેણી ગંગાના ઝરણો ઝીલીને જીવનસાફલ્ય સાધી લેનાર પ્રબળ પુરુષાર્થી શ્રી કાભાઇ - શ્રી પ્રાણશંકર માવજીને સમજાવે છે : "આ પ્રિય અને પ્રિય જે પહેલાં હતું તેનાથી તદન ઉલટું થયું છે કે નહીં," એ દરેક હાલતમાં જોવી જોઇએ કસોટી કરી લેવી એનું નામ આત્મપરીક્ષા".[૧૧૧]

ઇ.સ. ૧૯૨૦માં લખાયેલા એક પત્રમાં શ્રી મણિભાઇ ત્રિપાઠીને પોતાનો સ્વાનુભવ સમજાવતાં કહે છે કે ... "ગુરુ મહારાજની ને સંતોની દયાથી સાગર વીર બન્યો છે અને ચિત્રાલ આશ્રમની ધૂણીને વીરતાના અખાડા તરીકે પરિચયમાં આવેલા તમામ હરિજનો પિછાને છે".[૧૧૨]

ડો. હરિકૃષ્ણ જોષીને લખેલા પત્રમાં 'સાગર' મુક્ત પુરુષનું લક્ષણ વ્યાખ્યા શૈલીમાં આ પ્રમાણે સમજાવે છે : " નિહિલિસ્ટ એટલે શૂન્યવાદી નહીં પણ - માયાની ઉપર મૂકવું મીંડું

લક્ષ્મમાં અક્ષર લખવું -
અલખના ઓ જોગી ! ઝીણું ઝીણું મન કરવું
અલખના ઓ -

- - એવું સ્થૂલ સૂક્ષ્મ શરીરોને ભેદીને કારણ શરીરમાં લખી ચૂકેલો 'અનુભવાત્મા' અને એટલે જ કબીર, અખાજી અને ગુરુદત્તની ત્રિમુખી આન્તર રસી (Inoculation) ત્રણે શરીરની પાર મૂકાવી ચૂકેલો મતિ ફરેલો મુક્તાત્મા".[૧૧૩] ,, પાંચભૌતિક મૂર્તિ તમામ ત્રિગુણની અને પંચભૂત [illegible]

સતગુરુની વ્યાખ્યા આપતાં 'સાગર' કહે છે કે : "સત્ જેવી લાગવા છતાંયે મહાસતમાં ભૂલાવનારી મોહક અને અસત છે. એનાથી પાર છે તે સત્-તે ગુરુ".[૧૧૪]

---

૧૧૧. 'સાગર'ની પત્રરેખા' પૃ. ૧૮૯
૧૧૨. એજન, પૃ. ૩૨૧ : ૧૧૩. એજન, પૃ. ૫૬૬ : ૧૧૪. એજન, પૃ. ૫૬૭

અખેગીતાના પહેલાં ત્રણ કડવાં સમજાવતાં 'સાગર' આજ પત્રમાં કહે છે કે "ત્રિગુણપતિ = જયાં નહીં રૂપ ને નામ = ત્યાં ગુરુ અને ગોવિન્દ એવું બેપણું નહીં = એવી બે કોઇ વ્યક્તિઓ નહીં, તો ગુરુ કયી બલાનું નામ ? ગુરુ કોઇ બલાનું નામ નહીં - ગુરુ તો અલ્લાહનું નામ. વૈરાગ્ય અને પરમાત્મ પ્રેમ બે એક સાથે જાય છે. સાચો પરમાત્મપ્રેમ હૃદયમાં જાગે નહિ ત્યાં સુધી વૈરાગ્યનો ઉદય થાય નહિ. એ સિધ્ધાન્ત સમજાવવા માટે પ્રયોજેલી વ્યાખ્યા શૈલીનો એક બીજો નમૂનો જોઇએ : "વૈરાગ્ય એટલે સર્વસ્વાર્પણ અને પ્રભુપ્રેમ". [૧૧૫]

માતાજી ૐકારેશ્વરીને લખાયેલા એક પત્રમાં 'સાગર' પોતાના કાવ્ય 'પ્રલયનું ગીત' નો ભાવ સમજાવવા માટે પ્રલય શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે: "બે આંખે દેખાતી બધી વસ્તુઓના મોહનો ત્રીજી આંખની નવી દ્રષ્ટિમાં વિલય થવો એનું નામ પ્રલય". [૧૧૬] એમને જ લખાયેલા બીજા એક પત્રમાં વૈરાગ્યને પરમાત્મપ્રેમ સાથેનો સંબંધ વ્યાખ્યા શૈલી ધ્વારા સમજાવ્યો છે. જુઓ : "પ્રભુ તરફની જીવાત્માની પ્રીતિ જીવાત્માનો પરમાત્માના અનુભવ માટેનો તરફડાટ એજ વિરાગ. વૈરાગ્ય એટલે સાચી પ્રભુપ્રીતિ". [૧૧૭] "શબ્દ પોતે ગુરુ છે - ગુરુ પોતે શબ્દ છે. જીવતા દેહથી જેમ છાયા જુદી પાડી શકાતી નથી તેમ, શબ્દને ગુરુથી અને ગુરુને શબ્દથી કદાપિ જુદાં પાડી શકાતાં નથી". [૧૧૮]

આત્મસાક્ષાત્કારની વ્યાખ્યા આપી આજ પત્રમાં સાગર પોતાનો સ્વાનુભવ સમજાવે છે : "બ્રહ્મસાક્ષાત્કાર એટલે આત્મસાક્ષાત્કાર - બ્રહ્મદર્શન એટલે આત્મદર્શન એટલે પોતાને

---

૧૧૫. 'સાગર'ની પત્રરેખા," પૃ. ૨૬૯

૧૧૬. એજન, પૃ. ૪૫૮ : ૧૧૭. એજન, પૃ. ૪૭૨ : ૧૧૮. એજન, પૃ. ૫૬૭

પોતાની વાસ્તવિક પિછાન અને પોતાની એટલે પોતાના મન, બુધ્ધિ, દુનિયાની પૂરેપૂરી અને ખરી સમજણ થવી અખાજીની ચાવીથી ઉકેલવી". [૧૧૯] આજ પત્રમાં 'સાગર' સતગુરુના અગિયાર લક્ષણો ગણાવે છે અને અંતમાં સતગુરુ માટે કહે છે કે : "જે ગુરુમાં વૈરાગ્ય સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ સુધી ઓતપ્રોત જાગતો હોય છે તેજ ગુરુ ગુરુ છે : કેમ કે વૈરાગ્ય એટલે જ ત્રણે શરીરો સુધી નિર્મળમતિના 'ધ્વિજ' થયેલા – મુક્તાત્માનો જ પ્રવાહ – શિવરૂપ પ્રવાહ – પ્રલયનો પ્રવાહ અને પ્રલયનો બ્રાહ્મી પ્રવાહ". [૧૨૦] 'સાગર' ના બ્રાહ્મી જીવનનું દર્શન કરાવતા આ પત્રોના વિશિષ્ટ લક્ષણો તેમના પ્રબળ વ્યક્તિત્વના જીવંત સ્પર્શની અસર તેમજ કથયિતવ્યમાં સચોટતા અને તત્વજ્ઞાનનું રસાન્વિત અન્વેષણ ગણાવી શકાય.

સાગર દત્ત શબ્દનો અર્થ સમજાવી દત્તની સાચી ઉપાસનાનું રહસ્ય સમજાવતાં કહે છે કે : "દત્ત એટલે પાંચભૌતિક તમામને નામે એટલે લિંગભેદ ખડો કરનારી દરેક બાબતને નામે મોટું મીડું અને ગગનોપમોહમ્ = અણલિંગી, નામ ધાટ, ને ગુણ વગરનો આત્માનુભવ: – નિરંજન નિરાકારનું દર્શન". [૧૨૧]

– – –

"ગુરુદત્ત ત્રણ મુખે ત્રણે ગુણની ધારની વાણી બોલે ગુરુદત્તને પૂજવામાં એટલે ગુરુદત્તને વસ્તુગતિએ બૂઝવામાં મુખ્ય વાત એ છે કે અંદરના રાવણને પૂરેપૂરો મારી નાખવો". [૧૨૨]

સાચા આશકની વ્યાખ્યા આપતા શ્રી મણિલાલ ભાઈચંદ શાહને 'સાગર' સમજાવે છે કે સતત સત્સંગ અને સતત સદ્વિચાર જે અનન્યતાથી સાધે છે ; તેના પ્રત્યે પ્રભુકૃપાનો ઝરો અખંડિત જ વહ્યા

---

૧૧૯. 'સાગર' ની પત્રરેષા પૃ. ૫૬૯ : ૧૨૦. એજન પૃ. ૫૭૪
૧૨૧. એજન પૃ. ૫૭૭ : ૧૨૨. એજન પૃ. ૫૭૮

કરે છે અને તેજ ખરો આશક કહેવાય, વૃત્તિના મૂલને પકડવું અને તેને પિછાનવું તેમજ વૃત્તિમાત્રનો વિલય કરવો એ પૂર્ણ કૈવલ્ય જ્ઞાનનું લક્ષ્ય છે; અને પુરુષાર્થમાં રચ્યા–પચ્યા રહેનારને ધીમે ધીમે એ લક્ષ્ય સાધ્ય છે". [123]

'To read' શબ્દનો સાચો અર્થ સમજાવતા શ્રી અડાલજા સાહેબને લખેલા એક પત્રમાં 'સાગર' પોતાના સિધ્ધાન્તનું લાક્ષણિક રીતે અર્થઘટન કરતાં કહે છે કે ~~આંતરની સૃષ્ટિ અથવા આપણી એન્જિનિયરીંગ નીચેના એન્જીનની બધી ચલનવલન કૃતિ ઉપર કાબુ મેળવવાને લાયક નથી. કારણકે એ તો શું કરવા એ યથાર્થ વિધિથી અને સત સ્વરૂપમાં શોધી શકે છે.~~ "કેમીકલી એનેલાઇઝ કરવું" – એટલે બનાવ માત્રને એની મૂળ કારણ પૃષ્ટિમાં જોવો, એનો પાર પામવો એનું નામ To Read કહેવાય." [124]

પોતાની રીતે અર્થઘટન કરતાં દરેક સ્થૂલ બનાવનું કારણ પોતાની અંદર રહેલું છે તે માનવીએ પૃથ્થકરણ કરીને શોધી કાઢવું જોઇએ. એવો અભિપ્રાય પણ આ સંદર્ભમાં રજૂ કર્યો છે : "પોતાના બનાવનું ખરું કારણ પોતાના સ્થૂલ શરીરરૂપી એન્જિનના મધ્ય બિન્દુરૂપ કારણ શરીરમાં જ હોય છે તે પૃથ્થકરણ કરીને શોધી કાઢવું – કારણ કે 'અનરીઝનેબલ' નો કશું જ સંભવિત નથી એટલું જ નહીં પણ બનાવમાત્ર યોગ્ય – અતિ સુઘટનાયુકત જ હોય છે – સકારણ હોય છે. આ 'રેગ્યુલેટર' ને સમજવા માટે 'મેથડ' અને 'કરિકયુલમ' ની જરૂર છે". [125]

પોતાના પુત્ર શ્રી યોગીન્દ્ર જ. ત્રિપાઠીને લખેલા એક પત્રમાં દિવ્યજીવનની વ્યાખ્યા આપતાં 'સાગર' પોતાનો આત્માનુભવ

---

૧૨૩. 'સાગર' ની પત્રરેખા" પૃ. ૩૩૧
૧૨૪. એજન પૃ. ૩૪૬
૧૨૫. એજન પૃ. ૩૪૭

સમજાવે છે : "પરલોકમાં એટલે આ શરીરની પારના જીવનમાં અને એટલે આધિભૌતિક તેમ આધિદૈવિક માત્રને આધ્યાત્મરસમાં તાવીને, બાળીને, ઓગાળીને એકરસ - બ્રહ્મરસમય એટલે ડિવાઇન લાઇફ યાને આજ શરીરમાં છતાં દિવ્ય જીવનમાં આનો આવો જ અર્થ છે". [126]

આત્માનુભવી 'સાગર' પ્રબળ પુરુષાર્થ ધ્વારા પોતે અનુભવેલી જીવનમુકત દશાનો સ્વાનુભવ પ્રાપ્ત કરવાનો અનુરોધ કરતાં આજ પત્રમાં સમજાવે છે કે : "સ્ટ્રોંગેસ્ટ પર્સનાલિટી" એટલે કંઇ બી.એ. કે એમ.એ.ની પદવીવાળી વિદ્વતા નહીં જ નહીં. એ "સ્ટ્રોંગેસ્ટ પર્સનાલિટી" એટલે જ પ્રબળ પુરુષાર્થ". [127] "સાગરની પત્રરેખા"માં 'સાગર'ના સાચા વ્યકિતત્વનો જીવન્ત સ્પર્શ અનુભવવો હોય તો આ પત્ર ઘણીરીતે પર્યાપ્ત છે. આત્માનુભવી સંત 'સાગર'નું યથાર્થ ચિત્ર નીચેની પંકિતઓમાં છે.

પ્રબળ પુરુષાર્થ એટલે જ તીવ્રમાં તીવ્ર અને સતત વેગવન્ત એવી આવેગી અભિરુચિ એવી સુન્દર રસવૃત્તિ - તદાકાર વા તન્મયતા પૂર્ણ વૃત્તિ એજ પુરુષાર્થની પ્રબળતા અથવા 'યોગી'ની વા 'ઉપાસક'ની સ્ટ્રોંગેષ્ટ પર્સનાલિટી" બસ - કોયડો ઉકલી જાય છે. "મજનું" ખોટો હતો - પણ "બ્રાહ્મણ" ખોટો નથી જ અને તેથી જ બ્રહ્મર્ષિ સૌથી મોટો છે". [128] "અને આવું પ્રકટીકરણ જેને સહજ સ્વભાવે સિધ્ધ છે તેને કોઇપણ પ્રકૃતિ કદાપિ પણ બાધક હોતી નથી, કારણકે તેજ બ્રહ્મર્ષિ કિંવા અર્હત્ બ્રહ્મરૂપ - "જ્ઞાની" છે. આજ અમારા લોકનું અનલહક છે. અને આપણા પૂર્વજોનું એટલે કે આપણું પૂર્ણ બ્રહ્મ છે". [129]

---

૧૨૬. 'સાગર' ની પત્રરેખા" પૃ. ૪૨૯ : ૧૨૭. એજન, પૃ. ૪૩૦
૧૨૮. એજન, પૃ. ૪૩૧ : ૧૨૯. એજન, પૃ. ૪૩૧

'સાગર'નું ભવ્ય વ્યક્તિત્વનો પવિત્ર સંત-જીવનની બ્રાહ્મી દશાનો સ્વાનુભવ વ્યક્ત કરતો આ પત્રની ગદ્યશૈલીમાં પત્રલેખક 'સાગર'ની ઉત્તમ સર્જક શક્તિનાં દર્શન થાય છે.

## ૨. સૂત્રાત્મક શૈલી

ઉચ્ચ જીવનના ગહન સત્યો, ટૂંકા વાક્યો કે સૂત્રનારૂપે એમના હૃદય અને કલમમાંથી સહજતાથી સરે છે. આચાર્ય ધ્રુવના જેવી સૂત્રાત્મકતા 'સાગર'ની ગદ્યશૈલીની બીજી લાક્ષણિકતા છે. બાહ્ય-ત્યાગનો અસ્વીકાર કરતાં આંતર ત્યાગનો મહિમા આ પ્રમાણે સમજાવે છે. "મનને આત્મામાં કાયમનું શમી જતાં આવડવું જોઇએ. જે શમાવી શકે તેજ સંન્યાસી." [130]

'સાગર'ની સ્નેહયોગની ભાવના પર સ્વીડનબોર્ગની છાયા નીચેની સૂત્રાત્મક વાક્યમાં જોઇ શકાય છે. પ્રેમ એટલે ઉપભોગ નહીં પણ ઉપયોગ. [131]

પ્રેમના સંબંધની સાચી માત્રા ભક્તના વિરહની દશાની ઉત્કટતા પર અવલંબે છે એ સમજાવતી સૂત્રાત્મક શૈલીનો એક નમૂનો જુઓ : "પ્રીતિભક્તિ એટલે જીવાત્માનો પરમાત્મા માટે તરફડાટ". [132]

શુભ અને અશુભ બન્ને પ્રકારની વાસનાઓનો પરમાત્માના પ્રેમમાં લય થાય ત્યારે જ જીવન્મુક્તિનો સ્વાનુભવ પ્રાપ્ત થઇ શકે 'સાગર'ની તાત્ત્વિક વિચારણાને સૂત્ર શૈલીમાં આ પ્રમાણે નિરૂપણ થયું છે : "હું પણાનો વિલય એટલે જ જીવન મુક્તિ". [133] આ લાઘવયુક્ત સત્ય કથન બીજા એક પત્રમાં આ પ્રમાણે રજૂ થયું છે :

---

૧૩૦. 'સાગર' ની પત્રરેખા" પૃ. ૬૧ : ૧૩૧. એજન પૃ. ૩૭૭
૧૩૨. એજન પૃ. ૧૮૩ : ૧૩૩. એજન પૃ. ૨૬૨

"માર્ગનું અતિમ સ્થાન તો ભેદનો લય કરવાનું છે". [134]

સ્વાર્પણ કરીને જ અભેદનો સ્વાનુભવ થઇ શકે એ વિના અન્ય માર્ગ નથી. સ્વાર્પણ શબ્દનો અર્થ સૂત્રશૈલીમાં 'સાગર' આ પ્રમાણે સમજાવે છે : "સ્વ = હું ને મારૂં" તે પૂરેપૂરું ગૂમ "દુનિયાદારી ઢોંગ ને પ્રભુનો સ્નેહ એ બેવાત કદાપિ સાથે બની શકે નહિ જે બનાવે એ કાં તો જીવનમુકત કે હું તો પરમાત્માને ઠગનાર". [135]

પ્રેમયોગને વૃત્તિનો વિલય કરવાનું મુખ્ય સાધન ગણાવતા 'સાગર'ની સૂત્રાત્મક શૈલીનો છેલ્લો નમૂનો જુઓ : "ઇશ્ક એક જ એવો અગ્નિ છે કે જે નિરંજન વગરનું બધુ ફના કરી દે છે". [136] "સતત સત્સંગ અને સતત સદ્વિચાર જે અનન્યતાથી સાધે છે તે જ ખરો આશક કહેવાય". [137]

## ૩. ઉપમા, રૂપક અને દષ્ટાંત શૈલી

તત્ત્વજ્ઞાનના સિધ્ધાંતના નિરૂપણમાં અથવા તદ્વિષયક વિચાર પત્રીને ગળે સહેલાઇથી ઉતરી જાય તેવી સચોટ બાનીમાં અભિવ્યકત કરવા માટે સાગરે ઉપમા, રૂપક અથવા દ્દષ્ટાંત શૈલીનો વિનિયોગ કર્યો છે.

સમાજસેવાની ભાવના કેવી મોહક છે ! જીવનની પૂર્ણતા પોતે અનુભવ્યા વગર એનો કશો જ અર્થ નથી એ સમજાવી સંતપુરુષ તો સ્વાભાવિક રીતે જ પોતાના વડે થતી સેવાને જ યથાર્થ ગણે છે. એ સમજાવવા માટે શ્રી ચુનીલાલ ત્રિપાઠીને લખેલા પત્રમાંની સચોટ ઉપમા જુઓ : "ખરા હરિજનની ગતિ હંમેશા નદીની પેઠે ઇષ્ટની સન્મુખવાહિની જ હોય છે અને તે જયાં જયાં વહે છે ત્યાં ત્યાં

---

૧૩૪. 'સાગર'ની પત્રરેખા પૃ. ૫૬ : ૧૩૫. એજન, પૃ. ૩૩૨
૧૩૬. એજન, પૃ. : ૧૩૭. એજન, પૃ. ૩૩૧

અનાચારો સ્વભાવતઃ જ વહયાં કરે છે".[૧૩૮]

જીવનના પ્રવાસીને પરમાત્મામાં દૃઢ શ્રધ્ધા રાખીને પ્રવાસ કરવાની આવશ્યકતા તેમજ દેહધારણનો હેતુ સાધ્યની અંતિમ પ્રાપ્તિના સર્વોપરિ સાધનથી વિશેષ નથી એ સમજાવવા માટે 'સાગર' રૂપકશૈલીમાં આ પ્રમાણે દર્શાવે છે: "આપણે બધાઓ આ અનંત મહાસાગરમાં આપણી હોડીઓ લઇને દરિયાઇ મુસાફરી કરનારા પ્રવાસીઓ છીએ અને આપણી પૂર્વે જેમણે સફલતાથી આ મહાસાગરનો પ્રવાસ કર્યો છે તેમણે મુકત કંઠે આપણને કહેલું છે કે નિર્માણમાત્રમાં શ્રધ્ધા અને શિક્ષણની દૃષ્ટિથી આ મનુષ્યરૂપી નાવડાની ખબરદારી રાખીને એમણે બતાવેલા વિધિથી પ્રવાસ કરવામાં આવે તો હરકોઇએ પ્રવાસ સફળતાથી કરી શકે છે".[૧૩૯]

પોતાના મિત્ર શ્રી મશરને લખેલા એક પત્રમાં ઐહિક બાબતોની ચિંતાનું મૂળ કારણ તૃષ્ણા અથવા પરમાત્મામાં અનાસ્થા હોઇ તેમાં જ રચ્યાપચ્યાં રહેલા મનને પરમાત્મામાં લીન કરવાની આવશ્યકતા સમજાવવા માટે પ્રયોજેલી ઉપમાશૈલી જુઓ: "મનને પ્રભુની અપેક્ષા નથી, પણ અસત આશાઓની જ તૃપ્તિ મનને ગમે છે. એવું મન જ કરોળિયાની જાળની પેઠે જિંદગાની રદ કરી નાખે છે. શાસ્ત્રો અને સંત મહાત્માઓની અનુભવી વાણી મનના ફાંસામાંથી જીવને બચાવવાને ચેતવણી આપ્યાં જ કરે છે અને સંસ્કારી મુમુક્ષુને એ વચનો તીરની પેઠે લાગી જાય છે".[૧૪૦]

સદ્ગુરુ વિના અધ્યાત્મમાર્ગમાં આગળ વધી શકાય નહિં, અને શિષ્યને જયાંસુધી પોતાના ગુરુમાં "ગુરુભાવના" જાગે નહિ ત્યાં સુધી ગુરુગમ પ્રાપ્ત થઇ શકે નહિ. શિષ્યની પાત્રતા, શ્રધ્ધાભાવના,

---

૧૩૮. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૧૦૦
૧૩૯. એજન, પૃ. ૧૦૪ : ૧૪૦. એજન, પૃ. ૫૯૧

અને વિરાગી હૃદય હોય તો ગમે તે રીતે શિષ્યની ગુરુભાવના ફળે છે. પોતાના ગુરુ શ્રી 'કલાપી'ના સૂક્ષ્મ શરીર ધ્વારા પોતે અધ્યાત્મ માર્ગમાં આગળ પ્રવાસ કરી શકયા તેનો નિર્દેશ કરતાં સચોટ સ્વાનુભવયુક્ત બાનીમાં શ્રી લલ્લુભાઇ બાપુરામને લખેલા પત્રમાં 'સાગર' ગુરુશિષ્યનો સંબંધ સમજાવે છે : "ગુરુશિષ્યનો સંબંધ કંઇક ચંદ્રચકોર જેવો, કંઇક લોહ અને લોહચુંબક જેવો અને કંઇક સ્વાતિબુંદ અને છીપ જેવો છે. ઓમ્ ગુરુદેવ ।"[૧૪૧]

શ્રી ચન્દ્રશંકર પંડયાને લખેલા એક પત્રમાં પોતાના હૃદયની ભૂમિકા સમજાવતાં સાગરે હૃદયની પૂર્ણ વિશુધ્ધિનું મહત્ત્વ રૂપકશૈલીમાં સ્પષ્ટતાપૂર્વક દર્શાવ્યું છે : "દિલનો મુસાફિર સમજવા માટે છે કે, ઇતરને સંપ્રદાન કરતાં પહેલાં પોતે જાતે ઘણું ગ્રહણધારણ કરવું જોઇએ અને પોતે વાસ્તવિક ગ્રહણધારણ કરી શકે તે માટે પોતામાં ઘણું નકામું કર્ષણ (Weeds) તેણે દૂર કરવું જોઇએ".[૧૪૨]

ધાર્મિક તીર્થસ્થાનોની યાત્રામાં દ્રવ્ય અને સમયની બરબાદી કરવાને બદલે સત્સંગ, સંતસેવા અને પ્રભુભજનમાં સમય વ્યતીત કરવાનું પોતે મુનાસિબ માને છે. શ્રી મગનલાલ પંડયાને લખેલા પત્રની શૈલી જુઓ : "એવી જ યાત્રા હું બોલતાં અને ચાલતાં સજીવન ધર્મમંદિરોની કરૂં છું, મને એવો શોખ છે".[૧૪૩]

જગતમાં થતાં વિભિન્ન અનુભવો ધ્વારા જીવાત્માએ બોધ પ્રાપ્ત કરવો જોઇએ અને તે ધ્વારા પૂર્ણતા માટેની તૈયારી કરવી જોઇએ. એ સમજાવવા માટે 'સાગર' રૂપક શૈલીમાં સ્પષ્ટ કહે છે કે : "આ વિશ્વમાં આપણે સર્વ અનુભવ લેવાને જ પોતાની ઇચ્છાથી આવીએ છીએ અને પૂર્ણ અનુભવની આ મહાપાઠશાલાનું જ લોકોએ પાડેલું નામ શું જગત નથી ?"[૧૪૪]

---

૧૪૧. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૫૨૮ : ૧૪૨. એજન, પૃ. ૧૧૩
૧૪૩. એજન, પૃ. ૨૬૬ : ૧૪૪. એજન, પૃ. ૬૧૦-૬૧૧

શ્રી મશરને લખેલા એક પત્રમાં 'સાગર' સમાજના બદલાતા જતા ધોરણ તેમજ તે માટે વર્ણવ્યવસ્થાની પુનઃ સ્થાપના કરવાનું, લગ્નની મૂળ ભાવનાનો પ્રચાર કરવાનું – સમાજસુધારણાનું પોતાનું કાર્ય નથી એ દર્શાવી પોતે પોતાની માન્યતા પ્રમાણે વર્તે નહિં તો એ વ્યભિચાર ગણાય અને એની સજા ભોગવવી પડે એ સમજાવવા માટે એમણે આપેલું સચોટ દ્રષ્ટાંત જુઓ : "જો જાણવા પ્રમાણે વર્તું નહીં તો વ્યભિચારના ગુનાહની સજા કુદરતના નિયમ તરીકે મારે ભોગવવી પડે. સૌ કોઇ એ સઝા ભોગવે છે પણ વિષકૃમિન્યાયે વિષમાં મીઠાશ જ માની લે છે ! પણ વિષને 'વિષ' જાણ્યા પછી પણ વિષમાં રાચી રહેનાર તો મૂર્ખ યા હરામખોર જ હોઇ શકે".[૧૪૫]

વિશ્વને જોવાની સાચી દષ્ટિ પ્રાપ્ત થતાં તેમાં જ વિશ્વાત્માનું દર્શન થઇ શકે. તે માટે અનિવાર્ય પ્રબળ પુરુષાર્થ, શ્રધ્ધા અને સદ્ભાવના તેમજ સાચી લગનીની આવશ્યકતા લાક્ષણિક રૂપકશૈલીમાં સાગરે સમજાવી છે : "તમારા પોતાના જ મકાનમાં અનંત દ્રવ્ય દાટેલું છે અને તમે દીનતા શાને માનો છો, બાપુ ! શ્રધ્ધા, સદ્ભાવના અને પ્રણવધૂનમાં આન્તરની તન્મયતાનાં ઓજારો પણ તમારી હજૂરમાં હાઝર છે. હુકમ ફરમાવો અને એ બધાં સાથનો મન, બુધ્ધિ અને હૃદય જેઓ તમારા ન્હોડે ચ્હડાવેલા નોકરો છે તેઓ એકદમ રજૂ કરશે. એ ઓજારોથી ચિદાનંદનો ખજાનો ખોળી કાઢો".[૧૪૬]

વિશ્વમાં બનતા બનાવો ધ્વારા પ્રસંગાનુસાર શિક્ષણ પ્રાપ્ત કરી સત અને અસતની વિચારણાના માર્ગ ધ્વારા પૂર્ણતા અનુભવી શકાય છે. એ નીચેના રૂપક ધ્વારા સાગરે સમજાવ્યું છે : "આ આખું વિશ્વ એક મહાન વિદ્યાલય છે. નાના મોટા બધા બનાવો

---

૧૪૫. 'સાગર'ની પત્રરેખા', પૃ. ૫૯૯
૧૪૬. એજન પૃ. ૧૦૨

જે જીવનમાં બને છે તે બધાં જ નિપુણ પ્રોફેસરોની ગરજ સારે છે".[૧૪૭]

આત્મજ્ઞાન ધ્વારા જીવાત્મા પોતાનું અજ્ઞાન દૂર કરી શકે - પૂર્ણતા અનુભવી શકે એ દર્શાવી. પોતાના મિત્ર શ્રી ભગવાનજી મહારાજને એક પત્રમાં દ્રષ્ટાંતશૈલીમાં 'સાગર' આ પ્રમાણે સમજાવે છે: "સંસારરૂપી ત્રિદોષનો જે રોગ અજ્ઞાનને લીધે જીવાત્માને લાગુ પડયો છે તે દૂર થવાને જ્ઞાન એ એક જ ઔષધ છે".[૧૪૮]

જીવાત્માએ પોતાની પ્રત્યેક લાગણીનું વિધિપૂર્વક પૃથક્કરણ કરવું જોઇએ અને તેનું શોધન થવું જોઇએ. તેમ થતાં આત્મસાધનાના માર્ગમાં આગળ વધવા માટે જીવાત્માને નડતા બધા અંતરાયો દૂર થઇ જાય છે. સ્વાનુભવયુકત સચોટ બાનીમાં દ્રષ્ટાંતશૈલીમાં લાક્ષણિક રીતે સાગરે આ જ સિધ્ધાંતનું નિરૂપણ કર્યું છે. જુઓ: "હૃદયના પાતાળમાં ડૂબકી મારતાં જેને આવડે છે તે ઉંડો પ્રપાત પામતાં અમોલાં મૌકિતકો પણ પામી શકે છે. પોતાની પ્રત્યેક લાગણીનું એવું વિધિપૂર્વક પૃથક્કરણ કરવું - - એ બહુ આવશ્યક છે".[૧૪૯]

રોગી જીવાત્મા માટે પોતે તૈયાર કરેલું ઔષધ - મુમુક્ષુ વિચારણા ડો. હરિકૃષ્ણ જોષીને મોકલતાં લાક્ષણિક શૈલીમાં 'સાગર' લખે છે: "આ સાથે બુકપોસ્ટથી Spiritual Pneumonia ની રામબાણ ઔષધિની ચાર બાટલી આવે છે. એ પેટન્ટ દવા ફરી વહેંચવાની છે અને "મુમુક્ષુ-વિચારણા" એ એનો "ટ્રેડમાર્ક" છે. ધ્યાન અને ભજનની ભઠ્ઠીઓ ચડાવીને એમાં એ ઔષધ બહુ કાળજીથી તૈયાર કરવામાં આવ્યું છે એના પ્રયોગની તથા પરેજીની સૂચનાઓ એમાં જ લખેલી છે જે "એ ઔષધ શરૂ કરે તેનો Spiritual Pneumonia જરૂર જ મટે".[૧૫૦]

---

૧૪૭. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૧૦૩ : ૧૪૮. એજન, પૃ. ૨૧૧
૧૪૯. એજન, પૃ. ૨૬૭ : ૧૫૦. એજન, પૃ. ૫૬૪

અધ્યાત્મ-રામાયણમાં રહેલું રૂપક 'સાગર' ડો. જોષીને એક પત્રમાં આ પ્રમાણે સમજાવે છે : "ગુરૂદત્તને પૂજવામાં એટલે ગુરૂદત્તને વસ્તુગતિએ બૂઝવામાં મુખ્ય વાત એ છે કે અંદરના રાવણને પૂરેપૂરો મારી નાખવો - અંદરનો રાવણ = જીવનું જીવપણું એટલે અજ્ઞાન બાપ અને દેહાધ્યાસ એટલે પુષ્ટ થયેલો લિંગભેદ એ મા અને એમના વડે કારણ, સૂક્ષ્મ અને સ્થૂલ શરીરની તોફાની સૃષ્ટિ. રાવણ અથવા રામ સીતા એટલે બ્રહ્મવિદ્યાને બાવાનો વેષ લઇને હરી જાય છે અને એજ રામાયણ સૌ કોઇને પોતાની અંદર ગુરુગમથી ઉકેલવાનું છે".[૧૫૧]

ગુરૂએ આપેલો મંત્ર અને ગુરૂ બંને જુદાં નથી. ગુરુમંત્રનો ભાવપૂર્વક જાપ પ્રારંભિક ભૂમિકામાં આવશ્યક છે એ સમજાવતાં આ જ પત્રમાં સાગરે પ્રયોજેલી દૃષ્ટાંતશૈલી જુઓ: "જીવતા દેહથી જેમ છાયા જૂજવી પાડી શકાતી નથી તેમ શબ્દને ગુરૂથી અને ગુરૂને શબ્દથી કદાપિ જૂજવાં પાડી શકાતા નથી".[૧૫૨]

પોતાનો સ્વાનુભવ સમજાવતાં બ્રહ્માનુભવીનું લક્ષણ સાગર આ પ્રમાણે લાક્ષણિક શૈલીમાં દર્શાવે છે : "સ્થૂળ સૂક્ષ્મ શરીરોને ભેદીને કારણશરીરમાં લેઇ ચૂકેલો 'અનુભવાત્મા' અને એટલે જ કબીર, અખાજી અને ગુરુદત્તની ત્રિમુખી આન્તર રસી (Inoculation) ત્રણે શરીરની પાર મૂકાવી ચૂકેલો - મતિ ફરેલો મુક્તાત્મા".[૧૫૩]

માયા વસ્તુતઃ જાતે કશું જ નથી. માયા એટલે મનની બહિર્મુખ વૃત્તિ. આ વૃત્તિનો લય થતાં માયા અદૃશ્ય થાય છે. અજાતવાદનો આ સિધ્ધાંત સમજાવતી રૂપકાત્મક શૈલીમાં સાગરે

---

૧૫૧. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૫૭૮
૧૫૨. એજન, પૃ. ૫૬૭
૧૫૩. એજન પૃ. ૫૬૬

આપેલું દષ્ટાંત જુઓ : "માયાનો પર્વત તો એવડો મોટો છે કે લાખો - કરોડો મેરૂ કરતાં પણ કુંચીઓને માતબર ; એ ખોદતાં તો ખૂટે નહીં જ પણ સમજણથી, જ્ઞાનથી, સ્વરૂપમાં શમવાથી, બેશક, ઓગળી જાય, અદશ્ય થાય કેમ કે એ જાતે જ વસ્તુમાં તો વન્ધ્યાપુત્રે આકાશમાં બનાવેલો અને ઉંઘનારાને જ નડતો છે".[૧૫૪]

વસ્તુતઃ જગતનું અસ્તિત્વ જ નથી. પછી કોની સેવા કરવાની ? જગતનું સાચું સ્વરૂપ સમજાતાં જગતસેવાની ભાવના આવશ્યક લાગતી નથી. આ માટે સાગરે સચોટ દષ્ટાંત આપ્યું છે : "ત્રિકાલાબાધિત બ્રહ્મ-સૂર્યનો પ્રકાશ જ અજવાળું ફેલાવ્યા કરતો હોય ત્યાં દીવો લઇને ફરનાર તો હાસ્યને પાત્ર છે".[૧૫૫]

જગતનું સ્વરૂપ સાચું નથી, માયાવી છે. એ સમજાવવા માટે 'સાગર' પ્રચલિત દષ્ટાંત આપતાં સચોટ બાનીમાં આ પ્રમાણે સમજાવે છે : "જયારે જગતનું જગતપણું જ એવું માયાવી છે, ત્યારે, બાપુ ! એ શમણામાં જે બનવું હોય તે ભલે બને. શમણામાં સાપ કરડે ત્યારે જાગ્યા પછી કોઇ દવા કરાવવા જતું નથી. શમણામાં લક્ષ્મી લૂંટાઇ ગયા પછી જાગતાં કોઇ ભીખારીપણાને રોતું નથી એ વિદિત વાત છે".[૧૫૬]

આત્માની ઉન્નતિની મુસાફરીનો હિસાબ મેળવવા માટે 'સાગર' દરેકે દરેક હાલતમાં જીવી જોઇને કસોટી કરી લેવાનો - આત્મપરીક્ષાનો - કીમિયો સમજાવતાં પોતાના અનન્ય શિષ્ય શ્રી કાભાઇને લખેલા એક પત્રમાં પોતાની ભૂલ શોધી કાઢવા માટે અને શિક્ષા કરવા માટે નીચેનું સચોટ દષ્ટાંત આપે છે : "બે દિવસની

---

૧૫૪. 'સાગર'-ની પત્રરેખા, પૃ. ૯૮
૧૫૫. એજન, પૃ.
૧૫૬. એજન, પૃ. ૧૬૯

ધર્મશાળાના મામલામાં બીજાઓના અભિપ્રાયની કિંમત ફૂટલી કોડી યે નથી । અંદરના ત્રાજવાનો ધડો કેમ છે એ ઉપર જ બધો આધાર છે".[૧૫૭]

'સાગર' આત્મસાધના માટે હૃદયની વિશુધ્ધિને અત્યંત મહત્ત્વનું સાધન ગણાવે છે. સ્પષ્ટ, સચોટ, સરળ વાનીમાં હૃદયની વિશુધ્ધિનું મહત્ત્વ સમજાવતી દષ્ટાંતશૈલીનો એક ઉત્તમ નમૂનો ડો. બળવંતરાયને લખેલા પત્રમાંથી જુઓ : "હરકોઇ ઇમારત બાંધવામાં સૌથી પહેલાં જમીન સાફ કરીને પાયો ખોદવો પડે છે અને પછી એ પાયા ઉપર કોંક્રીટ કરીને પૂરણી મજબૂત થયા પછી જે ચણતરનું કામ શરૂ થાય છે. મનુષ્યના હૈયામાં પરમાત્માના મન્દિરની ઇમારત બાંધવામાં સૌથી પહેલાં હૃદયની ભૂમિકા સાફ કરવી પડે છે અને પછી ખૂબ ઊંડો પાયો ખોદીને ધાર્મિક મંત્રોથી ચણતર ચણાવું પડે છે".[૧૫૮]

રૂપકાત્મક શૈલીમાં આજ ભાવ સચોટ રીતે નીચે પ્રમાણે વ્યકત કર્યો છે : "દુનિયાદારીની, વૈભવોની અને અનાત્મ ભાવનાઓની જે જંગલી ઝાડી હૃદયની ભૂમિકા ઉપર થઇ ગઇ હોય તે સત્સંગ, ચિન્તન અને વખતોવખતની દઢ સુવિચારણા ધ્વારા છેદાઇ જવી જોઇએ. જંગલી ઝાડો કાયમ રાખીને કોઇ ઇમારતનો પાયો નાખી શકયું છે ? એ કદાપિ બની શકે એવું નથી".[૧૫૯]

સંસારનું સંસારપણું દિલમાંથી ભૂંસી નાખ્યા વગર કાયમની બ્રાહ્મી સ્થિતિ અનુભવવા માટે અન્ય માર્ગ નથી. તે માટે સગા

---

૧૫૭. 'સાગર' ની પત્રરેખા', પૃ. ૧૮૯
૧૫૮. એજન, પૃ. ૧૯૧
૧૫૯. એજન, પૃ.

સંબંધીઓ, નાતજાત વગેરેનો સંગ કેવળ વિષ બરાબર છે. એ સમજાવવા માટે સાગરે આપેલું એક સચોટ દષ્ટાંત જુઓ : "જયાં સંસાર જ દિલમાંથી ભૂંસી નાખવો છે અને તે વિના માર્ગ નથી ત્યાં ફલાણા તરફની કે ફલાણી તરફની ફરજો બજાવવાનો વિચાર કરવો એ તો કેવળ ચૂંકના દર્દીને કાચી રોટલી ખવરાવવા જેવું જ છે".[160]

જીવાત્માએ પોતાના પરમ ધ્યેયની પ્રાપ્તિ માટે અસંગ રહીને બધા નિયમોનું પાલન કરવું જોઇએ. અને મનને પ્રભુમાં લીન કરી દેવું જોઇએ. પરંતુ મનની દઢતા કેળવી શકાય નહિ તો શું કરવું જોઇએ તેની સલાહ પોતાના મિત્ર શ્રી ભગવાનજી મહારાજને 'સાગર' સચોટ દષ્ટાંત ધ્વારા આ પ્રમાણે આપે છે : "બચ્ચું જેમ કરીયાતું પીવું પડે ત્યારે બ્હાનાં કહાડે છે ને તોફાન કરે છે તેમ આવા નિયમોનું પાલન કરતાં મન પણ ન્હાના બાળકની માફક બ્હાનાં કાઢીને ફોસલાવે કે તોફાન કરે, પણ સાચો મુમુક્ષુ એને - બાળકની પેઠે પકડીને દવા પાયા વિના રહેતો જ નથી".[161]

સાગરે સ્વીકારેલા અજાતવાદના સિધ્ધાંત પ્રમાણે માયાનું મૂળ મન છે. આ મનને પકડીને પરમ સતમાં તાદાત્મ્યનો સ્વાનુભવ કરાવવાને માટે મનોનાશને અનિવાર્ય સાધન ગણવામાં આવે છે. જગતના વિષયોમાં રચ્યુંપચ્યું બનેલું મન પરમાત્મામાં એકરૂપ થાય, મનની બહિર્મુખ દષ્ટિ ફરે તો બીજા કશાની જરૂર નથી. એ સમજાવતી 'સાગર'ના એક કાવ્યની નીચેની પંકિત આ પ્રમાણે છે -

---

૧૬૦. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૨૦૬
૧૬૧. એજન.

"સ્ત્રીલિંગી કાયા અલિંગી પૃથક મન–
એક પ્રિયા દૂજી તનયા".

આ પંક્તિનો ભાવાર્થ સમજાવતી દષ્ટાંત શૈલીની સચોટ અભિવ્યક્તિ જુઓ : "એક જ પ્રકારની સ્ત્રીલિંગી – મૂર્તિને જુદા જુદા ભાવથી આલિંગન આપવામાં આવે છે. એકમાં પ્રિયાપણું આરોપાયલું હોય છે અને બીજામાં પુત્રીપણું આરોપાયલું હોય છે. શરીરોના અવયવો તો સમાન જ પંચમહાભૂતોના બનેલા હોય છે પણ ભાવના જ ફરેલી હોય છે".[૧૬૨]

શુભ અને અશુભ બંને પ્રકારની વાસનાઓ બળી જાય – હુંપણાનો વિલય થાય – ત્યારે જ જીવનમુક્ત દશાનો સ્વાનુભવ થઇ શકે. ગમે તેવા કઠિન માર્ગમાં આગળ વધવાનો દઢ નિશ્ચય તરત જ કરવો જોઇએ. એજ સર્વોત્તમ માર્ગ છે. પ્રબળ પુરૂષાર્થ ધ્વારા મુકામે પહોંચ્યા વિના અન્ય માર્ગ નથી. એ સમજાવવા માટે 'સાગર' જાણીતું દષ્ટાંત આપે છે : "યુક્લિડની ભૂમિતિ માટે બીજો કોઇ બાદશાહી રસ્તો નથી. એક જ માર્ગ છે, અને જેણે ભૂમિતિ ભણવી હોય તેણે એ માર્ગે જ ભણવી પડે છે. એ પ્રમાણે આ એક જ માર્ગ સૌ કોઇને માટે છે કે કરવું અને એકદમ".[૧૬૩]

'સાગર'–ના પ્રબળ વ્યક્તિત્વનો પરિચય કરાવતું એક દષ્ટાંત શ્રી મણિભાઇ ત્રિપાઠીને લખેલા પત્રમાંથી જોઇએ : "જયાં સુધી શ્રધ્ધા અને પ્રેમની સાથે'સાગર'ને કામ કરવું હશે ત્યાં સુધી એ કાર્યો જ કરશે અને એમાં ઝિન્દગી આપવાની આવશે તો સાપ જેમ કાંચળી ફેંકી દે છે એમ શરીર ફેંકી દેવાને એ પૂરો તૈયાર છે".[૧૬૪]

---

૧૬૨. 'સાગર'–ની પત્રરેખા', પૃ. ૨૫૬
૧૬૩. એજન, પૃ. ૨૬૩–૨૬૪ : ૧૬૪. એજન, પૃ. ૩૦૩

પોતાના હૃદયની દશાનું સચોટી નિરૂપણ કરતાં સાગરે પોતાને માટે આપેલું એક દષ્ટાંત જુઓ : "દીક્ષા લેવાનું સિધ્ધાંતમાં નથી આવતું માટે જ અટકાવ્યું છે. હૃદયને બાળીને ભસ્મ કરવું એ હજી પણ બન્યું નથી અને કાચો પારો જેમ નડે છે તેમ જરાક શેષ રહી ગયેલું હૃદય પણ નડયાં કરે છે". [૧૬૫]

મનોનિગ્રહ માટે આત્માની વીરતા આવશ્યક છે. અભ્યાસ અને વૈરાગ્ય ધ્વારા મનોનિગ્રહ થઇ શકે. એ સમજાવવા માટે સાગરે પ્રયોજેલી દષ્ટાંતશૈલીનો બીજો એક નમૂનો જુઓ : "વાસનાઓ ખડી કરનારૂં મન છે. અને તમે તો આત્મા છો. હુકમ ચલાવો ; સત્તા ચલાવો ; અને વસ્તુતાએ તો મન એવું બાયલું છે કે એક બે વાર હુકમ કરશો - સત્તા ચલાવશો એટલે ખરેખર ડરી જશે અને છોકરાઓ જેમ મહેતાજીની સોટીથી બીએ છે તેમ એ ચૂપ થશે. એક સખ્ત સોટીનો પહેલો ફટકો એ હરામખોર મનને માટે બસ છે". [૧૬૬]

અનન્ય પ્રેમ-પૂર્વકની લગની અને બેશુમાર પુરૂષાર્થ - આત્મસાધનાનાં બે અગત્યનાં સાધનોનું મહત્વ સમજાવતી 'સાગર'-ની ગદ્યશૈલી પાછળ અનુસ્યૂત આત્માનુભૂતિનું બળ તેમજ દૃષ્ટાંતશૈલી ધ્વારા સચોટ અભિવ્યકિતના બે નમૂનાઓ જુઓ : : ૧ : "અંદરના ઓરડાનો કચરો પૂરેપૂરો સાફ કરવાનો છે અને જયાંસુધી જરાપણ હુંપણાની છાંટ અંદર છે ત્યાંસુધી એ કચરો જ સમજવો અને દૂર કરવાની ફરજ સૌથી પહેલા સર્વોપરિ ધર્મ તરીકે મનુષ્યે અદા કરવી જોઇએ". [૧૬૭]

---

૧૬૫. 'સાગર'-ની પત્રરેખા" પૃ. ૩૦૬
૧૬૬. એજન, પૃ. ૩૪૪
૧૬૭. એજન પૃ. ૪૬૬

: ૨ : "મનુષ્ય-માત્રે સૌથી પહેલાં તો કેન્વાસ પર જેમ ભરત ભરવા માટે ચિત્ર આલેખે છે તેમ ઝિન્દગાનીનું આલેખન એટલે ડિઝાઇન કરવી જોઇએ અને એ ડિઝાઇન મુજબની આકૃતિ તૈયાર કરવા માટે બેશુમાર પુરુષાર્થથી મંડયા રહેવું જોઇએ. એમાં જેટલી એની પ્રીતિ તેટલી એની રુચિપૂર્વક લગની અને જેટલી લગની તેટલી જ ભક્તિ અને ભક્તિના પ્રમાણમાં જ્ઞાન અને અનુભવ". [૧૬૮]

ચિત્તની એકાગ્રતા માટે સ્થૂળ પ્રીતિને ઉત્તેજન આપી શકાય નહિ. પ્રેમ-યોગ માટેનું અધિષ્ઠાન ખુદ પરબ્રહ્મનું જ હોવું અનિવાર્ય છે, એ સમજાવવા માટે સાગરે પ્રયોજેલી દૃષ્ટાંતશૈલી જુઓ : "દરેક ચિત્ત એટલી બધી દઢ પ્રીતિવાળું નથી હોતું કે મજનુની પેઠે ઝાડમાં સુકાઇ સુકાઇને ખાક થઇ જાય અથવા તો તુલસીદાસ કે સુરદાસની પેઠે નદીના પૂરને મુડદા ઉપર બેસીને તરી જાય અને આટલા માટે માર્ગ તરીકે એવી સ્થૂલ પ્રીતિને કદાપિ ઉત્તેજન આપી શકાય નહિ". [૧૬૯]

એકવખત મનને હરિના નામનો રંગ લાગી જાય પછી જીવાત્માને કશું જ કરવાનું રહેતું નથી. 'સાગર' પોતાનો સ્વાનુભવ સચોટ દૃષ્ટાંત ધ્વારા આપ્રમાણે સમજાવે છે : "પતંગિયાને લાખવાર વારો છતાંપણ એ દીવામાં ઝંપલાવું કદાપિ અટકવાનું નહીં. ભકતનું મન એના ઉપાસ્યમાં જતું કદાપિ અટકવાનું નહીં. એના પર લાખો ઝૂલમ કરો, એને લાખો લાલચોમાં મૂકો યા એને લાખો ડર બતાવો પણ એતો એના ઉપાસ્યના વિના બીજામાં વળવાનું નહીં જ". [૧૭૦]

---

૧૬૮. 'સાગર'-ની પત્રરેખા, પૃ.
૧૬૯. એજન પૃ. ૪૮૨ : ૧૭૦. એજન પૃ. ૪૮૦-૪૮૧

સાગરે કબીર, સગાળશા અને મયૂરધ્વજ જેવા ભક્તોનાં જીવનના પ્રસંગોમાંથી પણ તેમની અનન્ય પ્રભુભક્તિ દર્શાવવા માટે અથવા ગૃહસ્થ-જીવનમાં પણ સ્વાનુભવ થઇ શકે એ સિધ્ધાંત સમજાવવા માટે દષ્ટાંતો આપ્યાં છે.[૧૭૧]

ઉપમા, રૂપક અને દષ્ટાંતશૈલી ધ્વારા સરળ, સ્પષ્ટ અને સચોટ અભિવ્યક્તિ 'સાગર'-ની ગદ્યશૈલીનું વિશિષ્ટ લક્ષણ છે. આ શૈલી ધ્વારા પોતાના સ્વાનુભવ વડે તત્વજ્ઞાનના ગહન સિધ્ધાંતો વિશદ રીતે સમજાવ્યા છે.

### ૪. સરળતા, સ્પષ્ટતા અને સચોટતા

તત્ત્વજ્ઞાનના સિધ્ધાંતો સહેલાઇથી સમજી શકાય તેવી સરળ બાની 'સાગર' ની ગદ્યશૈલીનું વિશિષ્ટ લક્ષણ છે. સરળતા, સ્પષ્ટતા અને સચોટતા ધ્વારા ગભીર અને ગહન વિષયને પણ સહેલાઇથી સમજાવવાની કળા એમને સહજ સાધ્ય છે. વિષયની ગહનતા તેમજ વિશદતા સાથે આત્માનુભવનો સુમેળ સધાયો છે. પોતાના લઘુબંધુ શ્રી મણિભાઇને હિમાલયથી લખેલા એક પત્રમાં જીવનનું પરમ સત્ય સરળ બાની ધ્વારા સમજાવ્યું છે : "કુદરત "મનુષ્ય અજ્ઞાન વડે નાનું "અહં" રચે છે અને એમાં જ ફસીને વિનાશ પામે છે. તેને બદલે એના "અહં"ને તારે ચરણે હોમી દે તો તું તારો બેશુમાર ખજાનો ભેટ આપવાને તૈયાર છે".[૧૭૨]

"ધન-ચક્કર નકશાની ગાઇડ"માં દર્શાવેલો અજાતવાદનો સિધ્ધાંત શ્રી મૂળચંદ શાહને સમજાવતી 'સાગર'-ની શૈલી જુઓ : "અનેક જન્મોના સંસ્કારે આપણી એ પ્રકૃત્તિ આપણે પોતે જ ઘડેલી

૧૭૧. 'સાગર'-ની પત્રરેખા,' પૃ. ૬૯, ૨૧૬
૧૭૨. એજન, પૃ. ૩૧૧

હોય છે. ચંચળ મનનો સ્વભાવ જ અસ્થિરતાનો હોવાથી એ લાખ ભાતના ને લાખ વાતના સંસ્કાર છાપતું જાય, ભૂંસતું જાય અને વળી લાખોવાર છાપતું જાય – આવો એનો વેશ્યા-વેપાર જ મનુષ્યના જન્મ-મૃત્યુનું અને ક્લેશોનું કારણ છે. એ મનને એક જ સર્વોપરિ સત્યમાં લગાડવું, કેદ કરવું, શમાવવું અને બ્રહ્મરૂપે વિસ્તારવું એ જીવાત્માને પુરુષાર્થ છે".[૧૭૩]

મનને હરિરંગમાં રંગી દેવાની અને તે ધ્વારા અહંતાનો લય કરી જીવનમુક્તિ અનુભવવાની સલાહ કલાપીના સ્નેહરાજ્ઞી શોભનાને પણ એક પત્રમાં સરળ, સચોટ શૈલીમાં આ પ્રમાણે આપી છે : "હું પણું ગયું એટલે તમામ માયા આપણું બ્રહ્મ બની ગઇ. દુનિયા દુઃખી છે કેમકે દુનિયાને માયા ખાય છે જ્યારે પ્રેમી હૃદય માયાને ખાઇ જાય છે અને જાતે જ પ્રેમસ્વરૂપ બની રહે છે અને આમ થાય છે ત્યારે તો માયા ઉલટી દાસી બની રહેશે".[૧૭૪]

દૃષ્ટાંત ધ્વારા સરળરીતે ગહન સત્ય પણ સમજાવવાની પધ્ધતિમાં 'સાગર'-ની શૈલીની લાક્ષણિકતા રહેલી છે. ઇ.સ. ૧૯૩૨માં પોતાના પુત્ર શ્રી યોગીન્દ્ર ત્રિપાઠીને લખેલા એક પત્રમાં ઉપનિષદનો અર્થ સમજાવતાં વિધિ – Method – નું મહત્ત્વ આ પ્રમાણે સમજાવ્યું છે : "પ્રવાહનું Concentration તેમજ પ્રવાહનું અસ્ખલિતપણું જેમ બ્રહ્મવિદ્યામાં આવશ્યક છે, તેમજ પ્રવાહનું સજાતીયપણું અને વિજાતીયપણું પણ સાચવવાની શિષ્યને બહુ જરૂર છે અને તે ગુરુની પાસે જ રહ્યા વિના અશક્ય છે. પૃથ્યપાલન વિનાનું ઔષધપાન લાભકારક નથી એટલું જ નહીં પણ કેટલીકવાર વિષવત નીવડે છે. માટે જ વિધિ – મેથડ ".[૧૭૫]

---

૧૭૩. 'સાગર'-ની પત્રરેખા' પૃ. ૩૫૪
૧૭૪. એજન પૃ. ૩૯૦ : ૧૭૫. એજન, પૃ. ૩૯૯

'સાગર'ની શૈલીમાં સ્પષ્ટતા (Clarity)નો ગુણ પણ કેટલાક પત્રોમાં સ્પષ્ટપણે જોઇ શકાય છે. પ્રો.મણિલાલે બુધ્ધિ અને હ્રદય બંનેમાં હ્રદયની તરફેણમાં પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે. સાગર પણ સ્વીકારે છે કે પોતે હ્રદયના હિમાયતી છે. પરંતુ ભાવને સ્પષ્ટ કરવા માટે 'સાગર' શ્રી ભાઇલાલભાઇ ભટ્ટને લખેલા પત્રમાં હ્રદયનો પોતાને અભિપ્રેત અર્થ પણ સમજાવે છે : "હૃદય એટલે અંતરાત્મા Conscience અને એને વેદાન્ત વિવેકબુધ્ધિ વા પ્રજ્ઞાન કહે છે ને "હૃદય" એટલે ચિત્ત - Heart નહીં. Emotions એટલે લાગણીઓ અથવા ભાવનાઓ જેમાં ઉત્પન્ન થાય છે તે ચિત્ત - તે "હૃદય" તો જરૂર જ ઠગારૂં છે - કામણગારૂં છે અને જેમ 'બુધ' - જાણવું એ ઉપરથી "વિવેકબુધ્ધિ" શબ્દ તેમ Scic to know ઉપરથી Conscience શબ્દ છે. એ Conscience અન્તરાત્મા એજ હ્રદય એમ પ્રોફેસરનો અર્થ છે : અને એજ સર્વોપરિ રીતે ઉચિત છે".[૧૭૬]

'અભ્યાસ' શબ્દનો અર્થ સ્પષ્ટ રીતે સમજાવતી સાગર ની ગધશૈલીનો બીજો એક નમૂનો પોતાના લઘુબંધુ શ્રી ચિમનલાલ ત્રિપાઠીને લખેલા એક પત્રમાંથી જોઇએ : "કઠિન શબ્દો સમજીને અર્થમાત્ર કરવાની યોગ્યતા મેળવવી એને હું અભ્યાસ કહી શકતો નથી. ઈંગ્રેજી ભાષામાં To read અને To master એ બે શબ્દો છે તેમાંના પાછલા શબ્દને હું અભ્યાસનો સમાનાર્થક ગણું છું".[૧૭૭]

શ્રી જનાર્દન શર્માને લખેલા એક પત્રમાં 'સાગર'ના વ્યકિતત્વના વિશિષ્ટ ગુણો નિર્ભીકતા, સત્યનિષ્ઠા અને

---

૧૭૬. 'સાગર'ના પત્રરેખા," પૃ. ૨૨૧-૨૨૨
૧૭૭. એજન, પૃ. ૮૦

સ્પષ્ટવક્તાપણું – દ્રષ્ટિગોચર થાય છે. પોતાના મંતવ્યની નિર્ભિક, સચોટ અને સ્પષ્ટ રજૂઆત 'સાગર'ના પત્રોનું વિશિષ્ટ લક્ષણ છે. જુઓ : "તમે માયાને વળગી રહેવાનું ચાહો છો. હું એને માયા જ કહું છું કેમ કે પ્રેમમાં જે અદ્‌ભુત તત્વ પળેપળ પરસ્પર વહ્યાં જ કરે છે તે મેં તમારા પરસ્પરના સંબંધમાં જોયું નથી, અને તેથી પ્રેમનો વેષ લઇને આવેલી એ માયાને તમે બન્ને પરસ્પરના કલ્યાણ માટે એકબીજાથી છૂટાં થઇ જઇને, છોડી દો નહીં ત્યાં સુધી પ્રભુનો ઉમ્બર તમે ઓળંગીને અંતઃપ્રવેશ કરી શકો નહિ".[૧૭૮]

જીવનના કોઇપણ ક્ષેત્રમાં "માન્યતા પ્રમાણે દ્રઢ આચરણ" 'સાગર'નો જીવનસિધ્ધાંત હતો. શ્રી ચંદ્રશંકર પંડયાને લખેલા એક પત્રમાં કલાપી વિષે મુંબઇમાં પ્રવચન કરવાની પોતાની ઇચ્છાને કેમ દબાવી દીધી તેનું કારણ આપતાં સ્પષ્ટપણે 'સાગર' કહે છે કે : "કલાપી' વિષે ત્યાંના સાક્ષરોમાંથી કોઇનો બહુ સારો અભ્યાસ નહોતો, એટલે તેમના શબ્દોમાં કહીએ તો "આવી પરિસ્થિતિ વચ્ચે પ્રમુખ તરીકે હું કોને માટે વિનંતિ કરૂં એ સ્પષ્ટ થયું નહિ".[૧૭૯]

શ્રી નાનાલાલ દ. કવિને લખેલા એક પત્રમાં "જયાજયંત" માટે 'સાગર'ના 'ચન્દ્રમા' ગીતની એમણે કરેલી પસંદગી પ્રત્યે અણગમો દર્શાવી સ્પષ્ટ શબ્દોમાં તે ન છાપવા માટેની કડક સૂચના છે. જુઓ : "જયાં અને જયંત" ના નાટકમાં તમે લીધેલી મારી પંક્તિઓ કૃપા કરીને એકદમ કહાડી નાખો અને તમે બીજી રચીને મૂકો એ ખાસ કહેવાનું છે. હ્રદયના ભક્તિભાવથી લખેલી એ લીટીઓ તમે વામમાર્ગીઓ પાસે બોલાવો એ તો કેવળ અજુગતું લાગે છે અને તેથી એ છપાઇ જાય તે પૂર્વે મારો વાંધો નમ્રતાપૂર્વક રજુ કરીને તમને વખતસર વિનંતિ કરૂં છું".[૧૮૦]

---

૧૭૮. 'સાગર'ની પત્રરેખા,' પૃ. ૧૧૮
૧૭૯. એજન, પૃ. ૧૦૭ : ૧૮૦. એજન, પૃ. ૧૫૪

જનસમાજની શ્રી 'લલિતજી'ની ભાવનાના સંદર્ભમાં એમને લખેલા એક પત્રમાં 'સાગર' પોતાનું મંતવ્ય દઢતાપૂર્વક સ્પષ્ટરીતે રજૂ કરે છે : "સ્વાર્પણનું તત્ત્વ – એ ભાવનાનું જનક અને પોષક હોવું જોઇએ અને તો જ તમારી સુંદર દેખાતી ભાવના ખરેખર સુંદર ગણાય અને નહીં તો માત્ર વાતો જ ગણાય". [૧૮૧]

પોતાના શિષ્ય શ્રી કેશવલાલ ઠક્કરને લખેલા એક પત્રમાં એકાંકી અને અસંગ રહીને વીરતાપૂર્વક માર્ગમાં આગળ વધવા માટે લાક્ષણિક શૈલીમાં ઉદ્‌બોધન છે: "જીવન અને મૃત્યુ એ બેમાંથી એકનો પણ તમે વીરતાથી કે વિશુધ્ધિથી વિચાર જ કર્યો નહિ, અને એજ તમારા અસુખનું મૂળ કારણ છે. – – – તમારું હાલનું જીવન ભૌતિક, દૈવિક અને આત્મિક ત્રણે રીતે કલુષિત છે. અધર્મ છે, તમે આ ત્રિવિધ તાપમાંથી બચવાને બધું એકદમ જ છોડી દઇને ખરી દિશામાં વીરતાથી અને વિરક્તિથી ડગલું ભરો તો જ સુખી થાવ". [૧૮૨]

'કાન્ત'ને લખેલા એક પત્રમાં સ્વીડનબોર્ગના સિધ્ધાંતો સાથે વેદાંત અને સૂફીવાદની સમરૂપતા દર્શાવી છે. તેમ છતાં પોતે સ્વીડનબોર્ગના અનુયાયી થવાનું પસંદ કરે નહિં, એ પણ ખૂબ દઢતાપૂર્વક જણાવ્યું છે. જુઓ : "અંધારામાં અંદર જોવાને ~~બદલે~~ આપણને પરમાત્માએ સ્વીડનબોર્ગ ધ્વારા દૃષ્ટિ આપી છે એ એની અસીત દયા છે. તેનો અપાર મહિમા છે. ~~એમ~~ સ્વીડનબોર્ગ તરફ આ પ્રમાણે ઉપકારવૃત્તિ અને પ્રીતિભક્તિ હોવા છતાં, "સ્વીડનબોર્ગિયન" કહેવરાવવાને 'સાગરને કશો જ અધિકાર નથી એ તો બહુ સ્પષ્ટ છે". [૧૮૩]

---

૧૮૧. 'સાગર'ની પત્રરેખા," પૃ. ૧૨૬
૧૮૨. એજન, પૃ. ૩૨ : ૧૮૩. એજન, પૃ. ૩૩૫

આ માટેનું કારણ પણ સ્પષ્ટ શૈલીમાં સાગરે દર્શાવ્યું છે. જુઓ : "એક તો એ કે આ બાબતમાં જેટલી પ્રીતિ હોવી જોઇએ તેટલી બધી પ્રીતિ ટકી શકી નથી ; અને એ પણ ખરૂં કે, સૂફી અથવા વેદાન્ત ધ્વારા જે સત્યો જિગરમાં ઘર કરીને રહેલાં છે અને રહયાં કરે છે ; તે પ્રકારાન્તરે સ્વીડનબોર્ગમાં જ સત્યો છે. એમની સાથે એની સમરૂપતા છે. અમુક પંથ અથવા અમુક "સ્કૂલ" હોવી જોઇએ. એવું સૂફીઓ માનતા નથી. વેદાન્ત પણ અમુક પંથ હોવાની બાબતમાં બહુ સખ્ત બોલે છે".[૧૮૪]

શ્રી મણિલાલ શાહને લખેલા એક પત્રમાંથી સરળ, સ્પષ્ટ શૈલીનો એક છેલ્લો નમૂનો જોઇએ. વિવેકબુધ્ધિ ધ્વારા પોતાની લાગણીઓનું શોધન તેમજ પૃથક્કરણ કરવાની બાબતમાં સાગરે આપેલી સલાહ આ પ્રમાણે છે : "ચિત્તનું Aim એટલે નિશાના Self વગરના મોટા Self નું રાખો અને પોતાની દરેક લાગણીને ત્રીજા પુરુષની પેઠે "ઇન્સ્પેક્ટર" થઇને જોયાં કરો અને નિયમમાં રાખ્યા કરો. અંદરની દરેક ભાવનાને ખૂબને ખૂબ બળથી કસ્યાં કરો અને વિવેકબુધ્ધિને જાગતીને જાગતી રાખો".[૧૮૫]

પોતાના લઘુબંધુ શ્રી મણિભાઇને લખેલા એક પત્રમાં 'સાગર'-ના આધ્યાત્મિક જીવનની પૂર્ણતા માટેના પ્રવાસની પૂર્વભૂમિકા તેમજ ધ્યેયપ્રાપ્તિ માટેનો એમનો અડગ નિશ્ચય – પ્રબળ પુરૂષાર્થની ભાવના અને સૂફીવાદની ઇશ્કેહકીકીની મસ્તીનું દર્શન થાય છે. કથયિતવ્યમાં સચોટતા ચિંતનાત્મક ગદ્યકારો – મણિલાલ, અને આચાર્ય ધ્રુવની માફક 'સાગર'ની પણ લાક્ષણિકતા છે. 'સાગર'ના વ્યક્તિત્વના

---

૧૮૪. 'સાગર'ની પત્રરેખા', પૃ. ૩૩૬
૧૮૫. એજન, પૃ. ૩૨૯

જીવંત સ્પર્શની પ્રબળ અસર વર્તાયા વિના રહેતી નથી. જુઓ : "મારો માર્ગ હું કોઇની પણ ખાતર – અરે, ખુદ ખુદાની ખાતર પણ – છોડી શકું એમ નથી. બન્ધુ ! હું અમુક મનુષ્ય વ્યક્તિને ચાહું છું એવું માનવાને કશી જરૂર નથી. હું શું ચાહું છું તે "મારી સનમ"ને એકને જ માલુમ છે અને તેને ઘણીક વાર સ્પષ્ટ સાંભળતો છતાં તેનું બદન મેં જોયેલું નથી. હું તેને ચાહું છું કે જેનું બદન જોવાને હું ઇન્તિઝાર છું અને જેનું બદન માટીનું બનેલું નથી પણ ખુદ શરાબનું બનેલું છે".[૧૮૬]

કથયિતવ્યમાં સચોટતા સાથે 'સાગર'ની ભાષા ઓજસ અને પ્રસાદ તેમજ પ્રવાહિતા પણ પ્રાપ્ત કરે છે. બાહ્ય પ્રવાસને બદલે આંતરપ્રવાસનું મહત્ત્વ સમજાવતો આજ વર્ષના એમના પર લખાયેલા બીજા એક પત્રમાંથી એક નમૂનો જુઓ : "ફેરવવાનું ફક્ત તેનું આંતર જ છે, અને પ્રવાસ પણ વસ્તુપ્રાપ્તિ માટે તો અંદરનો જ કરવો જોઇએ. બાહ્યપ્રવાસ તો ફક્ત Relative Means છે".[૧૮૭]

ઊર્મિ અને બુધ્ધિનો સમન્વય સધાતાં તત્ત્વજ્ઞાનના સિધ્ધાંતોનાં રસાન્વિત અન્વેષણ અને સંવેગી આલેખન ધ્વારા 'સાગર'ની ગદ્યશૈલી લાક્ષણિક રૂપ – કળામય રચના – ની વિભિન્ન છટાઓ ધારણ કરે છે. સર્જકતાનું તત્ત્વ સવિશેષ છે એવી કથયિતવ્યની ચોટદાર રજૂઆત બીજા એક પત્રમાં પણ પ્રતિબિંબિત થાય છે: "પોતાનું અંતરાવલોકન અને પોતાના દૃઢતમ નિશ્ચય વડે પોતાના મનની જીત એજ માર્ગ એમનો છે. સંકલ્પવિકલ્પવાળું મન જ માર્ગ કાપતાં અટકાવે છે અને મનુષ્યને ફક્ત પાર્થિવ જીવનમાં કબજ કરી

---

૧૮૬. 'સાગર'ની પત્રરેખા' પૃ. ૨૯૦
૧૮૭. એજન, પૃ. ૨૯૩

રાખે છે. ઐહિક અને એટલે કે ક્ષણધ્વંસી પદાર્થોને અને સુખોને મહત્વ આપવાની આપણને પડી ગયેલી ટેવ આપણે છોડી દઇને ફક્ત પ્રેમની એકની જ સત્તાને આદર આપવા માંડીએ એટલે પ્રભુના ઘરનું ધ્વાર એની મેળે આપણી નજીક આવવા લાગે છે. અભ્યાસ આ પ્રકારનો વધતાં વધતાં જીવનું જીવપણું વિલય પામવા માંડે છે અને તે પ્રભુમાં જીવતો હોવાથી પ્રભુતા સ્પષ્ટ અનુભવવા માંડે છે. અરે ! તે પ્રભુ બનવા લાગે અને છેવટે એજ માર્ગ પ્રેમમાં જીવન જીવવાનો માર્ગ તેને પ્રેમમાં ભેળવી દે છે. તેને ખુદ પ્રેમસ્વરૂપ બનાવે છે. પ્રભુ બનાવે છે મનને જીતવું એજ પ્રભુ બનવાની મુખ્ય ચાવી છે".[૧૮૮]

ધ્યેયપ્રાપ્તિ માટેનો 'સાગર'નો પ્રબળ પુરૂષાર્થ, જગત પ્રત્યેનો આંતરવૈરાગ્ય, પરમાત્મા પ્રત્યેનો અનન્ય પ્રેમ અને એમના આધ્યાત્મિક જીવનનો વિકાસઆલેખ શ્રી મણિભાઇ પરના બધા પત્રોના અભ્યાસ પરથી પ્રતીત થાય છે. 'સાગર'ના વ્યક્તિત્વના લાક્ષણિક ગુણો - એમનું લાગણીશીલ, મૃદુ, વિશુધ્ધ હૃદય, નમ્રતા, વિનય અને હૃદયનું ભાવૈક્ય પણ ઇ.સ. ૧૯૧૨ થી ૧૯૧૮ના શ્રી મણિભાઇ પર લખાયેલા પત્રો પરથી જોઇ શકાય છે. 'સાગર'ના વ્યક્તિત્વનું હૂબહૂ ચિત્ર ઉપસાવતો ઇ.સ. ૧૯૧૪નો એક પત્ર જુઓ :
" સાગર પોતાની જિંદગીની હવે હરરાજી જ કરવા બેઠો છે. - - - 'સાગર' જન્મ્યો ત્યારથી જ બાહ્યનો ઉપેક્ષક છે અને બાહ્યની અંદર બિરાજતી શ્રધ્ધા અને સ્નેહની ચેતનાનો એ હંમેશનો સેવક છે. સર્વસ્વના અર્પણે એ વસ્તુનો પૂજારી છે ; આત્માની સ્થિતિ અવનત થાય નહીં તો બસ છે અને એ જ દરેક સ્થિતિમાં દરેકને માટે સંભાળવાનું છે. કીર્તિ કે અપકીર્તિ એ કદાપિ શાશ્વત નથી. કેવળ કાચા રંગની ઉટંગ ઉભી કરેલી છાયાઓ છે".[૧૮૯]

---
૧૮૮. 'સાગર'ની પત્રરેખા" પૃ. ૨૯૫
૧૮૯. એજન, પૃ. ૩૦૩

બ્રાહ્મીજીવનની અનુભૂતિનું દર્શન તેમજ આત્માનુભૂતિની મસ્તી 'સાગર'ની ગદ્યશૈલીનું સ્વકીય લક્ષણ છે. 'સાગર'ની સ્વાનુભવયુક્ત સચોટ બાની તત્ત્વજ્ઞાનના રસે રસાયેલી હોઇ ચિંતનાત્મક ગદ્યકારોમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરાવી આપે છે. ઇ.સ. ૧૯૧૮માં લખાયેલા એક પત્રનો નમૂનો આની દ્રઢપ્રતીતિ કરાવે છે : "દેહ એટલે જ મનનું એક બાળક પણ બસ એ ફિલસૂફી કાગળ પર લખવાની નથી. હૈયાના સાતમાં પાતાળમાં કોતરવી જોઇએ. બચ્ચા મણિભાઇ ! તું જાણે છે કે દિલમાં એક જ વાત લઇને સાગર સાડાપાંચ ફૂટનું આ તાબુત ખેલાવી રહયો છે. આટલા વર્ષોના – આટલા યુગોના વિવિધ ખેલન પછી હવે એ મસ્તીને છેલ્લે શિખરે મઝા માણી રહયો છે. જયાં નથી દેહ, નથી દિલ, નથી દુનિયા અને ॐ શાન્તિ તો ધણીયાણીની પેઠે સર્વ વિધ્ન શરીરની પાર – હરદમ એકઠી રહીને નવીન સંગીતની સારીગમ સુણાવી રહી છે".[૧૯૦]

'સાગર'ની ગદ્યશૈલીનાં બે વિશિષ્ટ લક્ષણો કથચિત વ્યમાં સચોટતા અને તત્ત્વજ્ઞાનના સિધ્ધાંતોનું રસાન્વિત અન્વેષણનું દર્શન કરાવતા ઇ.સ. ૧૯૨૭માં લખાયેલા એક બીજા પત્રનો નમૂનો જુઓ : "જે જેટલું ને જેવું હોમે તે તેટલું ને તેવું પામે. ફેર માત્ર સ્વરૂપમાં – પિંડ હોમે તે બ્રહ્માંડ પામે – જીવ હોમે તે શિવ પામે ; અહંકાર હોમે તે અહ બ્રહ્માસ્મિ પામે, બીજા બધા સમાગમો હોમે તે શ્રી હરિગુરુદેવનો સમાગમ પામે. આ ધિભૌતિક તમામ બાબતોને ભોગે આધિદૈવિકમાં થઇને આપણે આપણું આ જીવાત્માનું અસલ ધામ પામવું જોઇએ".[૧૯૧]

---

૧૯૦. 'સાગર'ની પત્રરેખા', પૃ. ૩૧૪

૧૯૧. એજન પૃ. ૩૨૩

શ્રી માનશંકર શુકલને એમના નાનાભાઇના દેહવિલય પ્રસંગે લખેલા એક પત્રની ગદ્યશૈલીમાં આત્માનુભવ ધ્વારા થતી જ્ઞાન-નિષ્પત્તિનું દર્શન થાય છે. જીવનના બાહ્ય બનાવોથી સુખ કે દુઃખ ન થાય, મનની સમતા જળવાઇ રહે એજ માનવીની સાચી કેળવણી છે. જીવનનું એ સનાતન સત્ય 'સાગર' આ રીતે સમજાવે છે : "શરીર જાતે જ નાશવંત હોવાથી જન્મને મરણ એના સ્વભાવિક અને અનિવાર્ય ધર્મો છે. જગતના બધા પદાર્થો ક્રમાનુક્રમે રૂપાન્તર પામવાના જ છે. પદાર્થમાત્રનો એ ધર્મ છે અને જેનો ધર્મ જ નાશ પામવાનો છે - જેનું લક્ષણ જ સંયોગ અને વિયોગનું છે તેને માટે ખેદ થવો એ તો પરમાત્મા પ્રત્યે ઓછી શ્રધ્ધાનું પરિણામ છે. તે સારી પેઠે સમજે છે કે દરેક સ્થિતિમાં મનનું Balance બરાબર જ રાખવું અને ક્ષુભિત થવા ન દેવું એ જ પરમાત્મા પ્રતિના પ્રેમનું અને શ્રધ્ધાનું પરિણામ છે તેમજ મનનું Balance બાહ્ય બનાવોથી સાચવી ન શકાય એ મોહનું પરિણામ છે". [૧૯૨]

'સાગર'ની ઐહિક વિચારણાનો મૂળ પાયો પણ તત્વજ્ઞાન છે. સાગરે પોતાના પુત્ર શ્રી યોગીન્દ્ર ત્રિપાઠીને સાચી કેળવણીનું રહસ્ય એક પત્રમાં આ પ્રમાણે સમજાવ્યું છે : "જગત ક્ષણભંગુર છે. - સંસાર મનોમય વાસનાનું જ પ્રત્યક્ષ પરિણામ છે અને તેથી મન જેટલું અને જેવું ચંચલ અને અસ્થિર છે તેટલું જ અને તેવું જ અસ્થિર અને ક્ષણધ્વંસી આ સર્વ દૃશ્યતંત્ર છે. પરંતુ "જ્ઞાન" અને "અનુભવ" અનન્ત છે, અને અનન્તના અભિજ્ઞાનને અર્થે જ તારી આ કેળવણી છે". [૧૯૩]

---

૧૯૨. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૩૫૧
૧૯૩. એજન પૃ. ૪૧૧

'સાગર'ના બ્રાહ્મીજીવનની અનુભૂતિનું દર્શન કરાવતા બીજા એક પત્રમાં પણ દંપતી-પ્રેમનું અંતિમ લક્ષ્યબિંદુ સચોટશૈલીમાં દર્શાવ્યું છે : "હવે ૨૩ વર્ષનો તું બી.એ. થયો – એટલે જ્ઞાનની વાત તો બાજુએ મૂકીએ પણ એવી હાલતમાં પણ આવ્યો છે કે દંપતીપ્રેમ અને તે દ્વારા જ ધર્મને અને બ્રાહ્મીપ્રેમને ક્રમેક્રમે અભેદમાં યાને અદ્વૈતમાં જોતો હોવો જોઇએ".[૧૯૪]

"વિશેષમાં દંપતીપ્રેમને – સૂફીના ઇશ્કને અને રસસાહિત્યને ગઝલમાં તેમજ કાવ્યમાં ગાનાર તું – આવો ત્રેવીસ વર્ષ વીતી ગયાં છે એવો યુવાન તું અને આ બધું જ પૂર્ણ-સ્વરૂપે પૂર્ણ વિધિપૂર્વક ઉકેલીને અનુભવી ચૂકેલો આ સાગર – બ્રહ્મ – બંનેનો સંબંધ જ તારામાં આ તમન્ના મૂકે એ પણ સ્વાભાવિક જ છે".[૧૯૫] "તારી બાને પણ આ પત્ર વંચાવીને મોકલું છું. ભાઇ, તેને આખી દુનિયામાં તારા વગર કોઇ નથી. મારે તો પરમેશ્વર પણ છે કેમકે તેને મેં મહોબત બાંધીને મારી માલકીનો કર્યો છે".[૧૯૬]

માતાજી ઓમકારેશ્વરીજીને લખેલા એકપત્રમાં 'સાગર'ના વ્યક્તિત્વનું એક નવું જ રૂપ પ્રગટે છે. આત્મસાધના માટે એમને માર્ગદર્શન આપતા પત્રોમાં 'સાગર'ના બ્રાહ્મીજીવનની અનુભૂતિનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર અનુભવી શકાય છે. "બધા સંબંધોમાં જે જે સંબંધો હૃદયને મોહ પમાડે યા તો બાંધી રાખવા જેવું કરે તે તે સંબંધો તો ખાસ કરીને જ છોડવા જોઇએ અને આગ્રહથી છોડવા જોઇએ; કેમકે એનું જ નામ મોહ છે. હૃદયને તો નિર્ગુણની પ્રભુતા વિના બીજું કશું બાંધી રાખનારૂં ન હોવું જોઇએ. બાંધી રાખનારી

---

૧૯૪. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૪૧૮
૧૯૫. એજન, પૃ. ૪૧૯
૧૯૬. એજન, પૃ. ૪૧૮-૪૧૯

અને જીવનને ઉડવામાં અંતરાય કરનારી તે જ માયા છે. માયા કોઇવાર સ્નેહનું કે મિત્રતાનું રૂપ ધારણ કરીને આવે છે ત્યારે એને છોડવી બહુ મુશ્કેલ પડે છે, પણ આખરે તો ગૌતમબુધ્ધની વીરતા વિના સિધ્ધિ નથી જ નથી".[૧૯૭]

"આત્મા ઊંચે ઉડવાને એટલે ઊંચી ભૂમિકામાં કાયમનો રહેવાને નિર્માયલો છે એ ભૂમિકા સત્ય, કલ્યાણ, શાન્તિ અને આનંદની બનેલી છે અને એમાં જયાં સુધી કાયમનો નિવાસ મળે નહીં ત્યાં સુધી ચિન્તન, મનન અને નિદિધ્યાસનની, શમ, દમ અને તિતિક્ષા તથા ઉપરામવૃત્તિ અને શ્રધ્ધાની બહુજ જરૂર છે".[૧૯૮]

"તું વીરતાથી તારી પોતાની સામે થા, પોતાની સામે એટલે ઉન્નત ભૂમિકામાં કાયમનો વાસ કરવા માટે રોકાઇ જવા સાગર પ્રતિબંધક હોય તો એના વિના ચલાવી લેવા જેટલી હૃદયની વીરતા રાખો અને એકવાર નિશ્ચય કર્યા પછી કુદરતમાં પૂરેપૂરી શ્રધ્ધા રોપી દો. એ સત્તા બહુ બળવાન છે".[૧૯૯] બીજા એક પત્રમાં સ્નેહયોગ ધ્વારા પૂર્ણતા પ્રાપ્ત કરવાનો બોધ સંવેગી આલેખનનો સુંદર નમૂનો છે : "પૂર્ણ અધીનતા અને સ્વાભાવિક અધીનતા એજ પ્રેમનું લક્ષણ છે અને અનિવાર્ય લક્ષણ છે. એનું નથી હોતું ત્યાં પ્રેમ નહીં પણ પ્રેમનો સાચો અગ્નિ એ જ એવો પ્રબળ ભડકો છે કે જગતના જગતપણાને જરૂર જ ધીમે ધીમે ભસ્મ કરી નાખે છે અને એમાંથી નવું જીવન -- બ્રાહ્મી જીવન પેદા કરે છે".[૨૦૦]

ઇ.સ. ૧૯૧૩માં શ્રી હરિલાલ મશરને લખાયેલા એક પત્રની લાક્ષણિક શૈલી જુઓ : "દુનિયાકે સબ પદાર્થો કો બચ્ચોંકી

---

૧૯૭. 'સાગર'ની પત્રરેખા' પૃ. ૪૫૧ : ૧૯૮. એજન.
૧૯૯. એજન પૃ. ૪૫૨ : ૨૦૦. એજન પૃ. ૪૮૭

પૂતલીઓંકી મા ફિક સમજ લો ઔર સચ્ચા સ્વરૂપ સેં ચારી ઠહરા દો મેરે પ્યારે ! વો હિ કરના કે જિસ સેં કાયમ કા આરામ મિલ જાય ઔર મનકો ખુદ આત્મા મેં ડૂબા દેના કયોં કિ મન એક હિ જગતકા મૂલ હય ઔર મન આત્મલીન હુવા તો સારા જગત, જગત નહીં રહેગા".[૨૦૧]

પોતાના મિત્ર શ્રી અમીધર મહારાજને પરમાત્માના નામસ્મરણનો મહિમા સમજાવતી નીચેની કંડિકા જુઓ : "શ્રી હરિ વિના બીજું કોઇ કંઇ કરી શકે એમ નથી, અને શ્રી હરિના નામમાં ઘેલાં થયેલાંને માયાનો વિચાર કરવાને પળની યે ફુરસદ નથી. કોઇ કોઇનું હિત કરી શકે એમ છે જ નહીં. આખી દુનિયા ભિખારી છે. માત્ર શ્રી હરિનું નામ જ મહાધન છે".[૨૦૨]

આચાર્ય આનંદશંકર ધ્રુવને 'સુદર્શન' માસિકમાં પોતે લખેલા 'બુધ્ધિ વિ. હૃદય' લેખમાં પોતાના વિચારોમાં અસ્પષ્ટતાનો સ્વીકાર કરતાં સાગરે જીવનનું સત્ય લાઘવયુકત શૈલીમાં ચોટદાર રીતે રજૂ કર્યું છે : "મનુષ્ય લાંબા અનુભવે અને અભ્યાસે જ ડાહ્યું થાય એવું છે".[૨૦૩]

પોતાના વિચારોની સ્પષ્ટ રજૂઆત ધ્વારા કથચિતવ્યમાં સચોટતા સાધતી 'સાગર'-ની શૈલીનો બીજો એક નમૂનો જુઓ : "ત્યાગ વિષે તે એવું સમજે છે કે, પૂર્ણ પુરુષાર્થથી, પૂર્ણ પ્રાજ્ઞી બળવડે જો આન્તરનો ત્યાગ સાચવી શકાય તો બ્રાહ્ય ત્યાગની કશી જરૂર નથી. ત્યાગ તે સ્થૂલનો કે સ્થૂલની ઇચ્છાઓનો ? સંબંધીઓનો કે સંબંધ મનાવનાર મનોવૃત્તિનો ? યોગ-વાસિષ્ઠય, ભગવદ્-ગીતા

---

૨૦૧. 'સાગર'-ની પત્રરેખા', પૃ. ૫૮૪
૨૦૨. એજન, પૃ. ૧૧
૨૦૩. એજન, પૃ. ૧૭

અષ્ટાવક્ર, ગુરુ દત્તાત્રેય અને સ્વામી રામ સુધ્ધાં આવા બ્રાહ્મત્યાગની સલાહ કદાપિ આપતા હોય એવું 'સાગર' જોઇ શકયો નથી".[204]

પ્રશ્ન-પરંપરા ધ્વારા ચર્ચા કરવાની પધ્ધતિ 'સાગર'-ની ગધશૈલીની લાક્ષણિકતા છે. વૈરાગ્યવૃત્તિ ધ્વારા જ્ઞાન અને સ્વાનુભવ પ્રાપ્ત થાય છે. એ સમજાવતાં 'સાગર'-ના બીજા એક પત્રમાંથી દષ્ટાંત ધ્વારા સચોટ રજૂઆતનો બીજો એક નમૂનો જુઓ : "વૈરાગ્યવૃત્તિ જેમ જેમ દઢ થતી જાય તેમ તેમ તેજ વૃત્તિ, વાણી અને વર્તનની હરેક કૃતિમાં દેખાવી જોઇએ. પ્રેમ, ઔદાર્ય, જ્ઞાન અને મુકિતએ વૈરાગ્યની જ સંતતિ છે અને તે કૃતિમાત્રમાં બેશક આચરવી જ જોઇએ. પરંતુ બાળક નાનું હોય ત્યાં સુધી જ એને તેડવાની જરૂર પડે છે ; મોટું થયા પછી એને તેડીને કોઇ ફરતું નથી અને ત્રીસ વરસના આદમીને જો એનો બાપ સુધ્ધાં તેડીને ફરે તો હાસ્યારસ જ ગણાય. વૈરાગ્યનું બાલક મોટું થયા પછી જ્ઞાન અને મુકિતને જન્મ આપે છે. વૈરાગ્ય તે જ્ઞાન અને મુકિતરૂપે બદલાઇ જાય છે".[205]

સહજાવસ્થાનો સ્વાનુભવ અભિવ્યકત કરતી 'સાગર'-ની ગધશૈલીનો એક લાક્ષણિક નમૂનો જુઓ : "વનમાં જવું નહિ અને ઘરમાં રહેવું નહીં એ મુકતને રહેવાનું સ્થાન છે. કશું છોડવું નહીં અને કશું રાખવું નહીં એ એની સ્થિતિ છે. સહજનું ઘર એ તમારું ઘર છે".[206]

મનની ચંચળવૃત્તિનો પરમાત્મામાં લય કરતાં સ્વાનુભવ સિધ્ધ થઇ શકે એ સમજાવતી 'સાગર'-ની સચોટ ગધશૈલી નીચેના પત્રના અવતરણમાં પણ પ્રતીત થાય છે : "મનને ફકીર બનાવો, એકાકી

---

૨૦૪. 'સાગર'-ની પત્રરેખા' પૃ. ૫૧
૨૦૫. એજન, પૃ. ૬૭ : ૨૦૬. એજન, પૃ. ૬૯

બનાવો અને તો જ એ નિસ્ત્રૈગુણ્યમાં સ્થિત થશે; બાકી તો બધી માયા છે, આળપંપાળ છે, – – – તોડો પડદો, કરો મર્દાઇ અને થાવ અડગ નિશ્ચયથી ગુણાતીત".[207]

આત્માનુભવ ધ્વારા જ્ઞાનનિષ્પત્તિને કારણે કથચિતવ્યમાં સચોટતાનો એક નમૂનો પાર્વતીબહેનને લખેલા પત્રમાંથી લઇએ : "બે આંખે જણાતી વસ્તુમાત્ર બાહ્ય રૂપે ભ્રમમાત્ર છે, પણ ત્રીજી આંખે જોતાં બ્રહ્મ સિવાય કોઇપણ ભિન્ન વસ્તુ વિધમાન જ નથી. હું, તું, તે એ બધાં સર્વનામો એક જ સર્વોપરિ નારાયણના નામમાં ઓગળી જાય છે".[208]

જગતને જોવાની દ્ષ્ટિનો લય થતાં સ્વાનુભવ પ્રાપ્ત થઇ શકે. અજાતવાદનો આ સિધ્ધાંત લાક્ષણિક શૈલીમાં 'સાગર'આ પ્રમાણે સમજાવે છે : "બીજી બધી ઇચ્છાઓને હોમી દઇને આત્માનુભવની એક જ ઇચ્છા જયારે કેન્દ્રમાં આવે છે ત્યારે જગત તરફ એની મેળે જ આંખો મીંચાઇ જાય છે, અને બાપુ ! એનું જ નામ યોગ છે, ભક્તિ છે અને સ્થિતિના પરિણામને જ્ઞાન અથવા અનુભવ કહીએ છીએ".[209]

## 'સાગર'ની ગધશૈલીના વિભિન્ન નમૂનાઓ

### : ૫ : કટાક્ષ

આત્માનુભવ માટે પ્રબળ પુરૂષાર્થની અપેક્ષા છે. સંન્યાસ કાં તો જીવનથી હારી ચૂકેલા અથવા આળસુ પ્રકૃતિના માણસો માટે જ જાણે ન હોય એવી પરિસ્થિતિ થઇ છે. તેના પર કરેલો કટાક્ષ અને તે ધ્વારા સન્યાસની આવશ્યકતાનો અસ્વીકાર કરતાં 'સાગર' સ્વામી અખંડાનંદજીને આ પ્રમાણે જણાવે છે : "તમને

૨૦૭. 'સાગર'ની પત્રરેખા,' પૃ. ૧૧૯
૨૦૮. એજન પૃ. ૧૫૯-૧૬૦ : ૨૦૯. એજન પૃ. ૧૬૪

વિદિત છે કે દેશમાં પર લાખ બાવાઓ છે અને તેમાં અડધી સંખ્યા તો જુવાનોની હશે - કદાચ !"[૨૧૦]

આ જ સંદર્ભમાં સાગરે કરેલો વ્યંગ જુઓ : "ગીતાનો તમને સારો અભ્યાસ છે અને ગીતામાં તમે જુઓ છો કે એ પૂર્ણ પુરૂષ કૃષ્ણ બાવા બનવાની કોઇને સલાહ આપતા નથી, પણ બાવા બન્યા વિના જ પરમ ધર્મરૂપ - મુમુક્ષુને બનાવે છે".[૨૧૧]

આધિદૈવિક અને આધિભૌતિક જીવનનો આધ્યાત્મિક જીવનમાં લય કરવો જોઇએ. એ સમજાવતી શ્રી નાથાલાલ પરીખને લખેલા પત્રની શૈલી જુઓ : "સજ્જનનો એવો નિયમ હોય છે કે આધ્યાત્મિક જીવનની ઉન્નતિને ખાતર ક્રમે ક્રમે નીચેના બે જીવનોને ગૌણ ગણતાં જવું, તમે પણ સજ્જન છો".[૨૧૨] પોતાની માનસદશા સમજાવતાં એક પત્રમાં વ્યાવહારિક માણસોની સલાહની પોતાને જરૂર નથી, એ સ્પષ્ટ કરતાં એમણે કહ્યું છે : "હવે મને મારી મૂર્ખતામાં જ ડાહયા થવાની આશા છે અને મારી બેવકૂફાઇ જોવાને મને નવી આંખ પણ તેમાંથી જ ફૂટવાની છે".[૨૧૩]

કટાક્ષયુકત વેધક શૈલીનો એક છેલ્લો નમૂનો જુઓ : "સારી પ્રકૃતિ પણ નવા નવા લિબાસમાં ભેટવા આવે છે. કોઇવાર માથું, કોઇવાર છાતી, ને કોઇવાર તાવ એમ ભાત ભાત રૂપે એ છબિલી ભેટે છે, પણ કોણ બીએ છે એ લાખ નખરાંવાળી જાદુગારણથી ?"[૨૧૪]

## : ૬ : પ્રશ્નપરંપરા ધ્વારા ચર્ચા

પત્રી સાથે હૃદયનું ભાવૈક્ય સાધતી 'સાગર'ની ગદ્યશૈલીમાં પ્રશ્નપરંપરા ધ્વારા ચર્ચા કરવાની પધ્ધતિ પણ જોઇ શકાય છે.

---

૨૧૦. 'સાગરની પત્રરેખા' પૃ. ૬૦ : ૨૧૧. એજન, પૃ.
૨૧૨. એજન, પૃ. ૧૪૯ : ૨૧૩. એજન, પૃ. ૨૭૯ : ૨૧૪. એજન, પૃ. ૩૧૪

આવી શૈલીનો એક નમૂનો જોઇએ : "તીવ્ર મુમુક્ષુને સંસારનું સંસારપણું દિલમાંથી ભૂંસી નાખવાની વૃત્તિ પળેપળ રહયાં કરે છે અને ત્યાં સંસારની ફરજો શી ? એમને સ્થાન કયાં ?"[૨૧૫] બીજો એક નમૂનો જોઇએ : "ધર્મ એટલે શું ? ધાર્મિક જીવન એટલે શું ? જીવનની સાર્થકતા એટલે શું ? જ્ઞાન એટલે શું ? અજ્ઞાન એટલે શું ? – – – આવા બધા પ્રશ્નો મનુષ્યને કોઇ કોઇવાર આવ્યા કરે એ શું સંભવિત નથી ?"[૨૧૬]

માતાજી ઓમકારેશ્વરીને લખેલા એક પત્રમાંથી પ્રશ્નપરંપરા ધ્વારા ચર્ચા શૈલીનો એક નમૂનો જોઇએ : "જગત કયા માર્ગેથી નીચે પડેલી સ્થિતિ અનુભવે છે ? મનુષ્યના દુઃખનું ખરું કારણ શું છે ? બહારના સાધનોથી મનુષ્ય ખરેખર સુખી થઇ શકે છે ?"[૨૧૭]

આમ, પ્રશ્નો રજૂ કરી તે ધ્વારા ચર્ચાનો પ્રારંભ કરવાની શૈલીમાં 'સાગર'=ની પોતાની લાક્ષણિકતા પ્રતીત થાય છે.

## :૭: પ્રકૃતિના આનંદની અનુભૂતિ

હિમાલય=નિવાસ દરમિયાન સાગરે અનુભવેલા પ્રકૃતિ-દર્શનના આનંદની અનુભૂતિ પણ કેટલાક પત્રોમાં સચોટરીતે અભિવ્યકત થઇ છે. આવા પત્રોમાંથી બે નમૂનાઓ જોઇએ :

:૧: "અહીંનું વાતાવરણ એટલું પવિત્ર, એટલું શાંત અને એટલું સત્ત્વગુણી – અલૌકિક છે કે અહીં કશું વંચાય નહી કે પોથાપોથા ઉઘાડાય નહીં તો યે આસપાસની પ્રકૃતિ એની મેળે જ બ્રહ્મવિધાના મંત્રોનું જ્ઞાન બહારથી અને અંદરથી એક=સ્વરૂપે ચલાવ્યાં જ કરે છે. જળનાં બે સુંદર ઝરણોનો અહીં સંગમ થાય છે અને દિનરાત્રિ એ

---

૨૧૫. 'સાગર', ની પત્રરેખા" પૃ. ૨૦૬ : ૨૧૬. એજન, પૃ. ૨૨૭
૨૧૭. એજન, પૃ. ૪૬૩

ઝરણો "સોઽહં સોઽહં"નું સંગીત દિવ્યતાથી આલાપ્યાં કરે છે".[૨૧૮]

"આખું જગત અરે ! અગણિત બ્રહ્માંડો બધાં મળીને મૂખમાં એક જ શરીર છે અને વહાલું અજ્ઞાન દૂર થતાં - જ્ઞાનની પ્રીતિ પાકી જામતાં આશા નિરાશા બન્નેથી ઉપરનો અનુભવ આવીને જીવની દૃષ્ટિને શિવના નેત્રમાં ભેળવી દે છે, કામનામાત્ર બળી જાય છે, હળાહળ પીવાઇ જાય છે - "વિશ્વ" નો સંહાર થાય છે અને બ્રહ્મની જ્યોતમાં "વિશ્વ" લય પામે છે".[૨૧૯]

તત્ત્વજ્ઞાનના રસાન્વિત અન્વેષણનો આ ઉત્તમ નમૂનો છે. ઋષિકેશમાં ભાગીરથીને કિનારે પોતાના નિવાસ દરમિયાન વાતાવરણનું ચિત્ર સાગરે આ પ્રમાણે આલેખ્યું છે : "સાગરમાં સમાઇ જતી એ સદા સૌભાગ્યવતી ભાગીરથી એવું તો મીઠું મીઠું ગાયા કરે છે કે કંઇ કહેવાની વાત જ નહિ. એ ભગવતીનું ગાણું આત્માનું ગાણું છે. અને પૂરેપૂરા રસથી, પૂરેપૂરા આનંદથી એ ગાયા જ કરે છે. હૃદયના ઠેઠના અંતરતમ ભાગ સુધી એ સ્વર પહોંચે છે અને આનંદનું અમૃત ઘેન ચઢે છે".[૨૨૦]

## : ૯ : બોધાત્મક શૈલી

સ્વાનુભવી સંત તરીકે ચિત્રાલ (તા. પાદરા )ના પોતાના આશ્રમમાં પોતાનું શેષ જીવન વ્યતીત કરીને મુમુક્ષુઓને આત્મ-સાધનાના માર્ગમાં સાગરે માર્ગદર્શક ભોમિયાની ગરજ સારી છે. પત્રરેખાના મોટાભાગના પત્રોમાં કળામય રસદૃષ્ટિથી તત્ત્વજ્ઞાનનું અવગાહન તેમ જ સત્યના શાશ્વત સિધ્ધાંતની રજૂઆતમાં અનુભૂતિના બળને કારણે સચોટતા જોઇ શકાય છે. 'સાગર'ની વાણીમાં

---

૨૧૮. 'સાગર'ની પત્રરેખા," પૃ. ૨૨૪
૨૧૯. એજન, પૃ.
૨૨૦. એજન, પૃ. ૨૪૨

ઊર્મિ અને બુધ્ધિનું એકીકરણ પણ સધાયું છે. શ્રી વિજયરાય વૈદ્યે કહયું છે તેમ "પત્રધારાની સૌથી મોટી ખૂબી એ છે કે તમે કોઇ પણ પાને ઉઘાડો ત્યારે ત્યારે મનુષ્યનાં બાહયાંતર જીવનનાં કોઇને કોઇ પાસાને અજવાળવે સમર્થ વિચારરત્ન અગર એને પોષવે તાકાદ મંદ વિચારકણ યા તો ભાવ-ઝરણ લાધ્યા વિના રહે નહિ".[221] – – – "પત્રલેખકના બહુ-સ્વરૂપી, ઉંડા, અનુભવનિષ્ઠ તથા વ્યવહાર-સિધ્ધ અધ્યાત્મ-વિચારના થોડાં જ એ નમૂના"[222] – – –"એ આત્માનુભવી કવિ અને પત્રલેખક વિચારક પણ છે એટલે ઉચ્ચ જીવનનાં ગહન સત્યો પણ તેમણે પત્રોમાં સ્થળે સ્થળે ઉચ્ચાર્યાં છે".[223]

હૃદયનું ભાવૈકય સાધતી 'સાગર'-ની બોધાત્મક શૈલીનો એક નમૂનો માતાજી ઓમકારેશ્વરીને લખાયેલા એક પત્રમાંથી જોઇએ : "મારા અંતઃકરણની એવી ઇચ્છા છે કે ઝાંઝવાના જળ જેવું આ જગતપણું અને પાણીના પરપોટા જેવું આ શરીરપણું વિલય કરીને તું બ્રહ્મજયોતિમાં ઝંપલાવી પડવાને ખૂબ પુરૂષાર્થવંતી થા, – – – પહેલાં હૈયાના આંગણામાંથી બધો કચરો કાઢી નાખવો અને પછી સુંદર બનાવવા મથવું".[224]

શ્રી મશરને લખેલા પત્રમાંથી બીજો એક નમૂનો જોઇએ : "તમે મનની રચેલી માયાને સંકેલી લો ને હવે તો શ્રી હરિના અમર બ્રહ્મધામનું શરણું લ્યો. આવો, સાંભળો, ને અનુસરો".[225]

પોતાના લઘુબંધુ શ્રી મણિભાઇને પણ એક પત્રમાં સાગરે સચોટ શૈલીમાં આત્માનુભવનો માર્ગ આ પ્રમાણે સમજાવ્યો છે : "તારી પ્રકૃતિમાં રહેલાં ત્રિગુણી તત્ત્વોનું તું જાતે સૂક્ષ્મ અવલોકન કર અને સૂક્ષ્મીકરણની પધ્ધતિ વડે એનું પૃથક્કરણ કર".[226]

---

૨૨૧. 'ગતશતકનું સાહિત્ય' – શ્રી વિજયરાય વૈદ્ય પૃ. ૧૭૩
૨૨૨. એજન પૃ. ૧૭૭ : ૨૨૩. એજન પૃ. ૧૭૪
૨૨૪. 'સાગર'-ની પત્રરેષા' પૃ. ૪૫૫ : ૨૨૫. એજન, પૃ. ૬૦૭
૨૨૬. એજન પૃ. ૩૧૯

## : ૧૦ : સૂક્ષ્મ વિનોદવૃત્તિ – હળવી શૈલી

તત્ત્વજ્ઞાનનું ગહન, ગંભીર સત્ય પોતાની સૂક્ષ્મ વિનોદવૃત્તિ ધ્વારા હળવી શૈલીમાં રજૂ કરવાની પધ્ધતિ પણ 'સાગર'ની ગધશૈલીનું વિશિષ્ટ લક્ષણ ગણાવી શકાય તેમ છે.

વિશ્વનો ક્રમ વ્યવસ્થિત રીતે ચાલે છે. એની પાછળ નારાયણની લીલા જ પ્રત્યક્ષ થાય છે. શ્રી ભાઇલાલભાઇ ભટ્ટને લખેલા પત્રમાં સાગરે આ જ વિચાર આ પ્રમાણે રજૂ કર્યો છે : "સૌ કોઇ પોતપોતાના અધિકાર અનુસાર પ્રવૃત્ત થઇ રહેલું છે. કેવળ સુસ્ત છે તે જાગશે, ઉંઘ પૂરી થશે એટલે જાગશે ; જાગેલા મુસાફિરીની તૈયારી કરે છે, મુસાફિરો કુચ કરે છે, કુચ કરનારાઓ આરામ લેતા લેતા – મુકામ કરતાં કરતાં આગળ વધે છે, આગળ વધેલાઓ છેવટને મુકામે પહોંચે છે, અને છેવટને મુકામે પહોંચેલાઓની તો બલિહારી છે".[૨૨૭] આજ પત્રમાં આત્મસાધના માટે દર્શાવતાં વિભિન્ન પ્રકારનાં સાધનો પરત્વે લાપરવાહી દર્શાવી જગતને જોવાની સાચી દષ્ટિ કેળવવા આપેલી સલાહ સચોટરીતે નિરૂપાઇ છે. "કોઇ કહે છે કે એકાંત સેવન કરો, અને તો જ વસ્તુપ્રાપ્તિ થશે : કોઇ કહે છે કે, સત્સમાગમ કરો, કોઇ કહે છે કે બધું છોડી દો અને ફકીર થાવ, સન્યાસી થાવ – તો જ પ્રભુ મળશે ; કોઇ કહે છે કે યોગસાધન કરો, કોઇ કહે છે કે ફલાણા મહાત્મા બહુ સારા છે, એમના દર્શન કરવા જાવ. આવું બહુરંગી અને બહુમુખી વાજું આસપાસ ઘડીયે ઘડીયે બજયાં જાય ત્યાં શું કરવું ? અને શું ન કરવું ? કોનું માનવું અને કોનું ના માનવું ? કોને સાચું કહેવું અને કોને જૂઠું કહેવું ? શું આ હસવું આવે એવી વાત નથી ?"[૨૨૮]

---

૨૨૭. 'સાગર'ની પત્રરેખા,' પૃ. ૨૨૯
૨૨૮. એજન, પૃ. ૨૨૯

## : ૧૧ : હૃદયનું ભાવૈક્ય સાધતી લોકભોગ્ય શૈલી

આત્માનુભવના રસે રસાયેલી 'સાગર'ની ગદ્યશૈલી લોકભોગ્ય બની રહે છે. વ્યવહારમાંથી આપેલા દૃષ્ટાંત તેમ જ અનુભવાત્મક વિચારની સરળ, સ્પષ્ટ અને સચોટ રજૂઆતમાં 'સાગર' ની પોતાની છાપ ઉપસ્યા વિના રહેતી નથી. જુઓ : "સારા માણસનું લક્ષણ જ એ છે કે દુનિયાનાં લાભહાનિની બહુ પરવા ન કરતાં એને સ્વપ્નવત જાણીને આત્માનાં લાભહાનિનો જ વિચાર કરવો. મન ભટકવા માંડે કે તુરત જ એને ખીલે બાંધવું".[૨૨૯]

લોકભોગ્ય શૈલીનો બીજો એક નમૂનો જોઇએ : "સુખ અને દુઃખ કેવળ માનસિક વૃત્તિની નિશ્ચિત અને અનિશ્ચિત સ્થિતિઓ છે. અનુભવ એ બન્નેથી પર છે અને ત્યાં તો – આહા ! આખું વિશ્વ પોતાનું એક જ શરીર છે. જો – જો – વિરાગ અને અભ્યાસની માત્રા ઘૂંટીને એ બુટ્ટી પી લે".[૨૩૦]

સંવાદ ધ્વારા હૃદયનું ભાવૈક્ય સાધતી શૈલી શોભનાને લખેલા પત્રોમાં પણ છે. જુઓ : "વ્યવહારો કર્યા કર ; માતા ! પણ વ્યવહારથી કંટાળે છે એ ઉચિત નથી. વ્યવહારમાં પણ પ્રભુને જોયાં કર. મનને આત્મામાં ડૂબાડી દેવું અને ખાતાં, પીતાં, બેસતાં, ઉઠતાં અને હરેક કામ કરતાં વૃત્તિને આત્માના અનુસંધાનમાં જ અનુભવ્યાં કરવી એ વિસરાય નહિ તો બસ છે".[૨૩૧]

માતાજી ભાગીરથીને લખેલા પત્રમાં પણ પત્ની સાથેની ભાવાત્મક એકતા સાધતી શૈલીનો સુંદર નમૂનો છે : "સાગર પ્રભુ પરમાત્મામાંથી પધાર્યા છે અને પરમાત્મામાં જવાને હવે ધીમે

---

૨૨૯. 'સાગર'ની પત્રરેખા' પૃ. ૧૮૧
૨૩૦. એજન પૃ. ૫૯૪ : ૨૩૧. એજન પૃ. ૩૭૬

ધીમે તૈયારી કરે છે. સાગર પ્રભુનો જેને થોડો ઘણો પણ સાચો પરિચય છે તે તો આ વાત જરૂર જ જાણે છે કે ધર્મશાળા જેવા આ સંસારમાં ચિત્તને કશી જ રસવૃત્તિ હોવી એ અલબત્ત જીવના અંધાપાનું જ લક્ષણ છે". [232]

## : ૧૨ : તત્વજ્ઞાનનું રસાન્વિત અન્વેષણ - સંવેગી આલેખન

ઉર્મિયુક્ત કાવ્યમય શૈલીની છટા તેમ જ આત્માનુભૂતિનું બળ અને જુસ્સો - મસ્તીને પરિણામે સચોટતા, સંક્ષિપ્તતા, વેધકતા અને સંવેગી આલેખન પ્રાપ્ત કરતી 'સાગર'ની ગદ્યશૈલીમાં છેક ઇ.સ. ૧૯૧૧ના શ્રી ચન્દ્રશંકર પંડયા પરના પત્રોમાં, ઇ.સ. ૧૯૧૮ના ડૉ. હરિકૃષ્ણ જોષીના, ઇ.સ. ૧૯૧૯ના માતાજી ઓમકારેશ્વરીના પત્રોમાં, તેમ જ ઇ.સ. ૧૯૩૨ થી ૧૯૩૬ ના શ્રી યોગીન્દ્ર જ. ત્રિપાઠીના પત્રોમાં પણ જોઇ શકાય છે.

સ્વાનુભવના બળ વડે તત્વજ્ઞાનના સિધ્ધાંતોનું રસદષ્ટિથી નિરૂપણ થતાં ઉર્મિ અને બુધ્ધિનું એકીકરણ સાધતી 'સાગર'ની ગદ્યશૈલીનો એક નમૂનો શ્રી ચન્દ્રશંકર પંડયાને લખેલા પત્રમાંથી જોઇએ : "સૌન્દર્યની જે ઝાંખી છે તે જ સ્નેહની ઝાંખી છે. એ જ હૃદયનું ધ્યેય અને ઉપાસ્ય થાય છે. એના દર્શન પછી આશકની જિંદગી શરૂ થાય છે". [233] - - - "વેદાંતવાદી જે બ્રહ્મનો ધ્યાતા છે તે જ બ્રહ્મનો શોધક સુફી આશક છે. વેદાંતનું બ્રહ્મ નિર્ગુણ છે તેમ આશકની સનમ પણ બદન વગરની અને આખી આલમની માલેક છે". [234] - - - - "હું સોહમની ભાવનાથી શુરૂ થતો આશક સનમના પગ ચુમતાં ચુમતાં, પોતામાં સનમને સ્થાપતાં સ્થાપતાં, સનમને ભેટે છે ; અને અંતે સનમમાં તે ગૂમ થઇ જાય છે. સમાઇ જાય છે કહે છે કે

---

૨૩૨. 'સાગર'ની પત્રરેખા, પૃ. ૨૫૦
૨૩૩. એજન પૃ. ૧૧૦ : ૨૩૪. એજન પૃ. ૧૧૩

મીરાં કૃષ્ણસ્વરૂપમાં સમાઇ ગયાં તેમ. ઇશ્કની એ છેલ્લી દશા છે. સોહમ અથવા મનસૂરનો અનલહક્ક".[૨૩૫]

'સાગર'ની કાવ્યમય શૈલીનો બીજો એક નમૂનો ડો. હરિકૃષ્ણ જોષીના પત્રમાંથી જોઇએ. અધિષ્ઠાનભેદનું મહત્વ સમજાવતાં આ પત્રમાં નિરૂપાયેલો સ્નેહયોગનો સિધ્ધાંત અનુભૂતિના બળને કારણે સંવેગી આલેખનનો પણ ઉત્તમ નમૂનો છે : "ગમે તેવા અધિષ્ઠાનને લક્ષ કરીને જીવાત્મા જુગોના જુગો સુધી તપ્યાં કરે એથી જન્મમરણ કદાપિ છૂટે નહિ, એટલું જ નહિ પણ એ વસ્તુતાએ તો શિવાત્મક પ્રવાહ ગણાય જ નહિ". – – – – "એક ઋતુધ્વજ સ્મશાનમાં સૂકાઇ જાય, એક ફરહાદ માથું ફોડીને મરી જાય, એક મજનૂં ઝાડમાં ઝાડ બની જાય કે એક સુરદાસ કે તુલસીદાસ મુડદા ઉપર બેસીને નદી પાર કરી જાય. એમની જિન્દગી પામર જીવાત્મા કરતાં ઉંચી ખરી પણ એમનું અધિષ્ઠાન લક્ષ્ય અમુક સ્ત્રીનું જ હોવાથી એ વિષયી જીવાત્મા કરતાં જરાયે વધારે અધિકારી કહેવાય નહિ".[૨૩૬]

માતાજી ઓમ્કારેશ્વરીને લખાયેલા પત્રોમાંથી 'સાગર'ની કાવ્યમય શૈલીના કેટલાક ઉત્તમ નમૂનાઓ જોઇએ : "ખરું સુખ આત્માના – અનુભવમાં છે – વાસનામાત્રને પ્રેમના વિરાટ્સ્વરૂપજ્યોતિમાં બાળી દીધા વિના – મનને આત્મામાં શમાવ્યા વિના કદાપિ પણ આત્માનો સ્વાનુભવ થતો નથી".[૨૩૭] "લગનીની જેને કટારી મન ઉપર ભોંકાઇ જ રહી છે તેને તો શંકાને તલભાર અવકાશ નથી. હુંપણાની ગંધ પણ પોતામાં હોવી ન જોઇએ. બધું જ બ્રહ્માર્પિત જીવન અનુભવાવું જોઇએ. ગમે તે રીતે એ કરવું પણ કરવું તો એ એક જ છે".[૨૩૮]

---

૨૩૫. 'સાગર'ની પત્રરેખા પૃ. ૧૧૪ : ૨૩૬. એજન, પૃ. ૫૮૦-૫૮૧
૨૩૭. એજન, પૃ. ૧૫૪ : ૨૩૮. એજન, પૃ. ૪૬૫

"આત્મધન કોઇ ઠેકાણે દાટેલું છે તે ખોદવાને ત્યાં જવું નથી પડતું, પણ એ તો છે છે ને છે જ – અનુભવમાં એવું નથી આવતું માટે – પડદા આપણે પોતે જ રહયા છે તે ખસેડી દઇએ, અભકત વૃત્તિઓને ભકત બનાવીએ, કચરો બહુ હોય તો બેઠે બેઠે ઝાડુથી સફા કરીએ. ... ... ... અને અનલહક તો છે જ છે. હીરો તો છે જ – ઉપરનો અહંકારનો કચરો જ બધો કહાડવો છે ને જયોતિ કયાં નથી ?"[૨૩૯]

ચિત્તની એકાગ્રતા માટે આબાદ લગનીની આવશ્યકતા પર ભાર મૂકતાં સાગર આ પ્રમાણે સમજાવે છે : "વિવેકનો દીવો વારંવાર ઓલવી નાખવાને મથનાર અને પ્રેમના પ્રબલ અગ્નિમાં પથરા નાખવાને દુશ્મનની પેઠે સર્વદા તૈયાર એવા એ ચિત્તને વશ કરવાની બહુ જરૂર છે. આપણે એકવાર વિચાર્યું છે તેમ કેન્વાસ ઉપર આલેખેલા જીવનચિત્રને અનુભવના હીરથી આપણી અંદર આપણે લગનીની સોયથી હેવે. ભરવાનું છે".[૨૪૦]

પોતાના પુત્ર ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠીને લખેલા પત્રોમાં પણ 'સાગર'ની આ વિશિષ્ટ શૈલી જોઇ શકાય છે : "હું મારી અક્કલ પર અને મારા કૌવત ઉપર હરગિઝ મુસ્તાક નથી. પરંતુ જે પરમાત્મા છતમાં છે. અને જેની મુબારક દોસ્તી તેણે મને કૃપા કરીને બખ્સી છે, તેના નામ ઉપર અને તેના કૌવત ઉપર જ પૂરેપૂરો ભરૂસો રાખી રહેલ છું. મારું તે તેનું છે, અને મારું ચિન્તન અને મારું સ્વરૂપ – એ બધુંયે તેના વિના બીજા કોનું છે ? અલબત્ત અનલહકકનું છે".[૨૪૧]

"તું તો જાણે જ છે કે આ સંસાર એક શતરંજની રમત છે. અને તેમાં હારજીત તે આપણી નહીં, પણ લાકડાનાં મ્હોરાંની એટલે મિથ્યાત્વની જ હારજીત અને હર્ષશોક છે".[૨૪૨]

---

૨૩૯. એજન, પૃ. ૪૬૭ : ૨૪૦. એજન, પૃ. ૪૭૭
૨૪૧. એજન, પૃ. ૪૨૮ : ૨૪૨. એજન, પૃ. ૪૩૪

: ૧૩ : પોતાના સિધ્ધાંતોને અનુરૂપ અર્થઘટન :

પોતાના સિધ્ધાંતોને અનુરૂપ અર્થઘટન અથવા પોતાની માનસ-દશાનું નિરૂપણ સાગર ના પત્રોનું મહત્વનું પ્રેરક બળ હોઇ સાગર ના વ્યકિતત્વનો જીવંત સ્પર્શ અનુભવવામાં સહાયરૂપ નીવડે છે. જુઓ : "ચાર હાથવાળા વિષ્ણુના દર્શન સ્થૂલ આંખે થાય તો તેને પણ હું માયા એટલે અવસ્તુ જ ગણું છું અને તે જ પ્રમાણે દર્શનમાત્રને અસત કહું છું, આવી ત્રિમૂર્તિ ગુરુનો અર્થ એવો નથી કે બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવની અવગણના કરવી, પરંતુ, યોગ, ભકિત અને જ્ઞાન એ ત્રણેની ભિન્નતા હોવા છતાં એકતા છે, એનું નિરૂપણ કરી બતાવવાને જ આ ત્રિમૂર્તિ - ત્રિગુણાતીત ત્રિમૂર્તિ ગુરુ દત્તાત્રેયની કલ્પના છે. આવા તાત્વિક અર્થની કેળવણી વિચારણાને જ સાચા મુમુક્ષુએ તો બ્રહ્મવિધાના સાક્ષાત્કારાર્થે ધ્યેય અને લક્ષ્ય રાખવાની છે. ગુરુ દત્તાત્રેય એટલે તેમની અથવા તેમના નામની ચાલતી આવતી અવધૂત-ગીતા અને જીવનમુકત-ગીતા ખરો તો, તાત્વિક અર્થ ખરું અને પૂરું દર્શન છે". [૨૪૩]

ગુરૂ દત્તાત્રેયનું સાચું રહસ્ય સમજાવતી આ મૌલિક વિચારણા સાગર-ના પોતાના અર્થઘટનની પ્રતીતિ કરાવે છે. કર્મ, સાંખ્ય અને યોગ ત્રણેની એકવાકયતા સમજાવતાં 'સાગર' પોતાની રીતે ત્રણેનો વિશિષ્ટ પ્રકારનો સંબંધ આ પ્રમાણે દર્શાવે છે : "શ્રીમદ્ ભગવદગીતામાં યોગ એટલે અંતરવાહયમાં મનોબુધ્ધિની એક-સરખી સમાનતા, કર્મયોગ અને સાંખ્યયોગનું પણ આ જ લક્ષણ આ પ્રમાણે દર્શાવે છે. સર્વ પ્રતિ અને સર્વ સ્થિતિમાં મનોબુધ્ધિની સમતા હોવી એ જ કર્મયોગ છે. સાંખ્યયોગનું પણ એ જ લક્ષણ પ્રકારાન્તરે હોવું જોઇએ. આવો કર્મયોગ એ તો એક પ્રકારે જીવનમુકિતનું પણ લક્ષણ છે". [૨૪૪]

---

૨૪૩. એજન, પૃ. ૨૯

૨૪૪. એજન, પૃ. ૨૨૧

કેવીરીતે વાંચવું જોઇએ ? એવા સામાન્ય પ્રશ્નોનો સાગર નો અસામાન્ય ઉત્તર પોતાના સિધ્ધાંતોને અનુરૂપ અર્થઘટનનો ઉત્તમ નમૂનો છે : " વાંચવું એટલે ટુ રીડ To Read નહીં, પણ, વાંચવું એટલે ટુ માસ્ટર To Master શું વાંચવું એનો વિવેક આવડયા પછી જે વાંચવું તે પોતાનું કરવું – પોતામાં લખવું – લોહીની સાથે અંદર વહેતું કરવું – અનુભવવું, ચિન્તન, મનન અને ઉપયોગી વિચારોની નોંધથી એ અવશ્ય બને છે".[૨૪૫]

... ... ... ... ... ...

"વાચનનો અર્થ અંદરના અને બહારના બંને આકાશોમાં અમુક ઇષ્ટ અસર ઉત્પન કરવાનો છે, અને એટલા માટે કેવીરીતે વાંચવું, એ બહુ કાળજીથી શીખવું જોઇએ હું તો એમ પણ માનું છું કે શબ્દ માત્ર સંગીત છે. અને તે જો યોગ્ય રીતે વંચાય તો એક પ્રકારના જપની ગરજ સારે છે".[૨૪૬]

જીવનના બીજા એક સિધ્ધાંતને 'સાગર' આ પ્રમાણે સમજાવે છે : "પોતાના બનાવનું ખરૂં કારણ પોતાના સ્થૂલ શરીરરૂપી એન્જિનના મધ્યબિંદુ રૂપ કારણ શરીરમાં જ હોય છે. તે પૃથક્કરણ કરીને શોધી કાઢવું – કારણકે 'અનરીઝનેબલ' તો કશું જ સંભવિત નથી. એટલું જ નહીં, પણ બનાવમાત્ર યોગ્ય – અતિ સુઘટનાયુકત જ હોય છે. – સકારણ હોય છે. આ 'રેગ્યુલેટર' ને સમજવા માટે 'મેથડ' અને 'કરિકયુલમ' ની જરૂર છે".[૨૪૭]

પ્રત્યેક કાર્ય વિધિવત ન થાય તો જ એની માઠી અસરનો અનુભવ જીવનમાં કયાંક ને કયાંક પ્રત્યક્ષ થાય એટલે દરેક બનાવનું પૃથક્કરણ કરતાં તેની પાછળ કોઇક કાર્યનું અવિધિપૂર્વકનું આચરણ

---

૨૪૫. એજન, પૃ. ૨૬૧
૨૪૬. એજન, પૃ. ૨૬૫
૨૪૭. એજન, પૃ. ૩૪૭

જણાયા વગર નહિ રહે. એ સમજાવતું ઉપરનું અવતરણ પણ 'સાગર'ની અર્થઘટનની લાક્ષણિક શૈલીની પ્રતીતિ કરાવે છે. આ જ સિધ્ધાંત જુદી રીતે સાગરે આ પ્રમાણે સમજાવ્યો છે: "પોતાની સ્થિતિ માટે મનુષ્યને સંતોષ હોવાનું મુખ્ય કારણ એ હોવું જોઇએ કે, પોતાના જ 'ઇન્સપેકટર' યાને પરીક્ષક તરીકે પોતાની અંદરના તંત્રને બધું સારીરીતે જોઇ શકતો હોય અને અંદર રહેલા પ્રજ્ઞાનના ચેતનસુરને અનુસરીને તેને નિયમમાં દર પળે મૂકી શકતો હોય. સાગરને આવો સંતોષાનુભવ બક્ષનાર પુરુષસ્વરૂપ ગુરુદેવનો મહિમા તે અનેક વિધિથી ગાયા કરે છે".[૨૪૮]

પ્રત્યેક કાર્ય માત્ર વિધિવત થવું જોઇએ એવો 'સાગર' જીવનના પ્રત્યેક આચરણ માટે દઢ આગ્રહ રાખતા : "કોઇપણ કાર્ય જયારે આપણે જ કરીએ ત્યારે તે અલબત્ત સો એ સો ટકા "કોન્સેન્ટ્રેશન" હોય તો જ શરૂ થયેલું હોવું જોઇએ. અને નહીં તો અનારંભ જ સર્વોપરિ કહેવાય ; અક્ષર લખવાના "કાર્ય"ને આવા કર્તવ્ય તરીકે જ વિધિપૂર્વક કરવું મુનાસિબ છે. દરેક અક્ષર અને દરેક શબ્દ અને દરેક વાકય જો "કોન્સેટ્રેશન ઓફ થોટસ"ની સંસ્થિતિથી જ શરૂ થાય તો અક્ષર માત્રનું વલણ ઘાટીલું અને આકર્ષક અવશ્ય જ થાય".[૨૪૯]

બાહય યાત્રાની અનાવશ્યકતા સમજાવી ગુરુમંત્રના જપનું મહત્ત્વ દર્શાવતા એક પત્રમાં સાગર કહે છે, "બહેન, પરમાત્માને ઓળખો. સંસારી મટી જાવ ....... અંદર જ યાત્રા શરૂ કરો અને ઓમ પ્રભુજી – ઓમ પ્રભુજી – ઓમ પ્રભુજી એ જ ચોવીસે કલાક જ જપ્યા કરો – એ જ ખરી યાત્રા છે".[૨૫૦]

---

૨૪૮. એજન, પૃ. ૩૮૨–૮૩ : ૨૪૯. એજન, પૃ. ૪૦૨
૨૫૦. એજન, પૃ. ૫૫૮

અંતરનું સાચું સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ અંતરવલોકન છે. એ દર્શાવતા 'સાગર' બીજા એક પત્રમાં આ પ્રમાણે કહે છે : "પોતાના જ "ઇન્સ્પેક્ટર" થઇને પોતાને બીજા પુરુષ તરીકે પક્ષપાત વગર જોયા કરવું એ સહેલું નથી, પણ, ખરું સુખ મેળવવાનો એ જ સાચો માર્ગ છે".[૨૫૧]

'સાગર'ની અધ્યાત્મસાધનાનું ચિત્ર રજૂ કરતી "સાગરની પત્રરેખા''ની વિશેષતા'સાગર'ની વિભિન્ન પ્રકારની માનસિક દશા – અવસ્થાઓનું અને તે ધ્વારા તેમના વ્યકિતત્વનાં વિભિન્ન પાસાંઓનું સચોટ આલેખન છે. કોઇપણ અધ્યાત્મ માર્ગના પ્રવાસીને માટે માર્ગદર્શક બની રહે એવું ભાથું "'સાગર'ની પત્રરેખામાં"થી બેશક મળી રહે છે અને એટલે બહુ ઓછું ખેડાણ થયું છે એવા અધ્યાત્મ વિષયના પત્રો તરીકે ગુજરાતના પત્રસાહિત્યમાં તે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરે છે.

## :૧૪: પોતાની માનસિક દશાનું નિરૂપણ :

પોતાના મિત્ર શ્રી અમીધર મહારાજને ઇ.સ. ૧૯૧૬માં લખાયેલા એક પત્રમાં ચાર વર્ષ પહેલાંની ભૈહિક વાસનાની પોતાની સ્થૂળ ભૂમિકા આ પ્રમાણે સમજાવે છે : "એ ઝેર ઉપભોગની ઇચ્છાનું હતું, અને કેમે કર્યું એ ઝેર ઉતરતું ન હતું. સ્ત્રીનું શરીર તે સ્ત્રીનું જ શરીર દેખાતું હતું. હું મારું પોતાનું શરીર પોતાનું જ માનતો હતો. એ મહાન ભૂલ ઉપરાંત બીજી એથી વધારે મહાન ભૂલ અથવા ભ્રમ એ હતો કે મારું શરીર પુરુષનું માનતો હતો. આ બંને ગંભીરમાં ગંભીર ભ્રમો રગે રગે ઝેર ભરી ચૂકયા હતા".[૨૫૨]

---

૨૫૧. એજન, પૃ. ૫૫૯
૨૫૨. એજન, પૃ. ૬

"ગુરૂ મહારાજની પરમકૃપાથી હું ચાર વર્ષના સખ્ત તરફડાટ પછી, સખત વેદના અને સખ્ત રુદનો પછી જોઇ શકયો કે હું સ્થૂલ ભૂમિકા ઉપર જ છું અને ત્યાંથી મારે બાહ્યની ઉપેક્ષાને માર્ગે અંદરની સૂક્ષ્મ ભૂમિકા જોવી જોઇએ".[૨૫૩]

..... ..... ..... .....

"ઓ મિત્ર અમીધર, હું બાહ્યની બધી ઉપેક્ષા કરીને ચાર વર્ષના સતત શૂલની દર્દો પછી બળતે હૈયે અને રોતી આંખે હિમાલય ગયો. આવ્યો - ગયો અને - એમ ચાર વર્ષો મેં ચૈતનું મન્થન કરીને સૂક્ષ્મ શરીરને જોયું".[૨૫૪]

"આખું જગત મને ત્યાં દેખાયું, પણ એનું સ્વરૂપ સ્થૂલ આંખે દેખાય છે તેવું ન હતું. ત્યાં સ્ત્રી-પુરુષનો ભેદ જ ન હતો. બધું ભાવનામય જ જણાતું અને સૂક્ષ્મ વિચારમય આકારનું બનેલું એ વિશ્વ હતું. બેશુમાર શ્રધ્ધા અને બેશુમાર પ્રેમ - એ બે મૂર્તિઓ આ સૂક્ષ્મ શરીરનું તંત્ર ચલાવવામાં અગ્રભાગ લેતી મેં જોઇ અને એ બંનેને હું ભેટી પડયો".[૨૫૫]

પોતાના આત્માનુભવની ભૂમિકા સમજાવતા સાગર આ જ પત્રમાં લખે છે : "સ્થૂલ ભૂમિકાના ક્રમમાં બાળક ઉત્તરોત્તર વૃધ્ધિ પામતું જાય છે. પણ એથી ઉલટું, સૂક્ષ્મ શરીરની ભૂમિકા ઉપર જોયેલું જગતરૂપી આ નવું અવતરેલું બાળક ધીમે ધીમે વરસો જતાં ગયાં તેમ તેમ નાનું નાનું થતું જાય છે. અને ઓ મારા મિત્રરૂપ ! એ સ્થિતિએ મને ધીમે ધીમે સૂક્ષ્મ ભૂમિકામાંથી કારણની અન્તરંગ ભૂમિકાનો માર્ગ બતાવ્યો. અને આ ભૂમિકા ! જયાં જાતિ જ નથી ત્યાં સ્ત્રી અને પુરુષનું તો હોવું જ સંભવે શી રીતે ? પણ બસ ! મારાથી નથી લખાતું - નથી બોલાવાતું એ અનુભવ નેત્ર".[૨૫૬]

---
૨૫૩. એજન, પૃ. ૬ : ૨૫૪. એજન, પૃ.
૨૫૫. એજન, પૃ. ૭ : ૨૫૬. એજન, પૃ. ૭

'સાગર'ની અધ્યાત્મસાધનાનો પ્રારંભ તો છેક ઇ.સ. ૧૯૦૧ થી થયો હતો. ઇ.સ. ૧૯૦૯ના પોતાના લઘુ બંધુને લખેલ એક પત્રમાં સાગરે પોતાની આંતરિક દશાનું નિરૂપણ સમજાવ્યું છે: "બા જયાં સુધી હયાત છે ત્યાં સુધી હું મારું બાહ્યજીવન બદલી શકું એમ નથી. પણ હવે દરેક રીતે હું તૈયાર થવા આવ્યો છું અને પ્રસંગ આવ્યે આન્તર અને બાહ્ય બદલાયલાં જીવનથી દુનિયા સામે હું ખડો રહીશ. એ મારો નિશ્ચય છે".[૨૫૭]

ઇ.સ. ૧૯૧૦ ના પત્રમાં પોતાની કવિતા પાછળની ભૂમિકા અને પોતાની માનસદશા સમજાવતા એક પત્રમાં શ્રી મણિભાઇ ત્રિપાઠીને તેઓ લખે છે: "હવે ધીમે ધીમે અનલહક ના "અનલ ભડકા" જયાં ત્યાં જાગતા થાય છે અને "ઇસુનું રાજય" આવતું જાય છે. કંઇક "પડઘમ બજે છે" અને આનંદ ! આનંદ ! એવું એવું અંદર કંઇક જણાય છે".[૨૫૮]

..... ..... .....

"મારું જીવન કંઇ જુદું જ હવે થવા લાગે છે. નૂતનતા અનુભવું છું. અને કોઇ અજબ આનંદનો અનુભવ રસપાન કરાવવાની શરૂઆત હવે કરે છે. બેશક, આનંદનો એ મહાસાગર મને આમંત્રણ કરવા મારા તરફ દોડતો ધસે છે. છતાં હજી હું કૂદી પડતો નથી એ ન્યૂનતા છે".[૨૫૯]

ઇ.સ. ૧૯૧૨માં એમને જ લખેલા બીજા એક પત્રમાં 'સાગર' પોતાના વિક્ષિપ્ત ચિત્તના નિગ્રહ માટે અભ્યાસ અને વૈરાગ્ય ઉપરાંત અસંગતાનું મહત્ત્વ સમજાવી પોતાનો દૃઢ નિશ્ચય આ પ્રમાણે અભિવ્યકત કરે છે: "હવે મને શાંતિથી હકીકત તપાસતાં હસતાંમલકવત વસ્તુ સ્પષ્ટ થાય છે કે, માર્ગમાં વિલંબ થવાનું કારણ ફંકત અસંગતાની ખામી અને 'કર્તવ્યાત્ ન પ્રમદિતવ્યમ' એ સૂત્રનું વર્તનમાં ઉલ્લંઘન એ હતું".[૨૬૦]

૨૫૭. એજન, પૃ. ૨૭૭ : ૨૫૮. એજન, પૃ. ૨૮૬
૨૫૯. એજન, પૃ. ૨૮૭ : ૨૬૦. એજન, પૃ. ૨૯૦

... ... ... ... "મારો માર્ગ હું કોઇની પણ ખાતર – અરે,ખુદ ખુદાની ખાતર પણ – છોડી શકું તેમ નથી. ... ... ... હું તેને ચાહું છું કે ... ... ... જેનું બદન માટીનું બનેલું નથી, પણ ખુદ શરાબનું બનેલું છે".[૨૬૧]

પોતાના મિત્ર શ્રી મોહનલાલ ગાંધીને પોતાના આત્માનુભવની ભૂમિકાની પ્રક્રિયા આ પ્રમાણે સમજાવી છે : "હું કામલોકનું જંતુ હતો કામને તૃપ્ત કરવામાં જ સુખ સમજતો, મન અને ઇન્દ્રિયોના તાબામાં જ મારું જીવન હતું અને હું તરફડાટમાં હતો. ... ... ... કામનાઓ રાખીને કોણ સુખી થઇ શકયું છે ? હું વર્ષો સુધી રોતો રહયો. આ સ્થૂલ ભૂમિકાની વાત છે. સ્થૂલ ભૂમિકાને જ હું સર્વસ્વ માનતો હતો. ... ... ...લાલસા અને લોલુપતા અથવા ઇચ્છા અને આશાએ કોને સુખવિમુખ નથી રાખ્યા ? હું સુખ વિમુખ હતો. પણ વર્ષો વીત્યાં અને એ અનંત દશાએ, એ અનંત પ્રેમે એક પડદો ઉંચો કર્યો ! એ સ્થૂલ શરીરની પારની ભૂમિકા હતી. એ હિમાલય અને એ ભવ્યતાવી ! સ્થૂલને જ જોનારી આંખને માટે એ નવી ભૂમિકા કેવળ નવીન જ હતી ! સ્ત્રીને સ્ત્રી જોનારી અને પુરૂષને પુરૂષ જોનારી દ્રષ્ટિને એ દર્શન પચાવવું બહુ મુશ્કેલ હતું. એ સૂક્ષ્મ શરીરની ભૂમિકા હતી".[૨૬૨] ... ... ... "અહીં તો પ્રેમ અને શ્રધ્ધાની મૂર્તિઓ હતી. ભાવનામય આકૃતિઓ હતી. વિશ્વ સૂક્ષ્મ હતું અને નવા જન્મેલા બાળક જેવું રૂપાળું હતું. જ્ઞાનની વિષમતાઓ બધી અહીં તો પ્રેમની સરળતા બની હતી".[૨૬૩]

ઇ.સ. ૧૯૧૭માં માતાજી ઓમકારેશ્વરીને લખેલા પત્રમાં 'સાગર' પોતાનો સ્વાનુભવ આ પ્રમાણે સમજાવે છે : "તું જાણે છે કે એક દેશ એવો છે કે જયાં પ્રેમ અને જ્ઞાન જેવી કોઇ બે જુદી વસ્તુઓનું કે કોઇ

---

૨૬૧. એજન : ૨૬૨. એજન, પૃ. ૩૬૯

૨૬૩. એજન, પૃ. ૩૭૦

બે જુદી સ્થિતિઓનું અસ્તિત્વ જ નથી ? જેને પિંડની અંદર ઉતરીને પોતાને પૂરેપુરૂં જોતાં આવડયું છે તેને બ્રહ્માંડના બધા ભેદો ઉકેલવાને પાત્ર બને છે". [૨૬૪]

ઇ.સ. ૧૯૧૯માં લખાયેલા બીજા એક પત્રમાં પણ પોતાના સ્વાનુભવનું રહસ્ય સાગરે આ પ્રમાણે સમજાવ્યું છે : "મનુષ્યોના પરસ્પર વિશિષ્ટ સંબંધો, એજ માયા છે. અને મનને અમુક એક વળગણ વધારે ખેંચનારું થવું એ માયાનું વધારે જાડય છે. જગતમાં કોઇનોયે વિશિષ્ટ સ્નેહ સ્વીકારવો અને વિશિષ્ટ સ્નેહ થવા દેવો એજ મારે માટે તો માયા છે. દીકરી ! માયા અને અમાયા એ બંનેનો એટલે માયાનો અને બ્રહ્મનો એ બંનેનો જ્ઞાનના સ્વાનુભવમાં લય છે – અભેદ છે". [૨૬૫]

માર્ગમાં આગળ વધતા વધતા જીવાત્માનું સ્ખલન થાય છે. પરિણામે છેલ્લી ભૂમિકા સુધી તે જઇ શકતો નથી. એ સમજાવવા માટે આ જ પત્રમાં સાગરે પોતાના સ્વાનુભવ વડે સમજાવ્યું છે : "જ્ઞાનનો ઉપયોગ જેમ પૂર્ણતા જોવામાં કરવાનો છે. તેમ અપૂર્ણતાના દરેક દરેક અંશને છેદી ભેદીને જોવામાં પણ જરૂર જ કરવાનો છે. કેમ કે એવીરીતે દુશ્મનની આંખે, પોતાની અંદરનો મુલક દરેકે દરેક તસુ જોવામાં આવે નહી ત્યાં સુધી આત્મદર્શન જામતું નથી. નથી જામતું એનું કારણ છે કે નામરૂપ ગુણનું સ્વરૂપ પેસિવ મન ઉપર એટલું બારીક વણાઇ ગયેલું હોય છે કે એના તંતુયે તંતુનું છેદનભેદન કરી લઇને થઇ શકતું નથી. ... ... ... કોઇની સાથે કશો વિશિષ્ટ સ્નેહ એ માયા છે એ વાતને સિધ્ધાન્તમાં મેં પહેલ–વહેલી "એક મહાન ભૂલ"માં સ્વીકારી નામરૂપ ગુણનું એકપણ તાબૂત દિલને

---

૨૬૪. એજન, પૃ. ૩૯૨

૨૬૫. એજન, પૃ. ૫૦૪–૫૦૫

ખેંચવું ન જોઇએ. એવી દિલે ભીષ્મ પ્રતિજ્ઞા કરી. હજીલગી એ પ્રતિજ્ઞા દિલે તોડી નથી. અને જોગીની પ્રતિજ્ઞા હોવાથી દિલને એ તોડવાનું બળ પણ નથી".[૨૬૬]

શ્રી લલ્લુભાઇ બાપુરામને લખેલા એક પત્રમાં શ્રી હરિનો સાચો વિરહ – એટલે જ જગત પ્રત્યે પૂર્ણ વૈરાગ્યભાવના અને અનન્ય ગુરુભક્તિ ધ્વારા પોતે પ્રાપ્ત કરેલા સ્વાનુભવનું ચિત્ર સાગરે રજૂ કર્યું છે : "એક જ ચિંતન એક જ મનન. એક જ વાત ; એક જ વિચાર અને બહારની તેમ જ ; અંદરની જિન્દગાનીને એક જ રંગ. ... ... ... નાત, જાત, સગાંવ્હાલાં, માન, આબરૂ અને ધન, મિલ્કત એ બધાં ઉપર એક મોટો સળગતો પૂળો મૂકયો હતો અને શ્રી હરિને એ બધું સોંપી દીધુ હતું".[૨૬૭]

..... ..... .....

"મારી આવી જિંદગાની જેના હદયમાં કેવળ સંસાર જ હોય તેને ગમે નહીં એ સ્પષ્ટ છે. ત્યાગની હિમાયત હું એટલા આગ્રહથી કદાપિ નથી કરતો. ~~પણ રાગ અને ત્યાગની હિમાયત હું એટલા આગ્રહથી કદાપિ નથી કરતો~~ ; પણ રાગ અને ત્યાગ એ બનેમાં ત્યાગની જ હિમાયત કરું છે. એ બાહ્ય દિશા નથી પણ અંતરદશા છે. ... ... ... સંસારરૂપી સાપને ખેલાવવો અને એ કરડે નહિં કે વિષ ચડે નહી. એમ એની સાથે ખેલવું એ કોઇ [illegible]
[illegible]ખેલા ખેલાડીઓ તો જનક અને કૃષ્ણ જેવા જવલ્લે જ જડે છે. ... ... ... ભગવદ્ગીતા બાવા બનાવ્યા વિના મુક્તિ સુધીનો સ્વાનુભવ જીવાત્માને જરૂર કરાવી આપે છે. પણ પહેલાં તો અર્જુનના જેવી હદયની ત્યાગવૃત્તિ જોઇએ. પૂર્ણ શ્રધ્ધા અને પૂર્ણ અધીનતા જોઇએ".[૨૬૮]

---

૨૬૬. એજન, પૃ. ૫૦૫
૨૬૭. એજન, પૃ. ૫૩૦ : ૨૬૮. એજન, પૃ. ૫૩૩

પોતાના પુત્ર શ્રી યોગીન્દ્ર ત્રિપાઠીને પોતાના આશ્રમના ફકીરી જીવનનું ચિત્ર ઇ.સ. ૧૯૩૪ના એક પત્રમાં આ પ્રમાણે રજૂ કર્યું છે : "વેદશાસ્ત્રની તર્કપ્રપૂર્ણ બુધ્ધિકૌશલ્યથી યુક્ત અને તેથી પંડિતોની સભામાં દિગ્વિજય કરનારા આચાર્યોની અતિશય મોહક દલીલો પણ, ખરા સ્વાનુભવને નહીં પણ તેની સંભાવનાને નિરૂપે છે. આશકોનો - ફિલસૂફોનો અને અવધૂતોનો સ્વાનુભવ જેમ વાણીગમ્ય નથી તેમ અત્રેના આશ્રમમાં તું અમારા લોકની ફકીરી બાદશાહી કેવી હોય છે, તેનો પ્રત્યક્ષ અનુભવ થઇ ગયો. એ બાબત કંઇ કલંન ઉપર કોઇપણ કલાકાર ચડાવી શકે ? અને વાનપ્રસ્થ અગ્નિહોત્રીની દી.સા.ની કવિતા લખનારનું પચીસ વરસ પછીનું હર્મિટેજ તેમાંના "હેર્મિટ" સાથે તું જાણી શકયો છે. આ કંઇ ઓછું નથી".[૨૬૯]

..... ..... .....

"આ આશ્રમ તો વૈદિક આશ્રમ છે. શ્રી વશિષ્ઠજી, શ્રી યાજ્ઞવલ્કયજી અને શ્રી વિશ્વામિત્રજી જેવા વેદપુરુષો અહીં ઘણીવાર દર્શન આપવાને પ્રસાદ આપવાને અને વેદવાણીના સંકીર્તનમાં શામિલ રહેવાને પધારે છે".[૨૭૦]

"સાગર અથવા બ્રહ્મવેત્તા હરકોઇ પુરુષ પોતાને કોઇનો જ 'રેલેટિવ' માનતો નથી પણ સકલ વિશ્વને તે પોતાનું "રેલેટિવ" માને છે. અને જે એમ સમજીને જીવે છે તે "ઇટર્નિટી"માં જાણી શકે છે".[૨૭૧]

આત્માનુભવી સંત સાગર ના વ્યક્તિત્વનો જીવંત સ્પર્શ "સાગરની પત્રરેષામાં" અનુભવાય છે. બાહ્ય ડોળ વિના સાહજિકપણે પોતાના અંતરની છબી સરળ બાનીમાં રજૂ કરતા લેખકના વિશુધ્ધ અંતઃકરણની,

---

૨૬૯. એજન, પૃ. ૪૭૭ : ૨૭૦. એજન, પૃ. ૪૦૮
૨૭૧. એજન, પૃ. ૪૭૫

પવિત્ર સાધુ-જીવનની, સત્ય-પ્રીતિની, પરમ તત્ત્વની પોતાની જીવનશોધ માટેની એકનિષ્ઠા અને પરમાત્મા પ્રત્યેની દૃઢભક્તિ – શ્રધ્ધાની પણ પ્રતીતિ કરાવે છે.

: ૧૫ : આત્માનુભવની મસ્તી – જુસ્સો :–

'સાગર'ના આત્માનુભવની મસ્તી તેમજ ધ્યેય-પ્રાપ્તિનો આનંદ અને તેને પરિણામે ઊર્મિ અને બુધ્ધિના એકીકરણ ધ્વારા સચોટ અભિવ્યક્તિના કેટલાક ઉત્તમ નમૂનાઓ જોઇએ. શ્રી મગનલાલ જે. શુકલને ઇ.સ. ૧૯૧૪માં લખેલા એક પત્રમાં સાગરે પોતાનો સ્વાનુભવ આ પ્રમાણે દર્શાવ્યો છે : "દુનિયા અને એનાં બંધનો જેટલાં વધારે મોહક અને પ્રલોભક હોય તેટલી વધારે તૈયારી મુમુક્ષુએ વૈરાગ્ય, સત્સમાગમ અને દૃઢ નિશ્ચયના શસ્ત્રોને સજીને કરવી મુનાસિબ છે. લેહ લગાડી દેવી જોઇએ અને પૂર્ણ મસ્ત બનવું જોઇએ આટલું થતાં તો ઓ પ્રિય નિજરૂપ ! ખુદ પરમાત્મા જાતે જ માર્ગરૂપ બને છે. તમારા સેવકનો એ સ્વાનુભવ છે".[૨૭૨]

ઇ.સ. ૧૯૧૭માં શ્રી ભગવાનજી મહારાજને લખેલા એક પત્રમાં 'સાગર'ના વ્યક્તિત્વનું સચોટ ચિત્ર આ પ્રમાણે આલેખાયું છે : "આ શરીર પર 'સાગર' પોતાની માલિકી માનતો નથી. શ્રી હરિની ખાતર જો એના કકડે કકડા કરી નાખવામાં આવે તોયે એને જરા આનાકાની નથી. સુખ અને દુઃખ એવી બે વસ્તુઓને જ એ માનતો નથી. હર્ષ અને શોક એવી બે વસ્તુઓ જ હોવાનું એ જાણતો નથી".[૨૭૩]

પોતાના મિત્ર શ્રી ભાઇલાલભાઇ ભટ્ટને ઇ.સ. ૧૯૨૦માં લખેલા એક પત્રની 'સાગર'ની આત્માનુભવની મસ્તીયુક્ત શૈલી જુઓ :

---

૨૭૨. એજન, પૃ. ૨૫૫
૨૭૩. એજન, પૃ. ૨૦૧

"સાગર તો જ્યાં ત્યાં અનલેનું ઘર ખરેખર ખોલવા ચાહે છે. ... ... ... તમારી જિંદગાની ચાર છ માસ સાગર બાદશાહના શબ્દ ઉપર ખુશીથી આપી દો. અને ખરાબ થાવ. ખરાબી અને પાયમાલી – બરબાદી વિના ચૌદ બ્રહ્માંડના બાદશાહનાં દેદાર થતાં નથી, હાં !"[૨૭૪]

ઇ.સ. ૧૯૨૪માં શ્રી મણિભાઇ ત્રિપાઠીને લખેલા એક પત્રમાં પણ સાગર ના સ્વાનુભવનું જ નિરુપણ થયેલું પ્રતીત થાય છે : "નામ, ધાટને ગુણોનું મિશ્રણનું તાબૂત દિલમાં લાખ જાતની વાતોથી ભરેલું હોય છે. અને એ નામ,ધાટ, અને ગુણોનું તાબૂત જાતે જ એક અટપટો કોયડો છે જે એ અટપટો કોયડો ઉકેલી શકે તે જ મનુષ્ય અને તે જ વીર. ... ... ... જેનામાં દિલને અને દુનિયાને બંનેને જીતવાની વીરતા હોય તે જ આ ત્રિગુણી પ્રકૃતિના બનેલા શરીરને ચીરી શકે છે. ... ... ... ... ગુરુ મહારાજની અને સંતોની દયાથી 'સાગર' વીર બન્યો છે".[૨૭૫]

ઇ.સ. ૧૯૧૯માં માતાજી ઓમકારેશ્વરીને લખેલા એક પત્રમાં પણ સાગરે પોતાનો સ્વાનુભવ વ્યકત કર્યો છે : "મૌજ સિવાય બીજું કશું જ વિશ્વમાં સરજાયું નથી. બીજું એટલે જ મન હોં કે ! એ મન અને અમન એટલે જ મૌજ. મૌજ એટલે જ સચ્ચિદાનંદ. એ સચ્ચિદાનંદમય મન એટલે જ વેદાન્તની સ્વરૂપસ્થિતિ અને એ જ પ્રકારાન્તરે યોગીની નિર્વિકલ્પ સમાધિ અને એ જ સૂફી ~~દેસોના~~ શોના ~~દેસોના~~ બેખુદી મસ્તીના હાલ. અને એ જ શંકર ભગવાનનું શિવોહમ".[૨૭૬]

---

૨૭૪. એજન, પૃ. ૨૩૯ : ૨૭૫. એજન, પૃ. ૩૨૦–૩૨૧

૨૭૬. એજન, પૃ. ૫૧૩

આત્માનુભવની વાણીનો ઉત્તમ આવિષ્કાર શ્રી યોગીન્દ્ર જ. ત્રિપાઠીને લખેલા પત્રોમાં જોઇ શકાય છે. આ પત્રોમાં 'સાગર'ના વ્યક્તિત્વનું ઘણું દર્શન સિધ્ધ કોટિના સંતપુરુષનું છે એટલે એમની ભાષાશૈલીમાં - અભિવ્યક્તિમાં સચોટતા, વેધકતા અને ગહનતાના લાક્ષણિક ગુણો પણ પ્રતીત થાય છે. :૧: "સાગર અજાતવાદી છે એટલે પરમાત્મવાદી છે. અને બધાં જ સૂફી જોગીઓ જયારે "સફી" થાય છે. ત્યારે તેઓ તમારા શંકરના "માયાવાદ"ની મર્યાદા ઉલ્લંઘીને તેની પેલે પાર વસનારા - અમનસ્કતાના યાને નિર્વાણી નિરંજનના અવધૂતો થઇ જાય છે. જયાં જીવન અને મૃત્યુ છે. અને મૃત્યુ એ જીવન છે". [૨૭૭] :૨: "પ્રબળ પુરુષાર્થ અને "સ્ટ્રોંગેસ્ટ પર્સનાલિટી" જ આવા યુગને ચીરીને માયાનું બ્રહ્મ બનાવી દે છે. અને જીવનમુક્ત જીવન જીવે છે". [૨૭૮] અને આવું પ્રકટીકરણ જેને સહજ સ્વભાવે સિધ્ધ છે તેને કોઇપણ પ્રકૃતિ કદાપિ પણ બાધક હોતી નથી. કારણકે તે જ "બ્રહ્મર્ષિ" કિંવા અદ્વૈત બ્રહ્મારૂપ - "જ્ઞાની" છે.

આજ અમારા લોકનું અનલહક્ક છે. ... .... ... વીસ વરસની એટલે પોતાની તેત્રીસ વરસની ઉમ્મરથી પૂર્વે લાગલગાટ પાંચ વર્ષો હિમાલયમાં તપશ્ચર્યા કરી આવીને તપસ્વીની મઢી કે બ્રહ્મર્ષિનો આશ્રમ વસાવીને જિન્દગી ગુમાવી રહયો છે કે જીતી રહયો છે. તે 'સાગર' લખે છે અને તેત્રીસ પહેલાંના એ પાંચ વરસ હિમાલયનાં તપનાં ગણીને તો તો પોતાની અઠ્ઠાવીસ વરસની ઉમ્મરથી જે 'સાગર' આવી "કેવલ બ્રહ્મોઙ્યમ" ! જિન્દગાની જ ગાળે છે તે આ માણસ આ લખી રહયો છે". [૨૭૯]

---

૨૭૭. એજન, પૃ. ૪૧૫
૨૭૮. એજન, પૃ. ૪૩૦
૨૭૯. એજન, પૃ. ૪૩૧

પોતાના દેહવિલયના પાંચ માસ પૂર્વે લખેલા પત્રમાંથી છેલ્લો નમૂનો જુઓ : "ભાઇ, હવે જગતમાં મને કશું ગમતું નથી. અને સનાતન સમાધિમાં સૂઇ રહેવાની એક જ મરજી દિલમાં ચોવીસે કલાક રહયાં કરે છે. પછી એ સવિકલ્પ સમાધિ કે નિર્વિકલ્પ સમાધિ-એનો જેવા બ્રાહ્મી સંસ્કાર માટે એક જ વાત બાકી હતી કે તારી બા મારી અર્ધાંગના હોવાથી એનો મોક્ષ પણ મારી સાથે જ હોય. એ મેં સ્વાભાવિક માન્યું છે. પણ જયાંસુધી એનો ધર્મ, એનો અર્થ અને એના કામ, એ મારાથી જુદાં હોય, ત્યાં સુધી એનો મોક્ષ સંભવિત તેમ જ શકય નથી". ૨૮૦

પત્રલેખક 'સાગર' નું આત્માનુભવી સંત, વિચારક અને તત્વચિંતક તરીકેનું થતું દર્શન "સાગર'ની પત્રરેખા" નું સૌથી વિશેષ ઉજવાળું પાસું છે.

ઉપસંહાર

આપણે વીગતે જોઇ ગયા કે ઇ.સ. ૧૯૧૫નું વર્ષ 'સાગર'ની આત્મસાધનાના સંદર્ભમાં સૌથી વિશેષ મહત્વનું છે. આ વર્ષના કેટલાક પત્રોમાં તેમ જ તે પછીના ઇ.સ. ૧૯૩૬ સુધીના પત્રોમાં આત્માનુભૂતિનો સ્પષ્ટ રણકાર સંભળાય છે. 'સાગર'ની જીવનસાધનાની ફલશ્રુતિરૂપે પ્રાપ્ત થયેલી તાત્વિક દષ્ટિ — સહજાવસ્થાનો સાગર નો આત્માનુભવ "સાગર' ની પત્રરેખા"નું ખરું સત્વ - આંતરિક સૌંદર્ય બની રહે છે.

ઇ.સ. ૧૯૧૫ સુધીની "'સાગર' ની પત્રરેખા"માં 'સાગર'ના આધ્યાત્મિક જીવનનો વિકાસ પણ સ્પષ્ટ જોઇ શકાય છે. એક પછી એક પગથિયાં ચઢીને સાગરે બ્રહ્મસદનમાં કેવીરીતે પ્રવેશ કર્યો એનું રહસ્ય અને યથાતથ નિરૂપણ પણ થયું છે. ઇ.સ. ૧૯૧૫ પછીના પત્રોમાં

---

૨૮૦. એજન, પૃ. ૪૩૪

ઊર્મિયુક્ત કાવ્યમય શૈલી, તત્વજ્ઞાનનું રસાન્વિત અન્વેષણ, સંવેગી આલેખન, બળ, તેમજ આત્માનુભવની મસ્તીયુક્ત સાગર'ના ઉર્મિક આત્મલક્ષી માનસનું પ્રતિબિંબ ઉપસાવતું મૌલિક ગદ્ય વિવિધ છટાઓ સાથે રજૂ થયું છે.

'સાગર'ની અધ્યાત્મસાધના, 'સાગર'ના સ્નેહયોગના સિધ્ધાન્તો તેમ જ અધ્યાત્મવિચારોને સમજવામાં પણ 'સાગર'ના પત્રો ખૂબ જ ઉપયોગી છે. 'સાગર'ની આત્મસાધનાનું યથેચ્છ દર્શન કરાવતી 'પત્રરેખામાં 'સાગર'ની નિર્મળ છબિ જોઇ શકાય છે. બાહય ડોળ વિના સાહજિક પણે પોતાના અંતરંગની ભાવછબિ સરળ બાનીમાં રજૂ કરતી "સાગર'ની પત્રરેખામાં" 'સાગર'ના ભવ્ય વ્યક્તિત્વનો જીવન્ત સ્પર્શ પણ ભાવક અનુભવી શકે છે. સાગર ના વ્યક્તિત્વના કેટલાક વિશિષ્ટ લક્ષણો - હૃદયની મૃદુતા, નમ્રતા, વિનય, સ્પષ્ટવકતાપણું, સત્યનિષ્ઠા, જીવનસિધ્ધાન્તોની નિર્ભિક રજૂઆત, લાગણીશીલ વિશુધ્ધ હૃદય, પરમાત્મા પ્રત્યેનો અનન્ય પ્રેમ અને દૃઢ શ્રધ્ધા, જગત પ્રત્યેનો આંતરવૈરાગ્ય, જીવનસાધનાના માર્ગમાં દૃઢ મનોબળ અને ધ્યેયપ્રાપ્તિનો અટલ નિશ્ચય તેમ જ સર્વસ્વાર્પણની ભાવનાની પ્રતીતિ કરાવે છે. પ્રબળ પુરુષાર્થ ધ્વારા 'સાગર'નો આધ્યાત્મિક જીવનની પૂર્ણતા માટેનો પ્રવાસ, તેમના જીવનસિધ્ધાન્તો, આંતરિક સંઘર્ષ - મનોમંથન, માર્ગમાં નડેલા ભયસ્થાનો અને સ્ખલનોની કબૂલાત, બ્રાહ્મીજીવનની અનુભૂતિનું દર્શન તેમ જ સૂફી ફકીર તરીકેના સાગર ના પવિત્ર બ્રાહ્મીજીવનનું "સાગર'ની પત્રરેખા" યથાર્થ દર્શન કરાવે છે. આમ, 'સાગર'ના આધ્યાત્મિક જીવનનો વિકાસ - આલેખ રજૂ કરતી "'સાગર'ની પત્રરેખા"નું મૂલ્ય મૌલિક ગધકૃતિલેખે નોંધનીય બની રહે છે. બ્રાહ્મીજીવનની અનુભૂતિસભર સૂફી ફકીર, આત્માનુભવી સંત તરીકેની 'સાગર'ની લગભગ બાવીશ વર્ષની કારકિર્દી દરમ્યાન

પોતાના સન્યાસી મિત્રો, સાહિત્યકાર મિત્રો, મુમુક્ષુઓ તેમ જ સાગર-સંબંધીઓને પરમાત્મપ્રાપ્તિ માટે માર્ગદર્શન આપ્યું હતું. અધ્યાત્મજીવનમાં પ્રગતિ કરવા માટે કોઇપણ મુમુક્ષુને પ્રેરણાદાયી બની રહે - માર્ગદર્શક ભોમિયાની ગરજ સારે તેવા આ પત્રોમાં ચિન્તનાત્મક ગદ્યના ઉત્તમ નમૂના છે. આત્માનુભવી 'સાગર' ની ઇ.સ. ૧૯૧૫ પછીની વાણી મણિલાલ અને આનંદશંકર ધ્રુવ જેવા ચિન્તનાત્મક ગદ્યકારોની હરોળમાં તેમનું સ્થાન નિશ્ચિત કરી આપે છે.

ગુજરાતી સાહિત્યમાં પ્રથમ હરોળના પત્રલેખક તરીકે 'સાગર'ની પત્રરેષા દ્વારા 'સાગર'નું સ્થાન નિશ્ચિત થયું છે. ભારતીય તત્વવિચારણાનો નિષ્કર્ષ ગુજરાતી સાહિત્યમાં સર્વપ્રથમ આપવાનું માન પત્રલેખક સાગર ને ફાળે જાય છે. અને "'સાગર' ની પત્રરેષા" મૌલિક ગદ્યકૃતિનું ગૌરવ પ્રાપ્ત કરે છે.

ચિન્તનાત્મક ગદ્યકારોમાં 'સાગર'નું સ્થાન વિશિષ્ટ પ્રકારનું છે. પરમતત્વની પોતાની જીવનશોધ માટેની એકનિષ્ઠા, અનન્ય પ્રેમ અને દ્રઢશ્રધ્ધા ધ્વારા આત્મસાધનાનું સાફલ્ય અને તેનો આનંદ અનુભવનાર નરસિંહ, મીરાં, કબીર તેમ જ અખાની કોટિમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરતાં, આત્માનુભવી સંત સાગરે "'સાગર' ની પત્રરેષા" ધ્વારા પોતાના બ્રાહ્મીજીવનની અનુભૂતિને શબ્દદેહ અર્પ્યો છે. અદ્વૈતવાદના સિધ્ધાન્તોનું લોકભોગ્ય શૈલીમાં સાગરે કરેલું નિરૂપણ 'સાગર' ની પવિત્ર સાધુજીવનની તેમ જ તેમના વ્યકિતત્વના વિવિધ રંગોની પ્રબળ છાપ પણ ઉપસાવે છે. તત્વજ્ઞાન માટે એકનિષ્ઠાથી ગંભીરપણે વિચાર કરનાર ચિંતનાત્મક ગદ્યકારો 'કાન્ત', મણિલાલ, પ્રો. આનંદશંકર ધ્રુવ વગેરે કરતાં આ દ્રષ્ટિએ સંત 'સાગર'નું આસન ઊંચું હોઇ, એમની સાથે સમાન ભૂમિકા ઉપર મૂકી શકાય તેમ નથી. "'સાગર' ની પત્રરેષા", ધ્વારા અર્વાચીન યુગના ચિન્તનાત્મક ગદ્યકારોમાં આત્માનુભવી સંત 'સાગર' પત્રલેખક તરીકે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરે છે.

---000---